ઓસ્કાર એવોર્ડ - 2022




# E-COPY

(MARCH-2022)

# વર્તમાન પ્રવાહો

: DATE :
01/03/2022 to 31/03/2022

યુક્રેનમાં ફસાયેલા ભારતીય નાગરિકો પરત લાવવા ઓપરેશન ગંગા શરૂ કર્યું.




દેશની પ્રથમ ડિજિટલ વૉટર બેંક એક્વેરિયમ લોંચ કરવામાં આવી.




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને
ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ
મેળવવા માટે નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/BankingAcademy

FACEBOOK
Like | Comment | Subscribe
Banking Academy

Instagram
Banking Academy

YouTube
Banking Academy

## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **ભારતીય રેલવેએ ઉધમપુર–શ્રીનગર–બારામુલ્લા રેલ લિંક (USBRL) પ્રોજેક્ટ અંતર્ગત T-49ની મુખ્ય અને સૌથી લાંબી સુરંગને જોડી હતી.**

→ T-49 સુરંગ (ટનલ) USBRL પ્રોજેક્ટના કટરા–બનિહાલ સેક્શનના સુંબર અને અર્પિંચલા સ્ટેશન વચ્ચે છે. તે 12.758 કિ.મી. લાંબી સુરંગ છે, જે ભારતીય રેલવેની સૌથી લાંબી સુરંગ બનવા જઈ રહી છે. તેણે 11.2 કિ.મી. લાંબી પીર પંજાલ ટનલને પાછળ છોડી દીધી છે, જેનું નિર્માણ USBRL દ્વારા બનિહાલ–કાઝીગુંડ સેક્શન પર કરાયું છે.

→ ટનલ T-49નું દક્ષિણ પોર્ટલ સુંબર ગામમાં સ્થિત છે. તે જિલ્લા મુખ્યાલય રામબનથી 45 કિ.મી. દૂર છે. તેનું નિર્માણ 1,400 મીટરની ઊંચાઈએ કરાયું છે, જ્યારે સુરંગનું ઉત્તર પોર્ટલ મહૂ–મંગત ખીણમાં 1,600 મીટરની ઊંચાઈએ અર્પિંચલા ગ્રામ તહસિલ ખારી પાસે સ્થિત છે.

→ T-49 ટનલ 272 કિ.મી. લાંબા ઉધમપુર–શ્રીનગર–બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટનો ભાગ છે. તે ખીણને શેષ ભારત સાથે જોડશે. તે કેન્દ્રશાસિત પ્રદેશ માટે એક વૈકલ્પિક સપાટી લિંક પ્રદાન કરે છે.

❖ **ઓપરેશન 'નન્હે ફરિશ્તે' અંતર્ગત રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ જાન્યુઆરી 2022થી દેશભરના રેલવે સ્ટેશનો પરથી 1,000 થી વધુ બાળકોને બચાવ્યા છે.**

→ RPFએ એકલા મળી આવેલા અથવા રેલવે સ્ટેશનો પર ત્યજી દેવાયેલા 1,045 બાળકોને બચાવ્યા છે. તેમાં 701 છોકરાઓ અને 344 છોકરીઓ હતી. RPF અનુસાર, દર વર્ષે રેલવે સ્ટેશનો પરથી કેટલાય બાળકોના અપહરણ થઈ જાય છે. બાદમાં તેઓનું શારીરિક શોષણ અને તસ્કરી કરાય છે. વર્તમાનમાં, દેશના 132 રેલવે સ્ટેશનો પર ચાઈલ્ડ હેલ્પ ડેસ્ક કાર્યરત્ છે.

❖ **શહેરી બાબતોના મંત્રાલયે 'લાભાર્થીઓ સે રૂબરૂ' પહેલ અંતર્ગત વર્ચ્યુઅલ મોડમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી.**

→ આ પહેલ લાભાર્થીઓ સાથે સીધો વાર્તાલાપ યોજીને મિશન અંતર્ગત પ્રોજેક્ટોની પ્રગતિની દેખરેખ માટે શરૂ કરાઈ છે. આ સત્રમાં, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવે આસામ, કેરળ તથા ઝારખંડના પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી જેથી તેમના સશક્તિકરણની ગાથાઓ તથા પોતાનું ખુદનું પાકું ઘર મળ્યા બાદ જીવન બદલનારા અનુભવો અંગે જાણી શકાય. તેમના ઘરોનો વર્ચ્યુઅલ (આભાસી) પ્રવાસ પણ કરાયો હતો.

→ આઝાદી કા અમૃત મહોત્સવના એક ભાગ તરીકે 'લાભાર્થીઓ સે રૂબરૂ' પહેલની યોજના ઘડાઈ હતી. તેને સપ્ટેમ્બર 2021માં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા લોન્ચ કરાઈ હતી.

❖ **કેન્દ્ર સરકારે 2024 સુધીમાં કૃષિ ક્ષેત્રમાં ડિઝલને પુનઃ પ્રાપ્ય ઊર્જા (અક્ષય ઊર્જા)થી બદલવાનું લક્ષ્ય રાખ્યું છે.**

→ આ લક્ષ્ય 2030 સુધીમાં બિનઅશ્મિભૂત ઈંધણની ભાગીદારી વધારવા અને 2070 સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જક બનવાની સરકારની પ્રતિબદ્ધતા અનુરૂપ નિર્ધારિત કરવામાં આવ્યું છે. PM-KUSUM યોજનાના માધ્યમથી કેન્દ્ર સરકાર કૃષિને સૌર ઊર્જાથી ચલાવવા માટે એક યોજના પણ ચલાવી રહી છે.

→ આ યોજના અંતર્ગત ખેડૂતોને પોતાની ઉજ્જડ જમીન પર સ્થાપિત સૌર ઊર્જા પ્રોજેક્ટના માધ્યમથી ઉત્પન્ન વધારાની વિદ્યુત ગ્રિડને વેચવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ યોજના 2022 સુધીમાં 30.8 GW ની સૌર ક્ષમતા જોડવાનો પ્રયાસ કરી રહી છે.

❖ **કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે વર્ષ 2026 સુધી રાષ્ટ્રીય ઉચ્ચત્તર શિક્ષણ અભિયાન (RUSA) યોજનાને ચાલુ રાખવા મંજૂરી આપી છે.**

→ રૂસા કેન્દ્ર પ્રયોજિત યોજના છે. જે સમાનતા, ઉત્કૃષ્ટતા જેવા ઉદ્દેશો પ્રાપ્ત કરવા રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ અને કોલેજોને ફંડ પૂરું પાડવા શરૂ કરવામાં આવી હતી. રુસાને સૌથી વધુ વંચિત વિસ્તારો અને સામાજિક લાભ માટે તથા ઓછી સેવાવાળા વિસ્તારો, મુશ્કેલીજનક ભૌગોલિક વિસ્તારો, દૂરસુદુરના વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો, ટિયર–2ના શહેરો, આકાંક્ષી જિલ્લા વગેરે સુધી વિસ્તાર કરાશે. રુસાના વિસ્તાર સાથે રાજ્ય સરકારોને કૌશલ્ય સુધારા અને વ્યવસાયિકરણના માધ્યમથી વિકાસ, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી, ઈક્વિટી પહેલ અને રોજગાર ક્ષમતામાં વધારા માટે પ્રોત્સાહન પૂરું પડાશે.

→ RUSA એ ઉચ્ચ શિક્ષણના વિકાસ માટેની એક સંપૂર્ણ યોજના છે. જેની શરૂઆત વર્ષ 2013માં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. જેને દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં યોગ્યરૂપે નાણાકીય સહાયતા આપવાના હેતુસર શરૂ કરવામાં આવી હતી.

❖ **ત્રીજા નેશનલ યુથ પાર્લામેન્ટ ફેસ્ટિવલ (NYPF)ના રાષ્ટ્રીય રાઉન્ડનું આયોજન 10મી અને 11મી માર્ચ 2022ના રોજ કરવામાં આવ્યું.**

→ રાષ્ટ્રીય યુવા સંસદ મહોત્સવ 2017માં પીએમ મોદીએ તેમના 'મન કી બાત' સંબોધનમાં શેર કરેલા વિચાર પર આધારિત છે. પીએમ માનતા હતા કે યુવાનોએ ભારતનો અવાજ બનવો જોઈએ.

→ NYPF ની પ્રથમ આવૃત્તિ 2019 માં હાથ ધરવામાં આવી હતી. ભારતના દરેક જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા 56 ફાઈનલિસ્ટ અને 700 પ્રતિનિધિઓએ રાષ્ટ્રીય યુવા સંસદમાં ભાગ લીધો હતો.

→ NYPF ની ત્રીજી આવૃત્તિ 14 ફેબ્રુઆરી 2022 ના રોજ જિલ્લા સ્તરે વર્ચ્યુઅલ મોડ દ્વારા શરૂ કરવામાં આવી હતી. દેશભરમાંથી લગભગ 2 લાખ 44 હજાર યુવાનોએ જિલ્લા યુવા સંસદ (DYPs) માં ભાગ લીધો હતો અને ત્યારબાદ રાજ્ય યુવા સંસદો આવે છે. ટોચના ત્રણ રાષ્ટ્રીય વિજેતાઓને લોકસભાના અધ્યક્ષ સમક્ષ બોલવાની તક મળશે.

❖ **તાજેતરમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા 'જેન્ડર ડાયલોગ'ની ત્રીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ દીનદયાળ અંત્યોદય યોજના–રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ 'લિંગ સંવાદ' એક રાષ્ટ્રીય પહેલ છે. 'જેન્ડર ડાયલોગ' પહેલનો હેતુ સમગ્ર ભારતમાં DAY-NRLMના હસ્તક્ષેપ અંગે લિંગ લેન્સ સાથે જાગૃતિ લાવવાનો છે. 'જેન્ડર ડાયલોગ'ની ત્રીજી આવૃત્તિની થીમ 'મહિલાઓના સમૂહો દ્વારા ખોરાક અને પોષણ સુરક્ષાને પ્રોત્સાહન' છે.

→ રાજ્ય ગ્રામીણ આજીવિકા મિશન (SRLM) ના 3000થી વધુ કર્મચારીઓ અને 34 રાજ્યોમાંથી સ્વ–સહાય જૂથો (SHGs)ના સભ્યોએ 'લિંગ સંવાદ'ની ત્રીજી આવૃત્તિમાં ભાગ લીધો હતો.

→ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (8 માર્ચ, 2022) સપ્તાહ દરમિયાન 7 થી 13 માર્ચ 2022 દરમિયાન આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગ્રામીણ વિકાસ મંત્રાલયના પ્રતિષ્ઠિત સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે 'જેન્ડર ડાયલોગ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠિત સપ્તાહની ઉજવણીની થીમ 'નારી ભારત કી નારી' છે અને સત્તાવાર હેશટેગ #NayeBharatKiNaari છે.

❖ **રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા 1લી થી 7મી માર્ચ 2022 દરમિયાન જનઔષધિ દિવસનું આયોજન કરવામાં આવ્યું.**

→ ચોથો જન ઔષધિ દિવસ 7મી માર્ચે ઉજવવામાં આવ્યો. માર્ચ 2025ના અંત સુધીમાં, ભારત સરકારે પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રો (PMBJKs)ની સંખ્યા વધારીને 10,500 કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે.

→ આ ચોથી જન ઔષધિ દિવસની થીમ "જન ઔષધિ – જન ઉપયોગી" છે.

❖ **સાહિત્ય અકાદમીનો સાહિત્ય ઉત્સવ જે 'સાહિત્યોત્સવ' તરીકે જાણીતો છે તે ભારતનો સૌથી વ્યાપક સાહિત્યિક ઉત્સવ છે. તેનું આયોજન નવી દિલ્હીમાં 10 થી 15 માર્ચ 2022 દરમિયાન કરવામાં આવ્યું.**

→ આ તહેવાર ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની યાદમાં ઉજવવામાં આવી રહ્યો છે. તેની ઘટનાઓ સ્વતંત્રતા અથવા સ્વતંત્રતા ચળવળ પર આધારિત છે. આ ઉત્સવની શરૂઆત સંસ્કૃતિ રાજ્ય મંત્રી રામ મેઘવાલ દ્વારા અકાદમી પ્રદર્શનના ઉદ્ઘાટન સાથે થઈ હતી.

→ અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત 24 ભારતીય ભાષાઓનું પ્રતિનિધિત્વ કરતા 26 યુવા લેખકો 'ધ રાઈઝ ઓફ યંગ ઈન્ડિયા' કાર્યક્રમમાં ભાગ લીધો. પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કારો 11 માર્ચે 24 પુરસ્કારોને એનાયત કરવામાં આવ્યા.

→ સાહિત્ય અકાદમી એ ભારતીય ભાષાઓમાં સાહિત્યના પ્રચાર માટે સમર્પિત સંસ્થા છે. તેની સ્થાપના 12 માર્ચ 1954 ના રોજ થઈ હતી. તેનું મુખ્ય મથક રવીન્દ્ર ભવન, દિલ્હી ખાતે છે.

❖ **ભારતીય રેલ્વેના પ્રથમ 'ગતિ શકિત' કાર્ગો ટર્મિનલનું ઈસ્ટર્ન રેલ્વેના આસનસોલ ડિવિઝનમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.**

→ આ કાર્ગો સુવિધાથી રેલવેની આવકમાં દર મહિને આશરે રૂા. 11 કરોડનો વધારો થવાની ધારણા છે. ભારતીય રેલ્વેના આસનસોલ વિભાગે 'ગતિ શકિત મલ્ટીમોડેલ કાર્ગો ટર્મિનલ' (GCT) ખાતે વડાપ્રધાનના વિઝન અને રેલ્વે મંત્રાલયની નીતિ અનુસાર થાપરનગર, ઝારખંડ ખાતે મૈથાન પાવરની ખાનગી સાઈડિંગ સફળતાપૂર્વક કાર્યરત કરી છે.

→ ડિસેમ્બર 2021માં GCT પોલિસીની શરૂઆત થઈ ત્યારથી, ભારતીય રેલ્વે દ્વારા આ પ્રકારનું પ્રથમ ટર્મિનલ શરૂ કરવામાં આવ્યું છે.

❖ **તાજેતરમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) નો 37મો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો.**

→ NCRBની સ્થાપના વર્ષ 1986માં કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ પોલીસ તંત્રને માહિતી ટેકનોલોજી સોલ્યુશન્સ અને ગુનાહિત ગુપ્ત માહિતી પ્રદાન કરીને ભારતીય પોલીસમાં કાયદો અને વ્યવસ્થાને અસરકારક રીતે લાગુ કરવા સક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી.

❖ **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા NIMHANS બેંગલુરુના સહયોગથી 'સ્ત્રી મનોરક્ષા પ્રોજેક્ટ' શરૂ કરવામાં આવ્યો છે.**

→ તે સમગ્ર ભારતમાં મહિલાઓના માનસિક સ્વાસ્થ્યને સુધારવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ OSC (વન–સ્ટોપ સેન્ટર) કાર્યકર્તાઓની ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. કોવિડ સમયગાળા દરમિયાન વન સ્ટોપ સેન્ટરોએ ખૂબ સારું કામ કર્યું છે. હાલમાં દેશમાં 700 OSC કાર્યરત છે.

→ મહિલાઓ વન–સ્ટોપ સેન્ટર પર મેડિકલ, કાનૂની અને ફોજદારી મુદ્દાઓ પર મદદ મેળવી શકે છે. તાલીમ કાર્યક્રમને સમજવામાં સરળતા રહે તે માટે તમામ પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

❖ **"રૂરકી જલ સંમેલન 2022" ની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન 2 માર્ચ, 2022ના રોજ કેન્દ્રીય જલ શકિત મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કર્યું હતું.**

→ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, રૂરકી દ્વારા કોન્કલેવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. 2 માર્ચથી 4 માર્ચ, 2022 દરમિયાન આઈઆઈટી રૂરકી અને નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ હાઈડ્રોલોજી દ્વારા સંયુકત રીતે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્કલેવ જળ સુરક્ષાને સમજવા અને તેના ઘણા પાસાઓને સામાજિક વિકાસના મુખ્ય ઘટક તરીકે ટકાઉ જળ સંસાધન વ્યવસ્થાપનને સમર્થન આપવા પર કેન્દ્રિત હતું.

→ કોન્કલેવની થીમ "ટકાઉ વિકાસ માટે જળ સુરક્ષા" પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

❖ **સુશાસન વિશે નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે, MyGov એ "સબકા વિકાસ મહાકિવઝ" શ્રેણી શરૂ કરી છે. તે 1 માર્ચ 2022 ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.**

→ સબકા વિકાસ મહાકિવઝ એક વર્ષ લાંબો પ્રોજેક્ટ છે. તેમાં 14 એપિસોડનો સમાવેશ થાય છે અને Quiz.MyGov.in પર હોસ્ટ કરવામાં આવશે.

→ "સબકા વિકાસ મહાકિવઝ સિરીઝ" નો ઉદ્દેશ્ય સહભાગીઓને અનેક સરકારી યોજનાઓ અને પહેલો વિશે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો હતો. સરકાર સમાજના ગરીબ અને સીમાંત વર્ગો સહિત તમામ નાગરિકોના સર્વાંગી કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા ભારતના તમામ નાગરિકો માટે મૂળભૂત જરૂરિયાતો સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહી છે.

→ આ પોર્ટલ પર કુલ 14 કિવઝ છે. લોકો ફલેગશિપ પ્લાન પર કુલ 14 કિવઝમાંથી પસંદ કરી શકે છે. દરેક નવી કિવઝ અગાઉની કિવઝના અંત પછી શરૂ કરવામાં આવશે. તે હિન્દી, અંગ્રેજી અને અન્ય તમામ મુખ્ય ભાષાઓમાં ઉપલબ્ધ હશે. દર અઠવાડિયે ટોચના 1000 વિજેતાઓની જાહેરાત કરવામાં આવશે. દરેક વિજેતાને રૂ. 2000 મળશે. પ્રતિભાગી માત્ર એક જ વાર કિવઝમાં ભાગ લઈ શકશે.

❖ **મિશન ઈન્દ્રધનુષ 4.0 અંતર્ગત સફળ COVID-19 રસીકરણમાં ઓડિશા દેશમાં 90.5% કવરેજ સાથે સંપૂર્ણ રસીકરણનું સૌથી વધુ કવરેજ ધરાવતું પ્રથમ રાજ્ય બન્યું છે.**

→ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)-5 અનુસાર, 90.5% કવરેજ સાથે સંપૂર્ણ રસીકરણ કવરેજમાં ઓડિશા રાષ્ટ્રીય સ્તરે ટોચ પર છે. 7 માર્ચે રાજ્યભરમાં શરૂ કરાયેલ ઈન્ટેન્સિફાઈડ મિશન ઈન્દ્રધનુષ (IMI) 4.0 પર સમીક્ષા બેઠક દરમિયાન, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ આર.કે.શર્માએ તેનો ઉલ્લેખ કર્યો હતો. ઓડિશાના 20 જિલ્લાઓ સંપૂર્ણ રસીકરણમાં 90% થી વધુ હતા, જ્યારે બાકીના 10 જિલ્લા 90% થી ઓછા હતા.

→ સંપૂર્ણ રસીકરણમાં 12 વિવિધ પ્રકારના રોગો સામે નિવારક ડોઝનો સમાવેશ થાય છે. આ રોગમાં ક્ષય રોગ, પોલિયો, ડિપ્થેરિયા, કમળો, ટિટાનસ, ડૂબકી ખાંસી, મેનિન્જાઈટિસ, એચઆઈવી, ઓરી, ન્યુમોનિયા, ઝાડા, રૂબેલા, જાપાનીઝ તાવ અને અન્યનો સમાવેશ થાય છે.

→ મિશન ઈન્દ્રધનુષ એ ભારત સરકારની આરોગ્ય સંભાળ પહેલ છે. તે સૌપ્રથમ 25 ડિસેમ્બર, 2014 ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ યોજના ભારતમાં 90% સંપૂર્ણ રસીકરણ કવરેજ હાંસલ કરવા અને તેને વર્ષ 2022 સુધી જાળવી રાખવા માંગે છે.

→ સઘન મિશન ઈન્દ્રધનુષ (IMI) 4.0 તાજેતરમાં આરોગ્ય મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. તે સુનિશ્ચિત કરશે કે રસી વગરના અને આંશિક રીતે રસી અપાયેલ બાળકો તેમજ સગર્ભા સ્ત્રીઓ નિયમિત રસીકરણ સેવાઓ મેળવે છે. આ અભિયાન હેઠળ બે વર્ષ સુધીના બાળકોને આવરી લેવામાં આવશે.

❖ **દેશના નાગરિકોમાં સ્વતંત્રતા અને સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે 5 માર્ચ, 2022 ના રોજ સ્વચ્છાગ્રહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ સુલભ ઈન્ટરનેશનલના સહયોગથી આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય, સંસ્કૃતિ મંત્રાલય અને જલ શકિત મંત્રાલય દ્વારા સ્વચ્છાગ્રહ પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આઝાદી કા અમૃત મહોત્સવના નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય "સ્વચ્છતા, સ્વતંત્રતા અને સુલભતા" અંગે જાગૃતિ લાવવાનો છે. આ પ્રસંગે અમૃત મહોત્સવમાં ફિલ્મનું સ્પેશિયલ સ્ક્રીનીંગ પણ કરવામાં આવ્યું હતું. પેનલ ચર્ચા દરમિયાન સ્વચ્છતાના વિચારને આગળ વધારવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

❖ **PM મોદીએ 23 માર્ચ 2022 ના રોજ વિક્ટોરિયા મેમોરિયલ હોલ, કોલકાતા ખાતે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'વિપ્લવી ભારત ગેલેરી'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ વડાપ્રધાને કાર્યક્રમના પ્રારંભ સમયે સભાને પણ સંબોધિત કરી હતી. શહીદ દિન નિમિત્તે આ ગેલેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને આ દિવસે અંગ્રેજો દ્વારા ફાંસી પર લટકેલા ભગત સિંહ, રાજગુરુ અને સુખદેવને પણ શ્રદ્ધાંજલિ આપી હતી.

→ આ નવી ગેલેરી દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાનને પ્રદર્શિત કરશે. આ ગેલેરી 1947માં દેશની સ્વતંત્રતા તરફ દોરી ગયેલી વિવિધ ઘટનાઓ પર એક સર્વગ્રાહી દૃશ્ય પણ પ્રદાન કરશે.

→ આ ગેલેરીમાં અંગ્રેજો સામેના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર ભારતીય ક્રાંતિકારીઓના યોગદાનને પણ દર્શાવવામાં આવશે. સંસ્થાનવાદી શાસન સામે તેમનો સશસ્ત્ર પ્રતિકાર પણ આ ગેલેરીમાં દર્શાવવામાં આવશે. આ નવી ગેલેરી દેશમાં સ્વતંત્રતા ચળવળને આગળ વધારનાર બૌદ્ધિક તેમજ રાજકીય પૃષ્ઠભૂમિનું નિરૂપણ કરશે.

❖ **CRPFનો 83મો સ્થાપના દિવસ 19 માર્ચ, 2022ના રોજ ઉજવવામાં આવ્યો.**

→ આ અવસર પર કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ જમ્મુમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ની 83મી રાઈઝિંગ ડે પરેડમાં ભાગ લીધો હતો.

→ નોંધનીય છે કે આ પહેલીવાર બન્યુ કે CRPF નો સ્થાપના દિવસ રાષ્ટ્રીય રાજધાનીની બહાર તેનો રાઈઝિંગ ડે ઉજવ્યો. અમિત શાહ જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં CRPFની રાઈઝિંગ ડે પરેડને સંબોધિત કરી.

❖ **24 થી 27 માર્ચ, 2022 દરમિયાન ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) અને, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) મંત્રાલય દ્વારા હૈદરાબાદના બેગમપેટ એરપોર્ટમાં વિંગ્સ ઈન્ડિયા 2022નું આયોજન કરવામાં આવ્યું.**

→ નાગરિક ઉડ્ડયન (વાણિજ્યિક, સામાન્ય અને વાણિજ્યિક ઉડ્ડયન) પર તે એશિયાની સૌથી મોટી ઈવેન્ટ છે. વિંગ્સ ઈન્ડિયા 2022નો ઉદ્દેશ દેશને વિશ્વના ટોચના ઉડ્ડયન હબમાં પરિવર્તિત કરવાની ભારતની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે. તે નવા બિઝનેસ એકિવઝિશન, રોકાણો, નીતિ નિર્માણ અને પ્રાદેશિક કનેકિટવિટી પર ધ્યાન કેન્દ્રિત કરીને ઝડપથી બદલાતી ગતિશીલતા માટે અનુકૂળ પ્લેટફોર્મ પ્રદાન કરવાનો હેતુ ધરાવે છે.

❖ **પાવર અને સંલગ્ન ક્ષેત્રો માટે સરકાર દ્વારા 'પાવર ફાઉન્ડેશન'ની સ્થાપના કરવામાં આવી.**

→ પાવર ફાઉન્ડેશન એ પાવર મંત્રાલયના નેજા હેઠળ રચાયેલી અને સોસાયટી છે. આ પાવરગ્રીડ NTPC, REC, PFC, NHPC, THDC અને SJVN જેવા મુખ્ય પાવર સેકટર સેન્ટ્રલ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ દ્વારા સોસાયટી એકટ હેઠળ નોંધાયેલ છે.

→ પાવર ફાઉન્ડેશનનો હેતુ ભારતને સ્વચ્છ ઊર્જા સ્ત્રોતો તરફ આગળ વધવામાં મદદ કરવાનો છે. તે રાજ્ય સરકારો અને વ્યવસાયોને અદ્યતન સંશોધનમાં મદદ કરશે. તે પોલિસી બોડી તરીકે કામ કરશે અને રાજ્યોને તમામ માટે ટકાઉ ઊર્જા પ્રદાન કરવામાં મદદ કરવા ડેટા, નીતિ અને ભલામણો પ્રદાન કરશે.

❖ **10મી માર્ચે 'કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ' (CISF) નો 53મા રાઈઝિંગ ડેનું આયોજન કરવામાં આવ્યું.**

→ 'કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ' એ કેન્દ્રીય સશસ્ત્ર દળ છે જેની રચના કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ અધિનિયમ, 1968 હેઠળ કરવામાં આવી હતી. તે કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળના ભારતના છ અર્ધલશ્કરી દળોમાનું એક છે.

→ CISF ની સ્થાપના 10 માર્ચ, 1969ના રોજ કરવામાં આવી હતી અને CISF એકટ, 1968 હેઠળ કુલ ત્રણ બટાલિયન ઊભી કરવામાં આવી હતી. તે સમગ્ર ભારતમાં સ્થિત ઔદ્યોગિક એકમો, સરકારી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ અને સુવિધાઓ અને સંસ્થાઓને સુરક્ષા પૂરી પાડે છે.

❖ **તાજેતરમાં હોસ્ટ કન્ટ્રી એગ્રીમેન્ટ (HCA) પર કેન્દ્રીય સંચાર મંત્રી અને ઈન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU)ના મહાસચિવે હસ્તાક્ષર કર્યા હતા.**

→ આ અંતર્ગત નવી દિલ્હીમાં ITUની પ્રાદેશિક કચેરી અને ઈનોવેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. ભારતમાં વિકસિત 5Gi ધોરણોને ITU દ્વારા 5G માટેની ત્રણ ટેકનોલોજીમાંથી એક તરીકે સ્વીકારવામાં આવ્યા છે.

→ 5Gi એ IIT હૈદરાબાદ દ્વારા ડિઝાઈન કરાયેલ સ્થાનિક રીતે ડિઝાઈન કરાયેલ ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક છે. આ કરાર પ્રાદેશિક કાર્યાલયની સ્થાપના અને સંચાલન માટે કાનૂની અને નાણાકીય માળખું પૂરું પાડે છે. નવી દિલ્હીમાં સ્થાપિત ITU ની એરિયા ઓફિસ અને ઈનોવેશન સેન્ટર દક્ષિણ એશિયાના દેશો જેમ કે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ઈરાન, માલદીવ, નેપાળ, શ્રીલંકા અને ભારતને સેવાઓ પ્રદાન કરશે.

→ આ પ્રાદેશિક કચેરીઓમાં એક નવીનતા કેન્દ્ર પણ હશે, જે દક્ષિણ એશિયામાં ટેલિકોમ્યુનિકેશન ટેકનોલોજીમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે.

❖ **ભારતીય બહુરાષ્ટ્રીય શૈક્ષણિક ટેકનોલોજી કંપની Byju's ની 24 માર્ચે FIFA વર્લ્ડ કપ 2022ના સત્તાવાર પ્રાયોજક તરીકે જાહેરાત કરવામાં આવી હતી.**

→ આ સાથે બાયજુ ફિફા વર્લ્ડ કપમાં સામેલ થનારી પ્રથમ ભારતીય કંપની બની છે. હવે, Byju's અનન્ય પ્રમોશન બનાવવા માટે FIFA વર્લ્ડ કપના ચિહ્નો, પ્રતીકો અને સંપત્તિઓનો ઉપયોગ કરી શકશે.

→ ફૂટબોલ વર્લ્ડ કપ 2022નું આયોજન કતારમાં થશે. આ ટુર્નામેન્ટ 21 નવેમ્બર, 2022 થી 18 ડિસેમ્બર, 2022 દરમિયાન યોજાશે. આ પહેલો ફૂટબોલ વર્લ્ડ કપ છે જેનું આરબ વિશ્વમાં આયોજન કરવામાં આવી રહ્યું છે.

❖ **2021માં, ભારતમાં ક્ષય રોગ (ટીબી)ના કેસોમાં પાછલા વર્ષની સરખામણીમાં 19% નો વધારો થયો છે.**

→ ઈન્ડિયા ટીબી રિપોર્ટ 2022માં આ માહિતી સામે આવી છે. આ રિપોર્ટ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો.મનસુખ માંડવિયાએ જાહેર કર્યો છે. વર્ષ 2021 દરમિયાન ટીબીના દર્દીઓની કુલ સંખ્યા 19,33,381 હતી. વર્ષ 2020માં આ સંખ્યા 16,28,161 હતી.

→ ભારતમાં 2019 અને 2020 ની વચ્ચે તમામ પ્રકારના લક્ષ્ય રોગના કારણે મૃત્યુદર 11% વધ્યો છે. વર્ષ 2020 માટે અંદાજિત ટીબી સંબંધિત મૃત્યુની કુલ સંખ્યા 4.93 લાખ હતી, જે 2019ના અંદાજ કરતા 13% વધુ છે. 2019માં ભારતમાં અગાઉના વર્ષની સરખામણીમાં ટીબી સંબંધિત કેસોમાં 11% નો વધારો નોંધાયો હતો.

→ ભારતમાં વર્ષ 2021માં તમામ પ્રકારના ટીબીનો વ્યાપ દર એક લાખની વસ્તીએ 312 હતો. સૌથી વધુ વ્યાપ દિલ્હીમાં પ્રતિ એક લાખ 747 સાથે જ્યારે સૌથી ઓછો ગુજરાતમાં પ્રતિ એક લાખની વસ્તી 137 સાથે હતો.

❖ **તાજેતરમાં શિલોંગમાં આસામ રાઈફલ્સનો 187મો રાઈઝિંગ ડે ઉજવવામાં આવ્યો હતો.**

→ આસામ રાઈફલ્સ ઉત્તર–પૂર્વ સરહદની સુરક્ષા સંભાળે છે અને તે દેશની સૌથી જૂની અર્ધલશ્કરી દળ છે. આસામ રાઈફલ્સ એ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો હેઠળનું કેન્દ્રીય અર્ધલશ્કરી દળ છે.

→ ઐતિહાસિક રીતે, આસામ રાઈફલ્સની રચના વર્ષ 1835માં ઉત્તરપૂર્વ ભારતમાં શાંતિ સ્થાપવાના ઉદ્દેશ્ય સાથે કછાર લેવી (Cachar Levy) તરીકે ઓળખાતી એક દળ તરીકે કરવામાં આવી હતી.

❖ **તાજેતરમાં ભારતીય એરપોર્ટ ઓથોરિટી (AAI) એ ભારત ઈલેકટ્રોનિકસ લિમિટેડ (BEL) સાથે તેના સંશોધન અને વિકાસ પહેલના ભાગરૂપે સંયુકત રીતે સ્વદેશી એર ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.**

→ આ કરાર હેઠળ, BEL અને AAI સંયુકત રીતે સિવિલ એર ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ATMS) સાથે એડવાન્સ્ડ–સર્ફેસ મૂવમેન્ટ ગાઈડન્સ એન્ડ કંટ્રોલ સિસ્ટમ (ASMGCS) વિકસાવશે જે તે એક જટિલ ગ્રાઉન્ડ સર્વેલન્સ સિસ્ટમ હશે જે એર ટ્રાફિકનું સંચાલન કરે છે. ટેક–ઓફથી લેન્ડિંગ સુધી સુરક્ષિત કામગીરી માટે એરપોર્ટ અને ભારતીય નાગરિક એરસ્પેસ કરે છે.

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) ને 6 મહિના માટે લંબાવી છે.**

→ PMGKAY (પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના)ને આ યોજનાના 5 તબક્કાના ભાગ રૂપે સપ્ટેમ્બર 2022 સુધી લંબાવવામાં આવી છે. આ યોજના 2020માં કોવિડ–19 રોગચાળા પછી શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ દર મહિને વ્યકિત દીઠ 5 કિલો અનાજ મફત આપવામાં આવે છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 'નેશનલ લેન્ડ મોનેટાઈઝેશન કોર્પોરેશન' (NLMC) અથવા 'રાષ્ટ્રીય જમીન મુદ્રીકરણ નિગમ'ની સ્થાપનાની મંજૂરી આપી છે.**

→ કેન્દ્રીય બજેટ 2021-22માં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા પ્રથમ વખત NLMCની દરખાસ્ત કરવામાં આવી હતી. NLMC હવે ભારત સરકારની સંપૂર્ણ માલિકીની કંપની તરીકે સ્થાપવામાં આવશે. NLMC ફાજલ જમીન સંપત્તિઓનું મુદ્રીકરણ કરવા માટે એક એજન્સી તરીકે કાર્ય કરશે આ સંદર્ભમાં કેન્દ્રને સહાય અને તકનીકી સલાહ આપશે. NLMC રૂા. 5000 કરોડની પ્રારંભિક અધિકૃત શેર મૂડી અને રૂા. 150 કરોડની પેઈડ–અપશેર મૂડી સાથે જાહેર કરવામાં આવી છે. NLMC ના બોર્ડ ઓફ ડિરેકટર્સમાં કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને કંપનીના વ્યવસાયિક સંચાલન અને સંચાલનને સક્ષમ કરવા માટે જાણીતા નિષ્ણાતોનો સમાવેશ થશે.

❖ **કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યના દક્ષિણ વિસ્તારનો 'નર્મદા–તાપી–પાર લિંક પ્રોજેકટ' સ્થગિત કર્યો.**

→ છેલ્લા કેટલાય સમયથી આ પ્રોજેકટનો વિરોધ થઈ રહ્યો હતો. જેથી કેન્દ્ર સરકારે આ નિર્ણયને સ્થગિત કર્યો છે. નોંધનીય છે કે આ પ્રોજેકટનો ઉલ્લેખ કેન્દ્રીય નાણા મંત્રીના બજેટ ભાષણ – 2022-23 માં કર્યો હતો.

→ આ પરિયોજનાને વર્ષ 2010માં મંજૂરી આપી હતી જ્યારે કેન્દ્ર સરકાર, ગુજરાત અને મહારાષ્ટ્રની વચ્ચે ત્રિપક્ષીય સમજૌતા પર હસ્તાક્ષર કર્યા હતા. કેન્દ્રીય નાણામંત્રીના ભાષણમાં રાજ્યોની સહમતીથી પાંચ નદી જોડો પરિયોજનાઓ શરૂ કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.

→ આ પરિયોજનાના નામો : (1) દમણગંગા–પિંજાલ, (2) પાર–તાપી–નર્મદા, (3) ગોદાવરી–કૃષ્ણા, (4) કૃષ્ણા–પેન્નાર, (5) પેન્નાર–કાવેરી

❖ **પ્રધાનમંત્રીના જણાવ્યા અનુસાર નહેરુ સંગ્રહાલયનું નામ બદલી તેને PM મ્યુઝિયમના નામે ઓળખવામાં આવશે.**

→ આ મ્યુઝિયમમાં દેશના તમામ 14 પૂર્વ વડાપ્રધાનોની સ્મૃતિઓને જાળવવામાં આવશે. પ્રધાનમંત્રી 14 એપ્રિલના રોજ ડો.આંબેડકરની 131 મી જન્મજયંતીના અવસરે PM સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કરશે. સાથે–સાથે બી.આ.આંબેડકર સંગ્રહાલયનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ મ્યુઝિયમ નવી દિલ્હી ખાતે બનાવવામાં આવશે.

❖ **24 માર્ચ, 2022 ના રોજ વિશ્વ ટીબી દિવસના અવસરે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, કેન્દ્રીય સ્વસ્થમંત્રી ડો.મનસુખ માંડવીયાની ઉપસ્થિતિમાં "સ્ટેપ અપ ટુ એન્ડ ટીબી 2022" શિખર સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું.**

→ "ટીબી મુકત ભારત" અભિયાનમાં અનુકરણીય યોગદાન આપવા માટે બધાને ટીબીવાળા બાળકોને દત્તક લેવા સ્વાસ્થ્ય મંત્રીએ વિનંતી કરી. જનભાગીદારી અને જન આંદોલન દ્વારા આપણે ટીબીને વર્ષ 2025 સુધી હરાવી ટીબી મુકત બનાવવાનો ધ્યેય હાંસલ કરી શકશું.

- **નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા 24 થી 27 માર્ચ 2022 દરમિયાન “હૈદરાબાદ” ખાતે “વિંગ્સ ઈન્ડિયા–2022” નું આયોજન કરવામાં આવ્યું.**
  - → વિંગ્સ ઈન્ડિયા 2022 એ નાગરિક ઉડ્ડયન (વાણિજ્યક સામાન્ય અને વ્યાપાર ઉડ્ડયન) પર એશિયાની સૌથી મોટી ઈવેન્ટ છે.
  - → થીમ : India@75 ઉડ્ડયન ઉદ્યોગ માટે નવી ક્ષિતિજ
  - → નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MOCA) અને FICCI દ્વારા સંયુક્ત રીતે વિંગ્સ ઈન્ડિયા – 2022 નું આયોજન કર્યું હતું.
- **કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ દસ દિવસીય મેગા ‘લાલ કિલ્લા ઉત્સવ – ભારત ભાગ્ય વિધાતા’નું ઉદ્ઘાટન કર્યું.**
  - → લાલ કિલ્લા ઉત્સવ – ભારત ભાગ્ય વિધાતા ભારતના હેરિટેજ સંરક્ષણ અને પ્રવાસનને પ્રોત્સાહન આપે છે. જે ભારતની વિવિધ સંસ્કૃતિઓને એક છત નીચે લાવે છે. સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે લાલ કિલ્લા મેગા ઉત્સવ–ભારત ભાગ્ય વિધાતાનું આયોજન કરવામાં આવ્યું.
- **પશ્ચિમી નૌસેના કમાનના મુખ્યાલયના આધીન 23 માર્ચ, 2022 ના રોજ મુંબઈ થી દૂર સ્થિત અપતટીય વિકાસ ક્ષેત્ર (ODA)માં એક અપતટીય સુરક્ષા અભ્યાસ “પ્રસ્થાન”નું આયોજન કર્યું.**
  - → અપતટીય સુરક્ષા અભ્યાસ ‘પ્રસ્થાન’નું આયોજન દર 6 મહિને કરવામાં આવે છે. આ અભ્યાસના આધારે નૌસેનાના નેતૃત્વમાં ભારતીય વાયુસેના, તટરક્ષક બળ, ONGC, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ, જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ (JNPT), સીમા શુલ્ક, રાજ્ય મત્સ્યપાલન વિભાગ, વ્યાપારિક સમુદ્રી વિભાગ અને સમુદ્રી પોલીસે ભાગ લીધો.
  - → આ અભ્યાસ મુંબઈના પશ્ચિમમાં લગભગ 38 નોટિકલ માઈલ સ્થિત ONGC ના B-193 પ્લેટફોર્મ પર આયોજિત કર્યું હતું.
- **કેન્દ્ર સરકારે 16મી માર્ચથી દેશભરમાં 12 થી 14 વર્ષની વય જૂથના તમામ બાળકોને કોરોનાની વેકિસન આપવાની શરૂઆત કરી.**
  - → નોંધનીય છે કે અત્યાર સુધી 15 વર્ષ કે તેથી મોટી ઉંમરના લોકોને જ વેકિસન આપવામાં આવતી હતી. આ સાથે સરકારે 60 વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો માટે વેકિસનનો ત્રીજો બુસ્ટર ડોઝ લેવા કોમોર્બિડિટીઝની શરત હટાવી છે. આમ હવે 60 વર્ષથી વધુ ઉંમરના તમામ સિનિયર સિટિઝન્સ કોરોનાની વેકિસનનો બૂસ્ટર ડોઝ લઈ શકશે.
- **તાજેતરમાં સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ‘સઘન મિશન ઈન્દ્રધનુષ (IMP) 4.0 ’ કાર્યક્રમ લોન્ચ કર્યો.**
  - → મિશન ઈન્દ્રધનુષ ભારત સરકારનું એક સ્વાસ્થ્ય મિશન છે. જેના આધારે ગર્ભવતી મહિલાઓ અને બાળકોને તીવ્ર ગતિથી વેકિસન પૂરી પાડવી.
  - → રાષ્ટ્રીય સ્તર પર મિશન ઈન્દ્રધનુષના આધારે આઠ પ્રકારની બિમારીને સામેલ કર્યું છે. જેમકે ડિપ્થીરિયા, કાલીખાંસી, ટેટનસ, પોલિયો, ઓરી, ટી.બી., હિપેટાઈટિસ–B જેવી ગંભીર રોગોની સામે વેકિસનેશન પ્રદાન કરવામાં આવે છે.
  - → હાલમાં આ મિશન અંતર્ગત 12 જીવલેણ બિમારીઓ સામે લડવા વેકિસન પુરી પાડવામાં આવે છે. આ અભિયાનમાં 0 થી 2 વર્ષના બાળકોને શામેલ કરવામાં આવે છે. તેમજ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે. મિશન ઈન્દ્રધનુષના પ્રથમ તબક્કાની શરૂઆત વર્ષ 2017માં થઈ હતી.
- **તાજેતરમાં કોંકળ રેલવેનું 100% વિદ્યુતીકરણ પૂર્ણ કરવામાં આવ્યું.**
  - → મહારાષ્ટ્રના રોહા અને કર્ણાટકના થોંકુરની વચ્ચે 741 કિમી રેલમાર્ગના વિદ્યુતીકરણનું કામ પૂર્ણ થયું.
- **યુવા કાર્યક્રમ અને રમત મંત્રાલયના મંત્રી દ્વારા અનુરાગ ઠાકરે દુબઈમાં Training for Emirates Jobs and Skills – TEJAS કાર્યક્રમની શરૂઆત કરી.**
  - → આ કાર્યક્રમ સ્કીલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ હેઠળ ભારતીયોને તાલીમ આપવાની એક પહેલ છે. જેથી તેઓ વિદેશમાં રોજગાર મેળવી શકે.
- **ભારતનો પ્રથમ સ્ટીલ સ્લૈગ રોડ ગુજરાતના સુરત શહેરમાં બનાવવામાં આવ્યો.**
  - → આ સ્ટીલ રોડ પૂરી રીતે સ્ટીલના કચરાથી બન્યો છે. આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા એ CSIR, કેન્દ્રીય સડક અનુસંધાન સંસ્થાન (CRRI), નીતિ આયોગના સહયોગથી તૈયાર થયો છે.

## આંતરરાજ્ય

- **પ્રવાસન મંત્રાલયે સ્વદેશ દર્શન યોજનાની રામાયણ સર્કિટમાં સીતામઢીના પુનૌરા ધામ સ્થળને સામેલ કર્યું છે.**
  - → પુનૌરા ધામ ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની PRASHAD (પિલગ્રિમેજ રિજુવેનેશન એન્ડ સ્પિરિચ્યુઅલ, હેરિટેજ ઓગમેન્ટેશન ડ્રાઈવ) યોજના અંતર્ગત સામેલ કરાયું છે. આ પ્રસ્તાવ બિહાર રાજ્ય સરકાર દ્વારા મૂકવામાં આવ્યો હતો. પુનૌરા ધામ બિહારના સીતામઢી જિલ્લામાં પુનૌરા ધામ ગામમાં આવેલું છે, જે માતા સીતાનું જન્મસ્થળ છે તથા ત્યાં મા જાનકી જન્મભૂમિ મંદિર આવેલું છે. મંદિર પરિસરમાં રામજાનકી મંદિર અને સીતાકુંડ નામક તળાવ અને હોલ સામેલ છે.
- **કેન્દ્રીય પોર્ટ્સ, શિપિંગ તથા વોટરવેઝ મંત્રી સર્બાનંદ સોનોવાલે તાજેતરમાં મહારાષ્ટ્રમાં મુંબઈ અને નવી મુંબઈ વચ્ચે ઝડપથી સંપર્કને સક્ષમ બનાવવા માટે ભારતની પહેલી વોટર ટેકસી સેવાનું ઉદ્ઘાટન કર્યું હતું.**
- **સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના રાજ્ય મંત્રી ડો. ભારતી પ્રવીણ પવારે મહારાષ્ટ્રના નાસિકમાં ભારત અને દક્ષિણ એશિયાની પહેલી જૈવ સુરક્ષા સ્તર–3 (BSL-3) કન્ટેનર મોબાઈલ પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું હતું.**
  - → વિવિધ સ્થળોએ જઈ શકતી મોબાઈલ પ્રયોગશાળા (હરતીફરતી પ્રયોગશાળા) એક જાહેર સ્વાસ્થ્ય સમાધાન પ્રદાન કરશે. તે પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર મિશન (PM-ABHIM)ના માધ્યમથી સ્વાસ્થ્ય સેવાના બુનિયાદી માળખાને મજબૂત કરવા માટે ભારત સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

❖ **તાજેતરમાં જ જમ્મુ અને કાશમીર રાષ્ટ્રીય એક બારી પ્રણાલી (નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ–NSWS)માં સામેલ થનારો પહેલો કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયો છે.**

→ કેન્દ્રશાસિત પ્રદેશમાં વ્યાપાર સુગમતા (ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ–EoDB)ની દિશામાં આ એક મોટું પગલું છે. NSWS ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ લેન્ડ બેંક (IILB) સાથે જોડાયેલી છે, જે જમ્મુ–કાશમીરના 45 ઔદ્યોગિક પાર્કોની મેજબાની કરે છે. તેનાથી રોકાણકારોને જમ્મુ–કાશમીરમાં ઉપલબ્ધ ભૂખંડને શોધવામાં મદદ મળશે.

❖ **આંધ્ર પ્રદેશ સરકારે કલીન આંધ્ર પ્રદેશ (CLAP)–'જગનના સ્વચ્છ સંકલ્પ કાર્યક્રમ' શરૂ કર્યુ છે.**

→ આંધ્રપ્રદેશ સરકારે ગ્રામીણ ક્ષેત્રોની સફાઈ, સ્વચ્છતાની સ્થિતિમાં સુધારો અને જાહેર ભાગીદારી સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે CLAP કાર્યક્રમ શરૂ કર્યો છે. આ અભિયાન અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રોને ખુલ્લામાં શૌચ મુકત (ODF) કરવાનો પણ પ્રયાસ કરાશે. આંધ્ર પ્રદેશ 2022ના અંત સુધીમાં ODF+ નો દરજ્જો મેળવવા માંગે છે. આંધ્ર પ્રદેશ સરકાર ઈચ્છે છે કે, રાજ્ય 2022ના અંત સુધીમાં કચરા મુકત થઈ જાય.

❖ **કેન્દ્ર સરકારે બીજી વખત જમ્મુ–કાશ્મીર સીમાંકન પંચના કાર્યકાળમાં વધારો કર્યો છે.**

→ આ પંચને કેન્દ્રશાસિત પ્રદેશના વિધાનસભા વિસ્તારોની ફેરવિચારણાનું કાર્ય સોંપાયું છે. આ પંચનો કાર્યકાળ બે મહિના વધારાયો હોવાથી તેનો સમયગાળો હવે 6 મે ના પૂર્ણ થશે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીરમાં સીમાંકન પ્રક્રિયા પૂરી થયા બાદ ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ સીમાંકન પંચની રચના 6 માર્ચ, 2020 ના કરાઈ હતી અને તેની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયાધીશ રંજના પ્રકાશ દેસાઈ કરી રહ્યો છે. જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન વિધેયક હેઠળ જમ્મુ–કાશ્મીરમાં વિધાનસભા બેઠકોની સંખ્યાની 107થી વધીને 114 થઈ જશે જેથી જમ્મુ વિસ્તારને લાભ થશે.

❖ **ભારત સરકારે મધ્ય પ્રદેશના હોશંગાબાદને નર્મદાપુરમ, શિવપુરીને કુંડેશ્વરધામ અને બાબઈને માખનનગર તરીકે 3 સ્થળોના નામ બદલવાની મંજૂરી આપી છે.**

→ વર્ષ 2021માં મધ્યપ્રદેશ સરકારે 3 સ્થળોના નામ બદલવાનો પ્રસ્તાવ મૂકયો હતો.

❖ **ભારતનો પ્રથમ વાણિજિયક બાયોમાસ આધારિત હાઈડ્રોજન પ્લાન્ટ મધ્ય પ્રદેશના ખાંડવા જિલ્લામાં સ્થાપવામાં આવ્યો છે.**

→ જે વાટોમો એનર્જી લિ. અને બીજલ ગ્રીન એનર્જીની સંયુકત પહેલ છે. આ પ્લાન્ટ દ્વારા પ્રતિદિવસ એક ટન હાઈડ્રોજન ઉત્પન્ન કરવામાં આવશે અને તે મિથેનનું ઉત્પાદન પણ કરવામાં આવશે. બાયોમાસ વીજળી અથવા ગરમી ઉત્પન્ન કરવા માટે ઈંધણના રૂપે ઉપયોગ કરવામાં આવનાર છોડ અથવા પશુ સામગ્રીથી ઉત્પન્ન થનારો અક્ષય ઊર્જા સ્ત્રોત છે.

❖ **કર્ણાટક સરકારના ઉચ્ચ શિક્ષણ, ઈલેકટ્રોનિકસ અને કૌશલ્ય વિકાસ મંત્રી ડો. સી.એન.અશ્વથ નારાયણે Women@Work (W@W) પ્રોગ્રામ શરૂ કર્યો છે.**

→ આ કાર્યક્રમ 8 માર્ચે મહિલા દિવસના અવસરે શરૂ કરવામાં આવ્યો હતો અને તે કોર્પોરેટ ઈવેન્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે જે મહિલા કર્મચારીઓને આકર્ષવામાં મદદ કરશે.

→ આ કાર્યક્રમ 2026 સુધીમાં આવશ્યક રોજગાર યોગ્ય કૌશલ્ય ધરાવતી મહિલાઓને 5 લાખ નોકરીઓ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો છે.

❖ **હરિયાણાના મુખ્ય પ્રધાન મનોહર લાલ ખટ્ટરે રાજયનું બજેટ રજૂ કરતી વખતે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ક્ષેત્રોમાં જીવનના વિવિધ ક્ષેત્રોમાં તેમની નોંધપાત્ર સિદ્ધિઓ અથવા યોગદાન માટે મહિલાઓ માટે 'સુષ્મા સ્વરાજ પુરસ્કાર'ની જાહેરાત કરી છે.**

→ સુષ્મા સ્વરાજ એવોર્ડમાં પ્રશસ્તિપત્ર સાથે 5 લાખ રૂપિયાની ઈનામી રકમ આપવામાં આવશે.

❖ **દિલ્હીમાં ઈલેકિટ્રક ઓટોની ખરીદી અને નોંધણી માટે દિલ્હી સરકાર દ્વારા ઓનલાઈન પોર્ટલ "My EV" શરૂ કરવામાં આવ્યું હતું.**

→ 'My EV પોર્ટલ' એ એક ઓનલાઈન પોર્ટલ છે જે દિલ્હી સરકાર દ્વારા કન્વર્જન્સ એનર્જી સર્વિસીસ લિમિટેડ (CESL)ના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે. આ પોર્ટલ તમામ વપરાશકર્તાઓ માટે પરિવહન વિભાગ, દિલ્હી સરકારની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

❖ **ત્રિપુરા સરકારે "મુખ્યમંત્રી કામદાર કલ્યાણ પ્રોજેકટ" નામની વિશેષ યોજનાની જાહેરાત કરી.**

→ આ યોજનાનો ઉદ્દેશ્ય ત્રિપુરાના લગભગ 7000 ચાના બગીચાના કામદારોની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ત્રિપુરા સરકાર અને કેન્દ્ર સરકારના લાભોને જોડીને ચાના બગીચાના કામદારોને આવાસ, રાશન અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. ત્રિપુરા સરકાર આ યોજનાના અમલ માટે 85 કરોડ રૂપિયા ખર્ચ કરશે.

❖ **દિલ્હી સરકાર યુવા ઉદ્યોગ સાહસિકોને મોટું પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે બિઝનેસ બ્લાસ્ટર્સ ઈન્વેસ્ટમેન્ટ સમિટ અને એકસપોનું આયોજન કર્યું.**

→ ઈવેન્ટ દરમિયાન, વિદ્યાર્થી સાહસિકો દ્વારા 100 કે તેથી વધુ બિઝનેસ આઈડિયા પ્રદર્શિત કરવામાં આવ્યા. આ વિવિધ રોકાણકારોને તેમની પસંદગીના પ્રોજેકટમાં સીધું રોકાણ કરવાની તક પૂરી પાડશે.

→ બિઝનેસ બ્લાસ્ટર્સ પ્રોગ્રામ વિશ્વની સૌથી મોટી સ્ટાર્ટ–અપ પહેલોમાંની એક છે. આ કાર્યક્રમ હેઠળ 3 લાખથી વધુ બાળકોને 60 કરોડની સીડ મની મળી છે. આ કાર્યક્રમના પ્રથમ તબક્કામાં નિષ્ણાતોની મદદથી ઝોનલ, શાળા અને જિલ્લા સ્તરેથી 1000 બિઝનેસ આઈડિયા પસંદ કરવામાં આવ્યા હતા.

❖ **મધ્યપ્રદેશ સરકારે તેની વાર્ષિક નાણાકીય યોજનાના ભાગરૂપે પ્રથમ વખત 'બાળકોનું બજેટ' રજૂ કર્યું.**

→ સરકારે 220 યોજનાઓ માટે રૂા. 57,803 કરોડ ફાળવ્યા છે જે 17 વિભાગો હેઠળ અમલમાં આવશે, જેમાં 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે શિક્ષણનો સમાવેશ થાય છે. મધ્યપ્રદેશ સરકારે નાણાકીય વર્ષ 2022-23 માટે તેનું બજેટ રજૂ કર્યુ.

❖ **કેરળના નિલામ્બુરથી વન ઉત્પાદનોની નવી બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી છે.**

→ નિલામ્બુર આદિવાસીઓ દ્વારા એકત્રિત કરાયેલ જંગલી મધ જેવી ગૌણ વન પેદાશોનું હવે અદાવી બ્રાન્ડ હેઠળ વેચાણ કરવામાં આવશે.

Banking Academy

→ National Bank for Agriculture and Rural Development (NABARD) અને જન શિક્ષણ સંસ્થાન (JSS) એ નિલામ્બુરમાં આયોજિત આદિવાસી ઉત્સવમાં સંયુકત રીતે અદાવી બ્રાન્ડ લોન્ચ કરી છે. પ્રારંભિક તબક્કામાં, અડાવી બ્રાન્ડ શુદ્ધ જંગલી મધ, જંગલી શતાવરી અને ગૂસબેરીના વિવિધ અથાણાં અને કેરીનો પ્રચાર કરશે.

❖ **ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય (MDoNER), આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે, મહિલાઓની અસાધારણ સિદ્ધિઓના સન્માન માટે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2022 પહેલા 'Nari Shakti of the North East' નામના એક અઠવાડિયાના ઉત્સવનું આયોજન કર્યું છે.**

→ આ અભિયાનની શરૂઆત પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રી જી. કિશન રેડ્ડી દ્વારા કરવામાં આવી હતી. આ 'નારી શકિત સપ્તાહ' દરમિયાન, સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે.

❖ **છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે 'કૌશલ્યા માતૃત્વ યોજના' શરૂ કરી છે.**

→ આ પ્રસંગે રાજ્ય કક્ષાના સંમેલનમાં પાંચ મહિલા લાભાર્થીઓને સુરક્ષિત માતૃત્વ માટે પાંચ–પાંચ હજાર રૂપિયાના ચેક પણ આપવામાં આવ્યા હતા.

→ આ યોજના હેઠળ બીજી છોકરીના જન્મ પર મહિલાઓને 5000 રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રીએ 'કન્યા વિવાહ યોજના' કોફી ટેબલ બુક, મહિલા સશકિતકરણ સંબંધિત યોજના અને સખી વન સ્ટોપ સેન્ટર ટેલિફોન ડિરેકટરીનું પણ વિમોચન કર્યું હતું. આર્થિક સહભાગિતામાં પુરુષોથી પાછળ રહેતી મહિલાઓના પ્રશ્નોના ઉકેલ માટે પણ આ યોજના શરૂ કરવામાં આવી છે. છત્તીસગઢની મહિલાઓ ગાયના છાણમાંથી વીજળી બનાવશે અને પેઈન્ટ બનાવશે. તેનાથી રોજગારીની તકો ઉભી થશે અને મહિલાઓની આવકમાં વધારો થશે.

❖ **ભારતમાં ઊંઘની મુદ્રામાં ભગવાન બુદ્ધની સૌથી મોટી પ્રતિમા બિહારના બોધગયામાં બનાવવામાં આવી રહી છે.**

→ ભારતના બૌદ્ધ યાત્રાધામ સર્કિટને સક્રિયપણે પુનર્જીવિત કરવામાં આવી રહ્યું છે અને બોધ ગયા તેનો અભિન્ન ભાગ છે.

→ આ પ્રતિમા બુદ્ધ ઈન્ટરનેશનલ વેલ્ફેર મિશન દ્વારા બનાવવામાં આવી રહી છે. આ પ્રતિમા 30 ફૂટ ઊંચી અને 100 ફૂટ લાંબી હશે. આ પ્રતિમામાં ભગવાન બુદ્ધ સુષુપ્ત મુદ્રામાં છે. આ વિશાળ પ્રતિમાનું નિર્માણ વર્ષ 2019માં શરૂ થયું હતું. આ પ્રતિમા ફાઈબર ગ્લાસમાંથી બનાવવામાં આવી રહી છે. ભગવાન બુદ્ધની વિશાળ પ્રતિમા ફેબ્રુઆરી 2023 થી ભકતો માટે ખોલવામાં આવશે.

❖ **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 2022 ના અવસરે, ભારતનો પ્રથમ 100% સ્ત્રી–માલિકીનો ઔદ્યોગિક પાર્ક હૈદરાબાદ, તેલંગાણામાં ખોલવામાં આવ્યો. તેલંગાણાના ઉદ્યોગ મંત્રી કે.ટી. રામારાવે આ પાર્કનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.**

→ 25 મહિલાઓની માલિકીના અને સંચાલિત ગ્રીન પ્રોજેકટ સાથે, આ ઔદ્યોગિક પાર્કે તેની કામગીરી શરૂ કરી છે. FLO ઈન્ડસ્ટ્રીયલ પાર્કનું નામ FICCI લેડીઝ ઓર્ગેનાઈઝેશન (FLO)ના નામ પર રાખવામાં આવ્યું છે, જે તેને તેલંગાણા સરકારના સહયોગથી પ્રોત્સાહન આપી રહી છે.

❖ **કર્ણાટકના આઈટી મંત્રી સી.એન. અશ્વથ નારાયણે એકવેરિયમ (AQVERIUM) લોન્ચ કર્યું, જે ભારતની પ્રથમ ડિજિટલ વોટર ડેટા બેંક છે.**

→ ડિજિટલ વોટર ડેટા બેંક એ વિવિધ સંસ્થાઓ પાસેથી મેળવેલા પાણીના ડેટાની યાદી છે. તે પાણીના વિવિધ પાસાઓ વિશે વિશ્વસનીય માહિતી પ્રદાન કરે છે. તે પાણી–સુરક્ષિત વિશ્વ હાંસલ કરવા પુરાવા–આધારિત નીતિઓ અને નિર્ણયો લેવામાં મદદ કરે છે. આ ડેટા વિકાસના કેટલાક સામાન્ય પડકારો અને જળ પ્રદૂષણને દૂર કરવામાં મદદ કરશે. તે સેવા વિતરણમાં સુધારો કરવામાં, જળ સંસાધનોને જાળવવામાં અને સ્થિતિસ્થાપકતાના નિર્માણમાં મદદ કરે છે.

→ AQVERIUM એ ભારતની પ્રથમ ડિજિટલ વોટર ડેટા બેંક છે. તે એકવાક્રાફટ વેન્ચર્સની પહેલ છે, જે એક એવી કંપની છે જે બધાને પીવાનું પાણી અને સ્વચ્છતા પ્રદાન કરવા માટે ટકાઉ પહેલોમાં કુશળતા ધરાવે છે.

→ AQVERIUM લગભગ 10 લાખ યુવાનોને પાણી, સ્વચ્છતા, હાઈડ્રો–જિયોલોજિકલ સાયન્સ અને ડેટા સાયન્સમાં તાલીમ આપવાનો ઈરાદો ધરાવે છે. તે IT, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા સાથે ટકાઉ ટેકનોલોજીનું સંયોજન કરતી અનોખી નવીનતા છે.

→ કંપની દ્વારા એક અનોખું સામાજિક ફ્રેન્ચાઈઝીંગ મોડલ પણ ઓફર કરવામાં આવે છે. તેનો ધ્યેય 2030 સુધીમાં 'વોટર એન્ટરપ્રેન્યોર' બનવાનો અને ભારતને 'વોટર પોઝિટીવ' બનાવવાનો છે.

❖ **કર્ણાટક રાજ્ય સરકાર દ્વારા દિશાંક એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી જે જમીનના રેકોર્ડની સરળ એકસેસની ખાતરી આપે છે.**

→ કર્ણાટકના મહેસૂલ વિભાગનું સર્વે સેટલમેન્ટ એન્ડ લેન્ડ રેકોર્ડ્સ (SSLR) યુનિટ દિશાંક નામની એપ્લિકેશન દ્વારા મૂળભૂત જમીન રેકોર્ડની સરળ ઉપલબ્ધતાની ખાતરી કરી રહ્યું છે.

→ દિશાંક એપ કર્ણાટક સ્ટેટ રિમોટ સેન્સિંગ એપ્લીકેશન સેન્ટર (KSRSAC)ના ભૌગોલિક માહિતી સિસ્ટમ (GIS) પ્રોગ્રામ હેઠળ વિકસાવવામાં આવી છે. ડિજિટાઈઝ્ડ, સ્કેન કરેલા અને જિયો–રેફરન્સ્ડ નકશાની ઉપલબ્ધતા એપને બિલ્ડ કરવાનું સરળ બનાવે છે.

→ દિશાંક એપ જમીનના માલિકનું નામ, જમીનની હદ, માલિકીનો પ્રકાર, જમીનનો પ્રકાર, મુકદમા, જમીનની શ્રેણી અને જમીન પર થતા અન્ય કોઈપણ સક્રિય વ્યવહારો સહિતની માહિતી પ્રદાન કરે છે.

→ 'ભૂમિ' ડેટાબેઝમાં નોંધાયેલી જમીન વિશેની માહિતી નાગરિકો સરળતાથી મેળવી શકે છે. આનાથી જમીન વિવાદો ઘટાડવામાં અને જમીનના રેકોર્ડની જાળવણીમાં પારદર્શિતા લાવવામાં મદદ મળશે.

❖ **19 માર્ચ, 2022 થી ફરીદાબાદમાં 35મો સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળાનું આયોજન કરવામાં આવ્યું.**

→ આ મેળો 4 એપ્રિલ સુધી ચાલશે. આ મેળાનું ઉદ્દ્ઘાટન હરિયાણાના રાજ્યપાલ બંડારુ દત્તાત્રેય અને મુખ્યમંત્રી મનોહર લાલે કર્યું.

→ આ મેળામાં હસ્તકલા, હાથશાળ અને દેશના સાંસ્કૃતિક વારસાની સમૃદ્ધિ અને વિવિધતા દર્શાવવામાં આવશે. આ વર્ષે આ મેળામાં જમ્મુ અને કાશ્મીર થીમ સ્ટેટ છે તે વિવિધ કલા સ્વરૂપો અને હસ્તકલા દ્વારા તેની અનન્ય સંસ્કૃતિ અને સમૃદ્ધ વારસાનું પ્રદર્શન કરશે. વૈષ્ણો દેવી મંદિરની પ્રતિકૃતિઓ, અમરનાથ મંદિર, કાશ્મીરનું સ્થાપત્ય આ વર્ષે મુખ્ય આકર્ષણ હશે. આ ઈવેન્ટમાં 20 થી વધુ દેશો ભાગ લઈ રહ્યા છે અને આ વખતે ભાગ લેનાર દેશ ઉઝબેકિસ્તાન છે. સૂરજકુંડ મેળાનું આયોજન હરિયાણાના ફરીદાબાદમાં થાય છે.

❖ **નાગાલેન્ડ વિધાનસભા પેપરલેસ બનવા માટે નેશનલ ઈ–વિધાન એપ્લિકેશન (NeVA) પ્રોગ્રામનો અમલ કરનાર ભારતની પ્રથમ રાજ્ય વિધાનસભા બની છે.**

→ NeVA એ NIC કલાઉડ, મેઘરાજ પર તૈનાત એક પ્રકારની વર્કફ્લો સિસ્ટમ છે જે ગૃહના અધ્યક્ષ અને ગૃહની વિધાનસભા દ્વારા ગૃહની કાર્યવાહીને સરળ રીતે ચલાવવામાં મદદ કરે છે. કાગળ રહિત રીતે કામ ચલાવવામાં મદદ કરે છે.

→ NeVA એ સભ્ય–કેન્દ્રિત અને ઉપકરણ તટસ્થ એપ્લિકેશન છે જે સભ્યોને સંપર્ક વિગતો, વ્યવસાય સૂચિ, પ્રક્રિયાના નિયમો, બુલેટિન, સૂચનાઓ, તારાંકિત અથવા અતારાંકિત પ્રશ્નો જેવી સંપૂર્ણ વિગતો દાખલ કરીને વિવિધ કાર્યવાહીને સ્માર્ટ રીતે હેન્ડલ કરવા સક્ષમ બનાવવા માટે રચાયેલ છે.

→ NeVA ના ઉપયોગ દ્વારા માહિતી સંગ્રહ માટે વિનંતીઓ અથવા સૂચનાઓ મોકલવાની પ્રક્રિયા સંપૂર્ણપણે દૂર થઈ ગઈ છે.

→ NeVA ના અમલીકરણ માટે, ખર્ચનું ભંડોળ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા 90:10 વહેંચણીના ધોરણે કરવામાં આવે છે.

→ NeVA નો હેતુ દેશની વિધાનસભાઓને એક મંચ પર લાવવાનો છે.

❖ **22 માર્ચ, 2022ના રોજ 110મો બિહારનો સ્થાપના દિવસ ઉજવાયો. આ સ્થાપના દિવસ “બિહાર દિવસ” તરીકે ઓળખાય છે.**

→ બિહાર દિવસ દર વર્ષે 22 માર્ચે ઉજવવામાં આવે છે. તે બિહાર રાજ્યની રચનાને ચિહ્નિત કરે છે. આ દિવસે બ્રિટિશ સરકાર દ્વારા 1912માં બિહારને બંગાળમાંથી અલગ કરવામાં આવ્યું હતું.

❖ **ત્રિપુરા સરકારે “મુખ્યમંત્રી ચા શ્રમી કલ્યાણ પ્રકલ્પ” નામની વિશેષ યોજના જાહેર કરી છે.**

→ આ યોજનાનો ઉદ્દેશ્ય ત્રિપુરાના લગભગ 7000 ચાના બગીચાના કામદારોની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ત્રિપુરા સરકાર આ યોજનાના અમલ માટે 85 કરોડ રૂપિયા ખર્ચ કરશે.

→ ચા ના બગીચાના કામદારોને ત્રિપુરા સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતા લાભો હેઠળ આવાસ, રાશન અને નાણાકીય સહાય આપવામાં આવશે.

→ ત્રિપુરાના 7000 ચાના બગીચાના કામદારોમાંથી 75% મહિલાઓ છે. સમગ્ર ત્રિપુરામાં 54 ચાના બગીચાઓ અને 21 ચા પ્રોસેસિંગ ફેક્ટરીઓ દ્વારા ચાનું ઉત્પાદન થાય છે.

❖ **આગામી ‘ટ્યૂલિપ ફેસ્ટિવલ’ને ધ્યાનમાં રાખીને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં એશિયાનો સૌથી મોટો ટ્યૂલિપ ગાર્ડન સામાન્ય જનતા અને પ્રવાસીઓ માટે ખોલવામાં આવ્યો છે.**

→ હાલમાં શ્રીનગરના આ ટ્યૂલિપ ગાર્ડનમાં વિવિધ રંગોના લાખો ટ્યૂલિપ ફૂલો છે. વિશ્વ વિખ્યાત દાલ સરોવરના કિનારે ઝબરવાન ટેકરીઓની ખીણમાં આવેલા બગીચામાં ટ્યૂલિપસના રંગબેરંગી ફૂલોનું મેઘધનુષ્ય આકર્ષણનું કેન્દ્ર બનેલું છે.

❖ **તાજેતરમાં જ સોનમર્ગથી લદ્દાખના ઊંચાઈવાળા વિસ્તાર સુધી નાગરિક વાહનવ્યવહાર માટે ઝોજિલા પાસ ખોલવામાં આવ્યો છે.**

→ ઝોજિલા લદ્દાખમાં દ્રાસમાં 11,650 ફૂટથી વધુની ઊંચાઈએ સ્થિત છે અને ઐતિહાસિક રીતે તેનો મોટાભાગનો હિસ્સો શિયાળાની મોસમમાં બંધ રહે છે. ઝોજિલા પાસ એ લદ્દાખના કારગિલ જિલ્લામાં સ્થિત એક ઊંચો પર્વત માર્ગ છે. તે લેહ અને શ્રીનગરને જોડે છે અને લદ્દાખ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે એક મહત્વપૂર્ણ લિંક પ્રદાન કરે છે.

❖ **અગ્રણી ખાતર ઉત્પાદક સધર્ન પેટ્રોકેમિકલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ (SPIC) દ્વારા તમિલનાડુના થૂથુકુડી ખાતે ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટની સ્થાપના કરવામાં આવી છે.**

→ એકમનું ઉદ્દઘાટન મુખ્ય પ્રધાન એમ.કે.સ્ટાલિન દ્વારા કરવામાં આવ્યું હતું અને તે તમિલનાડુમાં ભારતનો સૌથી મોટો અને પ્રથમ ફ્લોટિંગ પાવર પ્લાન્ટ હોવાનો દાવો કરવામાં આવે છે. પ્લાન્ટ વાર્ષિક 42.0 મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.

❖ **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં આસામ અને મેઘાલય વચ્ચે 50 વર્ષથી ચાલતો સીમા વિવાદ ઉકેલવા માટેનો ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યો.**

→ આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા સરમા અને સાંસદ દિલીપ સેકયા તેમજ મેઘાલયના મુખ્યપ્રધાન કોનાર્ડ સંગમાએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

❖ **મેઘાલય રાજ્યના “લિવિંગ રૂટ બ્રિજ”ને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળ (WHS)ની સંભવિત સૂચિમાં સામેલ કરવામાં આવ્યું.**

→ મેઘાલયના લોકો અને પ્રકૃતિની વચ્ચે સામાજિક, સાંસ્કૃતિક અને વનસ્પતિક સંબંધોને ઉજાગર કરવા 70 થી વધુ ગામોમાં આ ‘લિવિંગ રૂટ બ્રિજ’ જોવા મળે છે.

❖ **પશ્ચિમ બંગાળ રાજ્યના કોલકાતામાં દેશની પ્રથમ ‘પોસ્ટ ઓફિસ કાફે’નો પ્રારંભ કરવામાં આવ્યો.**

❖ **હરિયાણા સરકારે ‘મેરી ફસલ – મેરા બ્યોરા ઈ–ખરીદ’ પોર્ટલ લોન્ચ કર્યું.**

→ આ પોર્ટલના માધ્યમથી હરિયાણા ભારતનું પહેલું એવું રાજ્ય બન્યું છે જ્યાં MSP પર 14 પાકોની ખરીદી કરવામાં આવે છે. આ પોર્ટલથી ખેતીમાં સુધાર તેમજ ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવામાં સહાયતા મળશે.

❖ **ઈલેક્ટ્રોનિક કચરાના નિકાલ માટે દિલ્હીમાં ભારતનો સૌપ્રથમ ઈ–કચરા, ઈકો–પાર્ક બનાવવામાં આવશે.**

→ આ પાર્કમાં વૈજ્ઞાનિક ઢબે કચરાનો નિકાલ થશે. બેટરી, ઈલેક્ટ્રોનિક ચાર્જર, મોબાઈલ, લેપટોપ, કમ્પ્યૂટર જેવા ઈ–કચરાને ચેનલાઈઝ કરવા માટે 12 ઝોનમાં કલેકશન સેન્ટર બનશે.

❖ **તાજેતરમાં ભારત, બાંગ્લાદેશ અને નેપાળે બાંગ્લાદેશ–ભૂટાન–ભારત–નેપાલ (BBIN) મોટર વાહન કરાર (MVA) ને લાગુ કરવા માટે એક MoU ને અંતિમ રૂપ આપવામાં આવ્યું.**

→ BBIN કનેક્ટિવિટી પ્રોજેક્ટ એ SAARC દ્વારા વર્ષ 2014માં નેપાલમાં આયોજિત એક શિખર સંમેલનમાં ક્ષેત્રીય મોટર વાહન સમજૌતા પર સહમત થવામાં નિષ્ફળ રહ્યા બાદ BBIN કનેક્ટિવિટી પરિયોજનાની કલ્પના કરવામાં આવી હતી. ત્યારબાદ જૂન, 2015 માં થિમ્પુમાં 4 દેશોના પરિવહન

મંત્રીઓની બેઠક દરમિયાન સંબંધિત દેશો વચ્ચે યાત્રી વ્યકિતગત અને કાર્ગો વાહનોના અવર જવરના નિયમન હેતુ BBIN મોટર વાહન સમજૌતા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

❖ **તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા 5 રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર કર્યા હતા. જે રાજ્યમાં નવા મુખ્યમંત્રીઓએ શપથ લીધા હતા.**

| રાજ્ય | નવા મુખ્યમંત્રી | રાજ્યપાલ |
|---|---|---|
| પંજાબ | ભગવંત માન | બનવારીલાલ પુરોહિત |
| ઉત્તર પ્રદેશ | યોગી આદિત્યનાથ | આનંદીબેન પટેલ |
| ઉત્તરાખંડ | પુષ્કર સિંહ ધામી | ગુરમિત સિંઘ |
| ગોવા | પ્રમોદ સાવંત | પી.એસ.શ્રીધરન પિલ્લઈ |
| મણિપુર | એન.બિરેન સિંહ | શ્રી લા. ગણેશન |

❖ **30 માર્ચ, 2022 ના રોજ રાજસ્થાનનો 'સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.**

→ રાજસ્થાન રાજ્યની સ્થાપના 30 માર્ચ, 1949ના રોજ થઈ હતી.

## ગુજરાત

❖ **રાજ્યમાં માતૃભાષા ગુજરાતીનો વ્યાપ વધારવા માટે ગુજરાત સરકારે 8 મહાનગરોમાં શિક્ષણ સંસ્થાઓ, વ્યાપારી સંસ્થાઓના નામના બોર્ડમાં હિન્દી અને અંગ્રેજી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવાનો આદેશ કર્યો છે.**

→ સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા જાહેર કરાયેલા ઠરાવ મુજબ તમામ સરકારી કચેરીઓ, સંકુલો અને જાહેર સ્થળોએ નામ, સૂચના, માહિતી કે દિશાનિર્દેશો લખેલા હોય તે લખાણોમાં પણ હિન્દી–અંગ્રેજી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવાનો રહેશે. સરકારી કચેરીઓમાં આ સૂચનાના અમલની જવાબદારી જે તે ખાતાના વડાની રહેશે જ્યારે ખાનગી સ્થળોએ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરો અને શહેરી વિકાસ સત્તામંડળના કારોબારી અધિકારીઓની જવાબદારી રહેશે. કલેકટરોએ પણ આ સૂચનાનો અમલ થાય તે જોવાનું રહેશે.

→ સરકારના આદેશ અનુસાર તમામ ખાનગી સ્કૂલ–કોલેજો, હોટલ રેસ્ટોરન્ટ, હોસ્પિટલો, સિનેમાગૃહો, નાટયગૃહો, બેન્કવેટ હોલ, સુપર માર્કેટ, શોપિંગ મોલ, કેફે, બેંક, લાઈબ્રેરી સહિતના સ્થળોએ નામ સહિતની વિગતો ગુજરાતીમાં દર્શાવવાની રહેશે.

❖ **રેલવે મંત્રાલયે આપેલી માહિતી અનુસાર, ગુજરાત વ્યાપર કેન્દ્ર સુરત (અંત્રોલી) વર્ષ 2024 સુધીમાં ભારતનું સૌપ્રથમ બુલેટ ટ્રેન સ્ટેશન બની જશે.**

→ PM મોદીના બુલેટ ટ્રેનના સ્વપ્નને સાકાર કરવા માટે સુરત (અંત્રોલી)ને પ્રથમ સમર્પિત બુલેટ ટ્રેન સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. જે મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે મુખ્ય બંદર હશે. મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેકટનું સંચાલન નેશનલ હાઈ–સ્પીડ રેલ કોર્પોરેશન લિ. (NHSRCL) દ્વારા કરાઈ રહ્યું છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો નિર્ણય કર્યો છે.**

→ હવે ધોરણ 10 પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી)માં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે. વાર્ષિક 4.50 લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો–યુવાઓને આ યોજનાનો લાભ મળશે. વાર્ષિક ટયુશન ફી ની 50 ટકા રકમ અથવા રૂા. 50000 બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે. ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમો (ડી ટુ ડી) માં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઈજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટયુશન ફી ના 50 ટકા રકમ અથવા રૂા. 1 લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થશે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નેશનલ હેલ્થ મિશનની ભારત સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને વિનાવિલંબે પારદર્શિતાથી સીધી જ નાણાસહાય પૂરી પાડવાની દેશભરમાં પ્રથમ પહેલરૂપ પદ્ધતિનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો.**

→ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ CSS અન્વયેના ફંડ માટે ફાળવણી અને દેખરેખની કામગીરી હેતુસર, સિંગલ નોડલ એજન્સી SNA તરીકે સ્ટેટ હેલ્થ સોસાયટી ગાંધીનગરને નિયુકત કરીને આ ઈલેકટ્રોનિક ફંડ ફલો એપ્લિકેશન મોડેલ–2નો પ્રારંભ કર્યો છે. દેશભરમાં એકમાત્ર ગુજરાતે શરૂ કરેલા આ મોડેલના કારણે તમામ નાણાકીય વ્યવહારો – પ્રોસેસ, PFNS પોર્ટલ પર આપોઆપ પ્રોસેસ થશે.

❖ **26 ફેબ્રુઆરી, 2022ના રોજ અમદાવાદના 611મા જન્મદિવસ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરી ખાતે અમદાવાદના કલાચાહકોના સંગઠન ગેલેરી–રા દ્વારા ઈન્વેન્ટ–આર્ટના ભાગરૂપે રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા રાજેશ સાગરાની કલાકૃતિઓનું એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.**

→ લે વિટનેસ નામનું આ પ્રદર્શન રાજેશ સાગરાના કન્સેપ્ટ મુજબ તૈયાર કરેલા શિલ્પોનું કલેશકન છે. આ શિલ્પો અમદાવાદ શહેરના હેરિટેજ વારસાના સન્માન સમાન છે. આ પ્રદર્શન અંગે વાત કરતાં સાગરા જણાવે છે કે લે વિટનેસ મારફત અમદાવાદ શહેરના સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ખેલ મહાકુંભના રજિસ્ટ્રેશન માટે કર્ટન રેઈઝર નામક પોર્ટલ લોન્ચ કર્યું હતું.**

→ રમતગમત પ્રત્યે જાગૃતિ કેળવવા 14 માર્ચથી 1 મે સુધી ખેલ મહાકુંભ યોજાવાનો છે. આ વર્ષે જેમાં 29 રમતોનો સમાવેશ કરાયો છે. અત્રે યાદ અપાવવું રહ્યું કે ગુજરાતમાં વર્ષ 2010થી ખેલ મહાકુંભનું આયોજન થાય છે.

❖ **ગુજરાતમાં મુખ્યમંત્રી અમૃતમ મા અને મા વાત્સલ્ય યોજનાનો કેન્દ્ર સરકારની આયુષ્માન ભારત PM-JAY યોજનામાં સમાવેશ કરી દેવાયો છે.**

→ આથી લાભાર્થી દર્દીઓની દાવા ચૂકવણીમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે અને આયુષ્માન કાર્ડ ધારકોમાં ગુજરાત દેશમાં ચોથા ક્રમે છે. આ યોજના હેઠળ કાર્ડધારકોને કેશલેસ અને વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા યોજના માટે હેલ્પલાઈન નંબર 1800-233-1022 અને 14555 પણ કાર્યરત્ કરવામાં આવ્યા છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં અમદાવાદમાં 11મા 'ગુજરાત ખેલ મહાકુંભ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આ કાર્યક્રમનું આયોજન ગુજરાતના સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમમાં કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે આ ઈવેન્ટની શરૂઆત વર્ષ 2010માં 16 સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે. ખેલ મહાકુંભની વર્તમાન 11મી આવૃત્તિ માટે 45 લાખથી વધુ ખેલાડીઓએ નોંધણી કરાવી છે. 'ખેલ મહાકુંભ–2022' માટે કોઈ લઘુત્તમ અથવા મહત્તમ વય મર્યાદા નથી.

❖ **7 માર્ચ, 2022ના રોજ પાલ–દધ–વાવ હત્યાકાંડના 100 વર્ષ પૂર્ણ થયા.**

→ પાલ–દધ–વાવ હત્યાકાંડ અંગ્રેજો દ્વારા લગભગ 1,200 આદિવાસી ક્રાંતિકારીઓ (ભીલો) ની હત્યાનો સંદર્ભ આપે છે. તે 7 માર્ચ 1922 ના રોજ સાબરકાંઠા જિલ્લાના પાલ–ચિતારિયા અને દધ–વાવ ગામોમાં બન્યું હતું, જે તે સમયે ઈડર રાજ્ય (હાલનું ગુજરાત રાજ્ય) નો ભાગ હતું.

→ એકાદશી પર 'એકી ચળવળ'ના ભાગરૂપે ગ્રામજનો હીર નદીના કિનારે ભેગા થયા હતા. એકી ચળવળનું નેતૃત્વ મોતીલાલ તેજાવત દ્વારા કરવામાં આવ્યું હતું અને તેનો હેતુ અંગ્રેજો અને જાગીરદારો દ્વારા તેમના પર લાદવામાં આવેલા જમીન મહેસૂલ કરનો વિરોધ કરવાનો હતો.

→ ગુજરાત સરકારના મતે પાલ–દધ–વાવ હત્યાકાંડ જલિયાવાલા બાગની ઘટના કરતા પણ મોટો છે. જલિયાવાલા બાગ હત્યાકાંડમાં, જનરલ ડાયરની સેનાએ ગોળીબાર કર્યા પછી 500-1000 લોકો માર્યા ગયા હતા.

→ વર્ષ 2003માં હત્યાકાંડના સ્થળે મોતીલાલ તેજાવતનું સ્મારક બનાવવામાં આવ્યું હતું. આ સ્મારક 'શહીદ સ્મૃતિ વન' થી ઘેરાયેલું છે, જેમાં આદિવાસીઓની યાદમાં 1200 વૃક્ષો વાવવામાં આવ્યા છે. પાલ–દધ–વાવ હત્યાકાંડને ગુજરાતના 2022 પ્રજાસત્તાક દિવસની ઝાંખીમાં પણ દર્શાવવામાં આવ્યું હતું.

❖ **તાજેતરમાં ડિફેન્સ એકસ્પો 2022 સહભાગીઓ દ્વારા અનુભવાતી લોજિસ્ટિકસ સમસ્યાઓને કારણે મુલતવી રાખવામાં આવ્યો છે.**

→ આ ડિફેન્સ એકસ્પોની 12મી આવૃત્તિ હતી જે માર્ચ 2022 માં ગુજરાતના ગાંધીનગરમાં યોજાવાની હતી. ડિફેન્સ એકસ્પોની 11મી આવૃત્તિ વર્ષ 2020માં લખનૌમાં યોજાઈ હતી.

→ DefExpo એ સંરક્ષણ મંત્રાલયની એક મુખ્ય દ્વિવાર્ષિક ઘટના છે, જેમાં જમીન, પાણી અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ તેમજ હોમલેન્ડ સુરક્ષા પ્રણાલીઓનું પ્રદર્શન કરવામાં આવે છે.

❖ **તાજેતરમાં કાગધામ તરીકે પ્રસિદ્ધ મજાદર ગામમાં કવિશ્રી કાગ બાપુની પૂણ્યતિથિ નિમિત્તે કાગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું.**

→ આ ઉત્સવમાં 'કવિ કાગ એવોર્ડ' વિતરણ સમારોહ પણ યોજાયો હતો. પૂજ્ય શ્રી મોરારી બાપુની ઉપસ્થિતિમાં લોક સાહિત્યકારોને એવોર્ડ અર્પણ કરાયા હતા. વર્ષ 2022માં અર્પણ થયેલા કવિ કાગ એવોર્ડ આ મુજબ છે :

(1) સ્વશ્રી મેઘરાજ મુળુભા ગઢવી
(2) શ્રી યશવંત લાંબા
(3) ડૉ. શ્રીમતી ઈન્દુબેન પટેલ
(4) શ્રીમતી ભાવના બહેન અને સંગીતા બહેન લાબડિયા
(5) શ્રી મહેન્દ્ર ભાણાવત્ત

→ કવિ કાગ એવોર્ડ દર વર્ષે આપવામાં આવે છે. આ એવોર્ડનું નામ ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર તથા કવિ શ્રી દુલા ભાયા કાગના નામ પરથી રાખવામાં આવ્યું છે. વર્ષ 2002માં પૂજ્ય શ્રી મોરારી બાપુની પ્રેરણાથી આ એવોર્ડની શરૂઆત થઈ હતી.

❖ **તાજેતરમાં ગુજરાત સરકારે નવી 'રમત–ગમત નીતિ 2022-27' (ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી 2022-2027)નું અનાવરણ કર્યું હતું.**

→ સ્પોર્ટ્સ પોલિસી 2022-27નો ઉદ્દેશ ગુજરાતમાં રમત–ગમતના પરિદ્રશ્યને બદલવાનો છે. ગુજરાતમાં રમતગમતની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને સમગ્ર રાજ્યમાં વિશ્વસ્તરીય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવા પર સમાન ભાર મુકવામાં આવ્યો છે. આ પોલિસી દ્વારા ગુજરાત સરકાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટનું આયોજન કરીને અને તમામ ખેલાડીઓને ઈનામો આપીને રમતગમત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે.

→ સ્પોર્ટ્સ પોલિસી 2022-27 એ એથ્લેટ્સ માટે ચાર નવા ઉચ્ચ પ્રદર્શન કેન્દ્રો (હાઈ પર્ફોમન્સ સેન્ટર) સ્થાપવાની કલ્પના કરે છે, જે આંતરરાષ્ટ્રીય ધોરણોની તાલીમ સુવિધાઓ પ્રદાન કરે છે. આ નવા હાઈ પર્ફોમન્સ સેન્ટર (HPCs) માંથી એક માત્ર પેરા એથ્લેટ્સ માટે તાલીમ હેતુ માટે હશે. ઓલિમ્પિક માપદંડના આધારે ગુજરાતના તમામ નવા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર બનશે. વ્યકિતગત તાલીમ અને વિકાસ પ્રદાન કરવા માટે હાઈ પર્ફોમન્સ સેન્ટર પાસે ફિઝિયોથેરાપિસ્ટ, મનોવૈજ્ઞાનિકો, ન્યુટ્રિશનિસ્ટ્સ, સ્ટ્રેન્થ કોચ અને રમત વિશ્લેષકોની વિશેષ ટીમ હશે. હાઈપર્ફોમન્સ સેન્ટર ઉપરાંત શ્રેષ્ઠતાના આઠ કેન્દ્રો પણ સ્થાપવામાં આવશે. HPCs અને શ્રેષ્ઠતા કેન્દ્ર (સેન્ટર ઓફ એકસેલન્સ) બંનેની સ્થાપનામાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પોલિસી 'ઈલીટ એથલિટ વિકાસ કાર્યક્રમ' ની વ્યવસ્થા કરે છે. આ પોલિસીમાં ખેલાડીઓ માટે જંગી રોકડ પુરસ્કારો અને પ્રોત્સાહનોનું પણ વચન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્પોર્ટ્સ ઈન્કયુબેટર પણ સ્થાપિત કરવામાં આવશે. સ્પોર્ટ્સ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ડેટા એનાલિટિકસ અને સ્પોર્ટ્સ સાયન્સનો સમાવેશ કરવામાં આવશે. ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટી પોલિસીના અમલ માટે નોડલ એજન્સી હશે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગરીબ કલ્યાણ મેળાના 12મા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ દાહોદથી કરાવ્યો હતો.**

→ આ પ્રસંગે ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળાઓએ ગરીબોમાં 'હવે ગરીબીમાં નથી જ રહેવું' એવું સ્વાભિમાન અને નવી શકિત આપ્યા છે. દાહોદના ગરીબ કલ્યાણ મેળામાં 68500 થી વધુ લાભાર્થીઓને અંદાજે 380 કરોડના લાભની સહાય આ 12મા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાથી આપવામાં આવ્યા છે.

❖ **ગુજરાતની શાળાઓમાં 31 માર્ચથી 'મધ્યાહન ભોજન યોજના'ની ફરીથી શરૂઆત કરવામાં આવી.**

→ ગુજરાતમાં કોરોના સંક્રમણના બે વર્ષ પછી સ્કૂલોમાં 'મધ્યાહન ભોજન યોજના' શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના નવ શહેરોમાં 29 માર્ચથી તેમજ 31 માર્ચથી રાજ્યની તમામ સ્કૂલોમાં આ યોજના શરૂ કરવામાં આવી. રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી ગાંધીનગર જિલ્લાના બોરીજ ગામથી આ યોજનાનો 29મી માર્ચે પ્રારંભ કરાવ્યો.

→ નોંધનીય છે કે 'મધ્યાહન ભોજન યોજના' નું નામ બદલીને 'PM પોષણ યોજના' કરવામાં આવ્યું છે.

❖ **ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર રાષ્ટ્રપતિએ ગુજરાત વિધાનસભાના ગૃહમાં સંબોધન કર્યું હતું.**

→ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ગૃહમાં સંબોધન કરી ધારાસભ્યોને પ્રજાના પ્રાણ પ્રશ્નો ઉકેલવા અને મતદારોની આકાંક્ષાઓને પૂર્ણ કરવાની શીખ આપી હતી. તેમજ કહ્યું કે ભારત આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ગુજરાત કરતાં વધુ સારી જગ્યા કોઈ નથી. ગુજરાતના લોકો સ્વતંત્ર ભારતની કલ્પના કરવામાં અગ્રેસર હતા.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે 'હેરિટેજ પોલિસી પોર્ટલ' લોન્ચ કર્યું.**

→ આ એપ્લિકેશનથી હેરિટેજ પ્રોપર્ટી ધારક ફી–પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન ઉપલબ્ધ કરાવી શકશે. ગુજરાતના હેરિટેજ સ્થળોને પ્રવાસન ક્ષેત્રે વિકસાવવા મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 451 કરોડ રૂપિયાના MoU કરવામાં આવ્યા. જેમાં સંતરામપુર, દેવગઢ બારિયા, બાલાસિનોર જેવા રાજવી મહેલોને હેરિટેજ હોટેલ્સ, રિસોર્ટમાં પરિવર્તિત કરીને પ્રવાસીઓને આકર્ષવાના પ્રોજેકટનો સમાવેશ થયો છે.

❖ **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા ગુજરાતમાં પ્રથમવાર અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ઓડિયોલોજી સ્પીચ લેંગ્લેજ પેથોલોજી કોલેજ અને આહાર કેન્દ્રનું લોકાપર્ણ કરવામાં આવ્યું.**

→ આ પ્રકારની કોલેજ ગુજરાતની પ્રથમ અને દેશની પાંચમી છે. આ ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ હાજર રહ્યા.

→ ઓડિયોલોજી સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કાર્યરત થવાથી બાળકોમાં જન્મજાત બહેરાશ, સાંભળવાને લગતી કોઈપણ તકલીફ, ચેતાતંત્રના રોગના કારણે થતી બોલવાની, સમજવાની અને ભૂલવાની તકલીફ, પક્ષઘાત અથવા પેરાલીસીસ અને સેરેબ્રલ સ્ટ્રોકથી પીડિત દર્દીઓના પુર્નવસન તેમજ કોમ્પ્યુટરાઈઝડ સોફ્ટવેર નિદાન સરળ અને સચોટ બનશે.

❖ **વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા જાહેર કરેલી વિગત અનુસાર "ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન" (WHO-GCTM) માટે જામનગર પાસે સ્થાપવા ભારત સરકાર અને WHO વચ્ચે 25 માર્ચના રોજ કરાર કરવામાં આવ્યો.**

→ જામનગર ખાતે આર્યુવેદ ઉપર સંશોધન માટે આ આંતરરાષ્ટ્રીય સેન્ટર શરૂ કરવામાં આવશે. આ વિશ્વનું પહેલું પારંપરિક ઔષધિક કેન્દ્ર હશે. જેનું 21 એપ્રિલ, 2022 ના રોજ ગુજરાતના જામનગરમાં શિલાન્યાસ કરવામાં આવશે.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અમદાવાદના શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા "વિરાંજલી કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું.**

→ આ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય તેમજ રાજ્યના વિવિધ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા.

❖ **જાપાનની કંપની સુઝુકી મોટર કોર્પોરેશન ગુજરાતમાં 10,000 કરોડથી વધુનું રોકાણ કરવા માટે સુઝુકીના ચેરમેન તથા ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ MoU હસ્તાક્ષર કર્યા.**

→ જાપાનની કંપની સુઝુકી મોટર કોર્પોરેશન આગામી 4 વર્ષમાં ગુજરાતમાં 10,000 કરોડથી વધુનું તેમના માંડલ બેચરાજી ખાતેના પ્લાન્ટમાં ઈલેકટ્રીક ટુ વ્હીલર, ફોર વ્હીલરનું ઉત્પાદન કરશે સાથે ઈલેક્ટ્રિક વાહનો માટે આવશ્યક લિથિયમ બેટરીનું ઉત્પાદન પણ કરશે.

❖ **આણંદ જિલ્લાના ઓડ ખાતે ગુજરાત રાજ્યની 225મી અને જિલ્લાની 8મી ઔદ્યોગિક વસાહત (GIDC)નું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ભૂમિપૂજન કરવામાં આવ્યું.**

❖ **ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાનના પાંચમા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.**

→ મુખ્યમંત્રીએ ગાંધીનગરના કોલવડા ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીનો આરંભ કરાવી જળ અભિયાનને વિધિવત રીતે શરૂ કરાવ્યું. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષના ઉપલક્ષમાં આ વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન 75 દિવસ સુધી લોકભાગીદારીથી હાથ ધરાશે.

→ પાંચમા તબક્કાના આ અભિયાન અન્વયે તારીખ 31 મે 2022 સુધી સમગ્ર રાજ્યમાં 13,000 થી વધુ કામ હાથ ધરવામાં આવશે.

❖ **ગુજરાત સરકાર દ્વારા એર એમ્બ્યુલન્સ સેવાની શરૂઆત કરવામાં આવી.**

→ ભારતમાં સૌપ્રથમવાર, ગુજરાત રાજ્યમાં સરકારી વિમાનને એર એમ્બ્યુલન્સમાં પરિવર્તિત કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ કટોકટીની પરિસ્થિતિમાં ગુજરાતમાં દર્દીઓને તત્કાલ સારવાર મળશે. આ સુવિધાનો લાભ લેવા માટે '108'નો સંપર્ક કરવાનો રહેશે.

❖ **આંતરરાષ્ટ્રીય વન દિવસ અને આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે રાજ્યમાં '75 નમો વડ વન'ની સ્થાપના કરવામાં આવી.**

→ વડ વૃક્ષોના 'નમો વડ વન' રાજ્યમાં ઉભા કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં વડ વૃક્ષ વાવીને આ અભિયાનની રાજ્યવ્યાપી શરૂઆત કરાવી. જે અંતર્ગત રાજ્યના 33 જિલ્લાઓમાં 75 વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં 75 વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ કરશે.

→ આંતરરાષ્ટ્રીય વન મહોત્સવ નિમિત્તે વન તેમજ વન્ય પ્રાણી સંરક્ષણને લગતા કોઈપણ પ્રશ્નોના તાત્કાલિક નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા ફોરેસ્ટ હેલ્પ લાઈન–'1926'નો મુખ્યમંત્રી દ્વારા શરૂઆત કરવામાં આવી.

❖ **ગુજરાત રાજ્યમાં ધોરણ 6 થી ધોરણ 12 ના વર્ગોમાં ભગવદ્‌ગીતા પાઠ ભણાવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.**

→ રાજ્યના શિક્ષણ વિભાગના નિર્ણય પ્રમાણે 2022-23 ના શૈક્ષણિક વર્ષમાં આ અભ્યાસ શરૂ કરવામાં આવશે. જ્યારે ધોરણ–1 અને ધોરણ–2માં અંગ્રેજી વિષય પણ દાખલ કરાશે.

- **તાજેતરમાં 'FSSAI' તેમજ 'આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય' દ્વારા યોજાયેલી 'ઈટ સ્માર્ટ સિટી' સ્પર્ધામાં દેશના 108 શહેરોમાં સુરત અને રાજકોટ શહેરે શીર્ષ અગિયાર શહેરોમાં સ્થાન હાંસલ કર્યું.**
  - → શહેરના નાગરિકોને તંદુરસ્ત અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.
- **ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે BSF ની જાંબાઝ મહિલા કર્મીઓના સીમા ભવાની શોર્ય એકસપેડિશન "એમ્પાવરમેન્ટ રાઈડ–2022"ને ગાંધીનગર થી પ્રસ્થાન કરાવ્યું.**
  - → 8 મી માર્ચે નવી દિલ્હી થી 35 મહિલા ડેર ડેવિલ બાઈક ટીમે શરૂ કરેલી આ સાહસિક સફર 5280 કિ.મી.નું અંતર કાપી 30 માર્ચે કન્યાકુમારી પહોંચવશે.
- **ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે 16 માર્ચના રોજ 'રાષ્ટ્રીય ટીકાકરણ દિવસ'ના અવસરે ગાંધીનગરની બોરીજ પ્રાથમિક શાળા ખાતે 12 થી 14 વર્ષની વયના બાળકો માટે કોવિડ વેકિસન અભિયાનનો પ્રારંભ કરાવ્યો.**
- **કેન્દ્રીય ગૃહ મંત્રી તેમજ સહકાર મંત્રી અમિત શાહે તાપી જિલ્લાના બાજીપુરા ખાતે યોજાયેલા 'સહકારથી સમૃદ્ધિ સંમેલન'ને સંબોધિત કર્યું હતું.**
  - → આ સંમેલનનું આયોજન સુમુલ ડેરી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે રાસાયણિક ખેતીને બદલે જૈવિક ખેતીને પ્રાધાન્ય આપવા ખેડૂતોને અપીલ કરી હતી.
- **ગુજરાત રાજયના રાજયપાલે 13 માર્ચના રોજ આહવામાં ચાર દિવસીય ડાંગ દરબારના ભાતિગળ લોકમેળાનો દબદબાભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો.**
  - → રાજયપાલ આચાર્ય દેવવ્રતે ડાંગ દરબારના ઐતિહાસિક મહોત્સવમાં પધારેલા દેશ–વિદેશના મહાનુભાવોનું રાજ્ય સરકાર વતી સ્વાગત કર્યું હતું.
  - → ડાંગ દરબાર એક મેળો છે, જેનું આયોજન ગુજરાતના ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં હોળીના તહેવાર દરમિયાન કરવામાં આવે છે.
- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી'ના પ્રથમ દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.**
  - → તેમણે કહ્યુ કે ગાંધીનગરમાં શિક્ષણ ક્ષેત્રની તમામ યુનિવર્સિટીઓ આવેલી છે એક પ્રકારે તે શૈક્ષણિક હબ બની રહ્યું છે. વિશ્વમાં ગાંધીનગર એક માત્ર એવું શહેર છે કે જ્યાં ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી આવેલી છે.
- **11 માર્ચ, 2022 ના રોજ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ગુજરાત પંચાયત મહાસંમેલન'ને સંબોધન કર્યું હતું.**
  - → આ મહાસંમેલનને સંબોધતા કહ્યું કે ગ્રામપંચાયતોના સરપંચો, જનપ્રતિનિધિઓને ગામની શાળાનો જન્મદિવસ ઉજવવાની જાહેરાત કરી હતી. તેમજ ગામમાં 75 વૃક્ષો વાવવા, ગામમાં જળસંચય માટે બોરીબંધથી 75 ખેત તલાવડીઓ બનાવવી, ગામના 75 ખેડૂતોએ પ્રાકૃતિક ઓર્ગેનિક ખેતી કરવી, ગામના લોકોને દેશના ગૌરવવંતા આઝાદીના ઈતિહાસની સમજ આપવા માટે મિટિંગો યોજવી, નિવૃત્ત સરકારી કર્મચારીઓ – અધિકારીઓની મિટિંગો યોજી તેમની પાસેથી ગામના વિકાસના સૂચનો મેળવવા, ગામનો જન્મદિન ઉજવવો, ગામના પશુઓને ખરપગા રોગથી બચાવવા, પ્રત્યેકનું રસીકરણ કરવા જેવા 75 કાર્યક્રમોનું ઓગસ્ટ, 2023 સુધીમાં આયોજન કરવા જણાવ્યું હતું.
- **કોચરબ આશ્રમ ખાતે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત દાંડી યાત્રાના દિવસ નિમિત્તે યોજાયેલી 'દાંડી સાઈકલ યાત્રા'ને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહે લીલી ઝંડી આપી હતી.**
  - → તેમણે જણાવ્યું કે ગાંધીજીએ વિસ્મૃત થયેલા સિદ્ધાંતોને જીવંત બનાવ્યા હતા. આ સાયકલયાત્રા એ ગાંધીજીની ચેતનાને ફરી જગાવવાનો પ્રશંસનીય પ્રયાસ છે.
- **ગુજરાત વન વિભાગ દ્વારા સિંહોની સુરક્ષા માટે SIMBA (સિમ્બા) નામનું સોફટવેર લોન્ચ કરવામાં આવ્યું.**
  - → સિમ્બા સોફટવેરનું આખું નામ Software with Intelligence Marking Based Identification of Asiatic Lions છે. મેક ઈન ઈન્ડિયાના ભાગ રૂપે આ સોફટવેર હૈદરાબાદની કોલેજમાં તૈયાર થયું છે. આ સોફટવેરને 'ગીર હાઈટેક મોનિટરિંગ યુનિટ' ખાતે રાખવામાં આવ્યું છે.
- **ગુજરાતના વડોદરા મહાનગર પાલિકાના સૌપ્રથમ 'મ્યુનિસિપલ બોન્ડ–2022'નું બોમ્બે સ્ટોક એકસચેન્જ (BSE)'માં લિસ્ટીંગ થયું.**
  - → અમૃત મિશન હેઠળ આ મહાનગરપાલિકાએ આપવા પાત્ર ફાળાની 100 કરોડની રકમ મ્યુનિસિપલ બોર્ડના માધ્યમથી ઉભી કરી છે. અમદાવાદ અને સુરત પછી વડોદરા આ ત્રીજું મહાનગર છે કે જેણે મ્યુનિસિપલ બોન્ડ ભંડોળ મેળવ્યું હોય.

## આંતરરાષ્ટ્રીય

- **ઓમાનના અખાતમાં તાજેતરમાં ચીન, રશિયા અને ઈરાને નૌકાદળ કવાયત 'CHIRU 2022' યોજી હતી.**
  - → ચીને આ યુદ્ધાભ્યાસમાં ભાગ લેવા તેના ઉરુમ્કી મિસાઈલ વિધ્વંસકને રવાના કર્યું હતું. ત્રણેય દેશો વર્તમાનમાં તેમના સૈન્ય સહયોગને ગાઢ બનાવવાના અવસરો શોધી રહ્યા છે. રશિયાએ CHIRU 2022માં ભાગ લેવા તેની પેસિફિક ફલીટ ટાસ્ક ફોર્સને મોકલી હતી. જેમાં એન્ટિ–સબમરીન યુદ્ધજહાજ એડમિરલ ટ્રિબ્યુટ્સ તથા નાકિમોવ મિસાઈલ ક્રૂઝરનો સમાવેશ થતો.
- **ટોમટોમના વર્ષ 2021ના ટ્રાફિક ઈન્ડેકસ મુજબ મુંબઈને વિશ્વના સૌથી ગીચ શહેરોમાં પાંચમો રેન્ક અપાયો છે.**
  - → કર્ણાટકની રાજધાની બેંગલુરુને વિશ્વમાં 10મું સર્વાધિક ગીચ શહેર જાહેર કરાયું છે. દુનિયાના 58 દેશોના 404 શહેરોના આ સૂચકાંકમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને 11મો તથા મહારાષ્ટ્રના પૂણેને 21મો રેન્ક પ્રદાન કરાયો છે. કોરોના મહામારીના અંકુશો તથા લોકડાઉનના કારણે મોટાભાગે ટ્રાફિક ઓછો રહ્યો હોવા છતા મુંબઈ અને બેંગલુરુનો સમાવેશ વિશ્વના ટોચના 10 સૌથી ગીચ શહેરોમાં થયો છે. તુર્કીનું ઈસ્તંબુલ વર્ષ 2021માં દુનિયાનું સૌથી ભીડભાડવાળું શહેર ઘોષિત થયું છે. તેની પછીના ક્રમે રશિયાનું મોસ્કો શહેર છે.

❖ **રશિયન સેનાએ 1.9 લાખ સૈનિકોના બળે 24 ફેબ્રુઆરી, 2022 ની પરોઢે યુક્રેનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો.**

→ રશિયન સૈનિકો યુક્રેનની રાજધાની કીવ તેમજ અન્ય મોટા શહેરોમાં ઘૂસી ગયા હતા તેમણે થોકબંધ મિસાઈલો પણ દાગી હતી. બીજી તરફ છેક યુક્રેન સુધી સાથે રહેવાની વાત કરતી નાટો સેના તથા અમેરિકાએ પણ પીછેહઠ કરી યુક્રેનને એકલું છોડી દીધું છે. યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયા યુક્રેનને પાયમાલ કરવાનો ઈરાદો ધરાવે છે.

→ તાજેતરમાં જ રશિયાએ યુક્રેનના બે ક્ષેત્રો ડોનેત્સ્ક અને લુહાન્સ્કને સ્વતંત્ર ગણરાજ્યો તરીકે માન્યતા આપી હતી જે બન્ને દેશો રશિયા અને યુક્રેન વચ્ચે અનિવાર્ય યુદ્ધનો સંકેત હતો. યુક્રેનની રચના પૂર્ણતઃ પૂર્વવર્તી સોવિયત સંઘ (USSR)ના ભાગને અલગ કરીને કરાઈ છે. યુક્રેન અને રશિયા સેંકડો વર્ષોથી સાંસ્કૃતિક, ભાષાકીય અને પારિવારિક સંબંધો ધરાવે છે.

→ યુક્રેન, પૂર્વીય યુરોપમાં આવેલો એક દેશ છે. તેની રાજધાની કીવ છે, જે ઉત્તર–મધ્ય યુક્રેનમાં નીપર નદી (Dnieper River)ના તટ પર સ્થિત છે. યુક્રેનની સરહદો ઉત્તરમાં બેલારુસ, પૂર્વમાં રશિયા આઝોવના સાગર અને દક્ષિણમાં કાળા સમુદ્ર, દક્ષિણ–પશ્ચિમમાં માલ્ડોવા તથા રોમાનિયા તથા પશ્ચિમમાં હંગેરી, સ્લોવાકિયા અને પોલેન્ડ સાથે લાગે છે. સુદૂર દક્ષિણ–પૂર્વમાં યુક્રેનને કેર્ચ સામુદ્રધુની દ્વારા રશિયાથી અલગ કરાયું છે, જે આઝોવ સાગરને કાળા સમુદ્ર સાથે જોડે છે. રશિયા બાદ યુરોપનો સૌથી મોટો દેશ યુક્રેન છે.

→ યુક્રેન પર રશિયાના હુમલાના વિરોધમાં અમેરિકા અને યુરોપિયન કમિશને અમુક રશિયન બેંકોને સોસાયટી ફોર વર્લ્ડવાઈડ ઈન્ટરબેંક ફાઈનાન્શિયલ ટેલિકમ્યુનિકેશન (SWIFT) મેસેજિંગ સિસ્ટમની બહાર કરી દેવા માટે એક સંયુક્ત બયાન જારી કર્યુ. આ કાર્યવાહી પાછળનો ઈરાદો રશિયાને આંતરરાષ્ટ્રીય નાણાં પ્રણાલીથી અલગ કરવાનો છે.

→ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ મધ્યે ભારત સરકારે યુક્રેનમાં ફસાયેલા લગભગ 18,000 ભારતીયોને હેમખેમ સ્વદેશ પરત લાવવા 27 ફેબ્રુઆરી, 2022ના રોજ 'ઓપરેશન ગંગા' નામથી એક બહુઆયામી પહેલ શરૂ કરી છે. યુક્રેનમાંથી ભારતીય નાગરિકોને સુરક્ષિત બહાર કાઢવામાં સહાયતા માટે એક સમર્પિત ટ્વિટર હેન્ડલ 'ઓપગંગા હેલ્પલાઈન (OpGanga Helpline)' ની પણ જાહેરાત કરાઈ હતી.

❖ **દક્ષિણ કોરિયાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ યુન સુક–યોલ દેશના આગામી રાષ્ટ્રપતિ બનશે.**

→ યુન સુક–યોલે, 61, લી જે–મ્યુંગને સાંકડા માર્જિનથી હરાવ્યા. અંતિમ મતોની ગણતરી 1% કરતા પણ ઓછી હોવાથી, પરિણામો દેશના લોકશાહી ઈતિહાસમાં સૌથી નજીકના હતા. આ ચૂંટણીમાં ઊંચુ મતદાન હતું, જેમાં આશરે 77% લાયક વસ્તીએ મતદાન કર્યું હતું.

❖ **કેટલિન નોવાકને હંગેરીની સંસદ દ્વારા હંગેરીની પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવી છે.**

→ નોવાક, જેઓ કૌટુંબિક નીતિ મંત્રી હતા, તેણીની જીતને મહિલાઓની જીત ગણાવી હતી. નોવાક ઓર્બનની શાસક ફિડેઝ પાર્ટીના સહ–સ્થાપક જેનોસ અડરનું સ્થાન લેશે.

❖ **કર્ણાટકના બેલાગવીમાં મરાઠા લાઈટ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટલ સેન્ટર ખાતે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ધર્મ ગાર્ડિયન 2022' દરમિયાન ભારત અને જાપાનના સૈનિકોએ મોકડ્રીલ હાથ ધરી છે.**

→ ભારત અને જાપાનની સેનાઓ વચ્ચે આ વાર્ષિક સૈન્ય કવાયત 27 ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને 10 માર્ચ 2022 ના રોજ સમાપ્ત થઈ હતી. ધર્મ ગાર્ડિયન એ વાર્ષિક લશ્કરી અભ્યાસ છે જે ભારતમાં 2018 થી હાથ ધરવામાં આવી રહી છે.

❖ **7 થી 10 માર્ચ સુધી વિશાખાપટ્ટનમમાં ભારતીય અને શ્રીલંકાની નૌકાદળની દ્વિપક્ષીય દરિયાઈ અભ્યાસ SLINEX ની નવમી આવૃત્તિ યોજાઈ હતી.**

→ આ અભ્યાસ 7 અને 8 માર્ચે વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલી 'હાર્બર તબક્કા' અને 9 અને 10 માર્ચે બંગાળની ખાડીમાં યોજાયેલ 'સી ફેઝ' સાથે બે તબક્કામાં હાથ ધરવામાં આવી.

→ ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ INS કિર્ચ દ્વારા કરવામાં આવશે, જે માર્ગદર્શિત મિસાઈલ કોર્વેટ છે. ભારતીય નૌકાદળના અન્ય સહભાગીઓમાં એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALH), સીકિંગ, INS જ્યોતિ, ફલીટ સપોર્ટ ટેન્કર, ડોર્નિયર મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફટ અને ચેતક હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે.

❖ **તાજેતરમાં રશિયાએ યુક્રેન પર હાયપર સોનિક કિંજલ મિસાઈલ દ્વારા હુમલો કર્યો.**

→ Kh-47M2 કિંજલ એ પરમાણુ ક્ષમતા સાથે રશિયન હાઈપરસોનિક એરો–બેલિસ્ટિક એર–ટુ–સર્ફેસ મિસાઈલ છે. તે 2000 કિમીની રેન્જમાં મેક 10ની મહત્તમ ઝડપ સાથે લક્ષ્યોને નષ્ટ કરી શકે છે.

→ તેને Tu-22M3 બોમ્બર અથવા મિગ–31K ઈન્ટરસેપ્ટરથી લોન્ચ કરી શકાય છે અને તે પરંપરાગત અને પરમાણુ હથિયારો બંને વહન કરી શકે છે. કિંજલને સૌપ્રથમ ડિસેમ્બર 2017માં તૈનાત કરવામાં આવી હતી. 2016માં સીરિયામાં રશિયાના સૈન્ય ઓપરેશન દરમિયાન પ્રથમ વખત મિસાઈલ છોડવામાં આવી હતી.

→ આ મિસાઈલ નાટોના યુદ્ધ જહાજોને નષ્ટ કરવા માટે બનાવવામાં આવી છે, જે રશિયાની વ્યૂહાત્મક મિસાઈલ પ્રણાલીને ખતરો છે.

❖ **નોર્વેમાં 14 માર્ચથી 1 એપ્રિલ, 2022 દરમિયાન નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (NATO) દ્વારા લશ્કરી કવાયત 'કોલ્ડ રિસ્પોન્સ 2022'નું આયોજન કરવામાં આવ્યું છે.**

→ આ કવાયત નોર્વેમાં દ્વિવાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવે છે અને તેમાં નાટો સહયોગી અને ભાગીદાર રાષ્ટ્રો ભાગ લે છે. આ કવાયતમાં 27 દેશોના 220 વિમાન, 30000 સૈનિકો અને 50 થી વધુ જહાજોએ ભાગ લીધો હતો.

❖ **તાજેતરમાં ઈન્ડોનેશિયાએ એક વૈશ્વિક જાહેરાત કરી હતી જેમાં પારા (મકર્યુરી) પરના મિનામાતા કન્વેન્શનના પક્ષકારોને પારાના ગેરકાયદે વેપારનો સામનો કરવા માટે આહ્વાન કર્યું હતું.**

→ આ જાહેરાત નુસા દુઆ, બાલીમાં કરવામાં આવી હતી, જ્યાં ઈન્ડોનેશિયા મીનામાતા સંમેલન માટે પક્ષોની ચોથી કોન્ફરન્સ (COP4)નું આયોજન થયું હતું. આ કોન્ફરન્સનું આયોજન 21 થી 25 માર્ચ, 2022 દરમિયાન કરવામાં આવ્યું.

→ આ જાહેરાતનો હેતુ પારાના વેપાર પર દેખરેખ રાખવા અને તેનું સંચાલન કરવા માટે સૂચના અને માહિતી–શેરિંગ સિસ્ટમ્સ વિકાસાવી. પારાના ગેરકાયદે વેપારનો સામનો કરવા માટેના અનુભવો અને પદ્ધતિઓનું આદાનપ્રદાન કરવા, જેમાં કારીગરી અને નાના પાયે સોનાની ખાણકામમાં પારાના ઉપયોગને ઘટાડવાનો સમાવેશ થાય છે.

**મિનામાતા સંમેલન :**

→ પારા અંગે મિનામાતા સંમેલન એ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણને પારો અને તેના સંયોજનોની પ્રતિકૂળ અસરોથી બચાવવા માટેની વૈશ્વિક સંધિ છે. 2013માં સ્વિટ્ઝર્લેન્ડના જીનીવા ખાતે આંતરસરકારી વાટાઘાટો સમિતિના પાંચમા સત્રમાં આના પર સહમતિ બની હતી. સંમેલનની મુખ્ય જવાબદારીઓમાંથી એક એ છે કે તેના સમગ્ર જીવનકાળ દરમિયાન પારાની આડઅસરોને નિયંત્રિત કરવી. આ સંમેલન પારાના વચગાળાના સંગ્રહ અને તેના કચરા અને દૂષિત સ્થળોના નિકાલ સહિત આરોગ્યના મુદ્દાઓને પણ સંબોધિત કરે છે.

❖ **તાજેતરમાં જ મેડાગાસ્કરમાં સ્વતંત્રતાના અમૃતને ચિહ્નિત કરવા મહાત્મા ગાંધી ગ્રીન ટ્રાયએન્ગલનું અનાવરણ કરવામાં આવ્યું છે.**

→ ટ્રાએન્ગલ અથવા ત્રિકોણમાં ગ્રીન અથવા લીલો શબ્દ ટકાઉ વિકાસ અને પર્યાવરણ બચાવવા માટેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ ટ્રાએન્ગલને મહાત્મા ગાંધી ગ્રીન ટ્રાયેન્ગલ નામ આપવાનો હેતુ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવાનો છે.

❖ **ભારતીય સેના અને સેશેલ્સ ડિફેન્સ ફોર્સિસ (SDF) વચ્ચે સંયુકત લશ્કરી અભ્યાસ 'લામિતિયે 2022'ની નવમી આવૃત્તિનું આયોજન સેશેલ્સ ખાતે થયું હતું.**

→ સેશેલ્સ એ પશ્ચિમ હિંદ મહાસાગરમાં આવેલો એક દ્વીપસમૂહ છે, જેમાં લગભગ 115 ટાપુઓનો સમાવેશ થાય છે. લામિતિયે જેનો અર્થ 'ક્રેઓલ' ભાષામાં મિત્રતા થાય છે એ 2001 થી સેશેલ્સમાં યોજાયેલી દ્વિવાર્ષિક તાલીમ લશ્કરી અભ્યાસ છે.

❖ **તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક દ્વારા 'ગ્લોબલ હેપીનેસ રિપોર્ટ 2022' પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેમાં ભારતનું સ્થાન 136મા ક્રમે રહ્યું.**

→ આ વર્ષે 'ગ્લોબલ હેપ્પીનેસ રિપોર્ટ'ની 10મી વર્ષગાંઠ છે. આ વર્ષે રિપોર્ટમાં 146 દેશોને સ્થાન આપવામાં આવ્યું છે. ફિનલેન્ડને સતત પાંચમી વખત વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે, ત્યારબાદ ડેનમાર્ક બીજા ક્રમે આવે છે. અફઘાનિસ્તાનને સૌથી નાખુશ રાષ્ટ્ર તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. ભારતની રેન્કિંગમાં થોડો સુધારો જોવા મળ્યો છે, જે એક વર્ષ પહેલા 139મા ક્રમે હતો, જે આ વર્ષે 136મા ક્રમે છે.

❖ **ચીનના માનવરહિત સબમર્સિબલ 'હાઈદુ–1' એ વિશ્વના સૌથી ઊંડા સમુદ્રી ટ્રેન્ચ – મારિયાના ટ્રેન્ચ પર 10,907 મીટરની ઊંડાઈ સુધી ડાઈવ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે.**

→ આ ચાઈનીઝ અભિયાન દરમિયાન ભૂસ્તરશાસ્ત્રીય પર્યાવરણની હાઈ–ડેફિનેશન ઈમેજો અને ઊંડા સમુદ્રમાંથી નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા હતા. આ અભિયાન દરમિયાન, માનવરહિત સબસર્મિબલ 'હાઈડુ–1' કુલ ચાર વખત મારિયાના ટ્રેન્ચમાં 10,000 મીટરથી વધુ નીચે ગયું હતું.

❖ **ભારતીય અને ઉઝબેકિસ્તાનની સેનાઓ વચ્ચે સંયુકત તાલીમ અભ્યાસ – DUSTLINK ની ત્રીજી આવૃત્તિ 22 માર્ચથી 31 માર્ચ 2022 દરમિયાન યાંગિયાર્ક (ઉઝબેકિસ્તાન)માં આયોજિત કરવામાં આવી.**

→ આ અભ્યાસ સંયુકત રાષ્ટ્રના આદેશ હેઠળ અર્ધ–શહેરી વિસ્તારોમાં આતંકવાદ વિરોધી કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે. ગ્રેનેડિયર્સ બટાલિયનને ભારત દ્વારા આ અભ્યાસ માટે નામાંકિત કરવામાં આવી છે. આ બટાલિયન ભારતીય સેનાની અત્યંત સુશોભિત બટાલિયનોમાંની એક છે. DUSTLIK ની છેલ્લી આવૃત્તિ માર્ચ 2021 માં રાનીખેત (ઉત્તરાખંડ) ખાતે યોજાઈ હતી.

❖ **ઉત્તર કોરિયાએ હ્વાસોંગ–17 નામની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ICBM)નું પરીક્ષણ કર્યું છે. આ મિસાઈલ અત્યાર સુધી વિકસિત સૌથી મોટી ICBM છે.**

→ આ મિસાઈલ સંભવિત રીતે અમેરિકામાં કોઈપણ જગ્યાએ પરમાણુ હથિયારો પહોંચાડી શકે છે. વિશ્લેષકો દ્વારા આ મિસાઈલને 'મોન્સ્ટર મિસાઈલ' નામ આપવામાં આવ્યું છે.

→ આ મિસાઈલ વિશ્વની સૌથી મોટી લિકિવડ ફ્યૂલ્ડ ICBM છે. આ મિસાઈલનો વ્યાસ 2.4 થી 2.5 મીટરની વચ્ચે છે. જ્યારે સંપૂર્ણ રિફ્યુઅલ કરવામાં આવે છે, ત્યારે તેનું કુલ દળ લગભગ 80,000 થી 1,10,000 કિલો જેટલું હોય છે.

❖ **બેલ્જિયમના બ્રસેલ્સમાં નાટો સમિટ માટે G7, નાટો અને યુરોપિયન યુનિયનના નેતાઓ એકઠા થયા છે.**

→ યુક્રેન પર રશિયન આક્રમણ ચાલુ હોવાથી રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર દબાણ વધારવાની યોજના બનાવવાના ઉદ્દેશ્ય સાથે 24 માર્ચે એક–એક કટોકટીની બેઠકો યોજવામાં આવી હતી.

❖ **તાજેતરમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN)એ 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ–2021' પ્રસિદ્ધ કર્યો હતો.**

→ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ 2021 (SDG Index-2021) માં ભારતને 120મું સ્થાન આપવામાં આવ્યું છે. આ ઈન્ડેકસમાં દેશોને 100માંથી સ્કોર દ્વારા ક્રમ આપવામાં આવે છે. જેમાં ભારતનો સ્કોર 60.07 છે. આ ઈન્ડેકસ હેઠળ કુલ 165 દેશોને ક્રમ આપવામાં આવ્યા છે. જેમાં પ્રથમ ક્રમ પર ફિનલેન્ડ રહ્યું છે. જ્યારે બીજા ક્રમે સ્વીડન અને ત્રીજા ક્રમે ડેનમાર્ક રહ્યું હતું. જ્યારે અંતિમ 165માં ક્રમે સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક રહ્યું છે.

❖ **તાજેતરમાં યુ.એસ. અને યુરોપિયન કમિશને યુક્રેન પર રશિયાના હુમલાના વિરોધમાં 'સોસાયટી ફોર વર્લ્ડવાઈડ ઈન્ટરબેંક ફાઈનાન્સિયલ ટેલિકોમ્યુનિકેશન' (SWIFT) મેસેજિંગ સિસ્ટમમાંથી કેટલીક રશિયન બેંકોને બાકાત રાખવા માટે સંયુકત નિવેદન બહાર પાડયું હતું.**

→ આ કાર્યવાહી પાછળનો હેતુ રશિયાને આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાથી અલગ કરવાનો છે. રશિયા સામેની આ કાર્યવાહી માત્ર આંશિક રીતે લાગુ કરવામાં આવી છે, જેમાં માત્ર કેટલીક રશિયન બેંકોને આવરી લેવામાં આવી છે.

→ SWIFT વિશ્વસનીય મેસેજિંગ પ્લેટફોર્મ પૂરું પાડે છે જે નાણાકીય સંસ્થાઓને નાણા ટ્રાન્સફર જેવા વૈશ્વિક નાણાકીય વ્યવહારો વિશે માહિતીની આપ–લે કરવા સક્ષમ બનાવે છે. જ્યારે SWIFT વાસ્તવિક રીતે રૂપિયાના વ્યવહારોનું સંચાલન કરતું નથી, તે 200 થી વધુ દેશો–પ્રદેશોમાં 11000થી વધુ બેંકોને

સુરક્ષિત નાણાકીય સંદેશા સેવાઓ પ્રદાન કરીને વ્યવહારની માહિતીને ચકાસવા માટે મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. તેની સ્થાપના વર્ષ 1973માં કરવામાં આવી હતી અને તે બેલ્જિયમમાં સ્થિત છે.

❖ **અમેરિકાના ઈતિહાસમાં પ્રથમ વખત અમેરિકન સુપ્રીમ કોર્ટમાં એક અશ્વેત મહિલાને ન્યાયાધીશ બનાવવામાં આવ્યા છે.**

→ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને પ્રથમ અશ્વેત ન્યાયાધીશ તરીકે 'કેતનજી' ના નામની જાહેરાત કરી છે.

❖ **નવી દિલ્હી ખાતે 14માં ભારત–જાપાન શિખર સંમેલનનું આયોજન થયું હતું.**

→ આ સંમેલનમાં જાપાનના વડાપ્રધાન ફુમિયો કેશિદા અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો. પ્રધાનમંત્રીએ કહ્યુ કે જાપાન આગામી પાંચ વર્ષ દરમિયાન ભારતમાં 3.2 લાખ કરોડનું રોકાણ કરશે. તેમજ કહ્યું કે ભારત – જાપાન આર્થિક રીતે ભાગીદરી વચ્ચે આર્થિક ભાગીદારીમાં પ્રગતિ થઈ છે. જાપાન ભારતમાં સૌથી મોટા રોકાણકારો પૈકી એક છે.

→ ભારત અને જાપાન મુંબઈ – હાઈસ્પીડ રેલ કોરિડોર પર 'વન ટીમ વન પ્રોજેક્ટ'ના રૂપમાં કામ કરી રહ્યા છે. ભારત અને જાપાન વચ્ચે ત્રણ સમજૂતીઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વડપ્રધાને જાપાનના વડાપ્રધાનને 'કૃષ્ણ પંખા'ની ભેટ આપી હતી. જે ચંદન કાષ્ટ પર કોતરણી કરેલો પંખો રાજસ્થાનના કારીગારોએ બનાવ્યો છે.

❖ **તાજેતરમાં 28 અને 29 માર્ચ, 2022ના રોજ 5માં બિમસ્ટેક સંમેલનનું હાઈબ્રિડ મોડમાં શ્રીલંકાના કોલંબો ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.**

→ થીમ : Towards a Resilient Region4 Prosperous Economics, Healthy People

→ આ સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે પરસ્પરના વેપારને વધારવા માટે બિમસ્ટેક Free Trade Agreement (FTA) પ્રસ્તાવ પર જલ્દી પ્રગતિ કરવી જરૂરી છે.

→ વર્ષ 2023માં BIMSTEC નું સંમેલન થાઈલેન્ડ ખાતે યોજાશે. BIMSTEC નું આખું નામ Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Coopration છે. જેની સ્થાપના વર્ષ 1997માં બાંગ્લાદેશ, ભારત, શ્રીલંકા, થાઈલેન્ડ દ્વારા ક્ષેત્રીય સંગઠનના રૂપમાં થઈ હતી.

→ હાલના સભ્ય દેશો : બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડ. સચિવાલય : ઢાકા, બાંગ્લાદેશ

## અર્થવ્યવસ્થા

❖ **કેન્દ્રીય બજેટ 2022-23ની પ્રસ્તુતી દરમિયાન નાણાંમંત્રી નિર્મલા સીતારામને 'વન નેશન વન રજિસ્ટ્રેશન' યોજના શરૂ કરી છે, જેનાથી વ્યાપાર કરવો સરળ બનશે અને જીવનધોરણમાં પણ સુધાર આવશે.**

→ આ યોજના આખા દેશમાં એકસમાન રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરશે. કોઈપણ પ્રકારનું રજિસ્ટ્રેશન હોય, જેમ કે, જમીન રજિસ્ટ્રેશન અથવા વાહન રજિસ્ટ્રેશન અથવા અન્ય કોઈપણ રજિસ્ટ્રેશન હોય તે આખા દેશમાં એક જ પ્રક્રિયાનું પાલન કરશે. રજિસ્ટ્રેશન દેશમાં ગમે તે સ્થળે થઈ શકે છે, રાજ્યની કોઈ મર્યાદા રહેશે નહીં. આ યોજના 3C ફોર્મ્યુલા અપનાવશે, જે સેન્ટ્રલ ઓફ રોડ્સ, કન્વીનિયન્સ ઓફ રેકોર્ડ્સ અને કલેકશન ઓફ રેકોર્ડ્સ પર કેન્દ્રીત છે. 14 અંકોની વિશિષ્ટ સંખ્યા જમીનને ફાળવવામાં આવશે, જેને જમીનની આધાર સંખ્યા કહેવામાં આવશે. આ યોજના લાગુ કરવા માટે સરકાર નેશનલ જેનેરિક ડોકયમેન્ટ રજિસ્ટ્રેશન સિસ્ટમ (NGDRS)ને વન નેશન વન રજિસ્ટ્રેશન યોજના સાથે જોડશે.

❖ **ભારતની અગ્રણી FMCG (ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્ઝ) કંપનીઓ પૈકીની એક ડાબર ઈન્ડિયા લિ. એ તાજેતરમાં ઘોષણા કરી હતી કે તે ભારતની પ્રથમ 100% પ્લાસ્ટિક વેસ્ટ ન્યૂટ્રલ કંપની બની ગઈ છે.**

→ ડાબર ઈન્ડિયા લિ. એક વર્ષમાં પ્લાસ્ટિક કચરાનો એટલો જ જથ્થો એકત્ર, સંસાધિત તથા રિસાઈકલ કરે છે જેને તે તેના ઉત્પાદનોના પેકેજિંગમાં વેચી શકે. જેના પરિણામસ્વરૂપ કંપની એક પ્લાસ્ટિક વેસ્ટ ન્યૂટ્રલ કંપની બની ગઈ છે. ડાબરે વર્ષ 2017-2018માં પોતાની પ્લાસ્ટિક કચરા પ્રબંધન પહેલ શરૂ કરી હતી. આ પહેલ હેઠળ, ફેબ્રુઆરી 2022 સુધી ડાબર સમગ્ર ભારતમાંથી કુલ 54,000 મેટ્રિક ટનથી પણ વધુ પ્લાસ્ટિક કચરો એકત્ર કર્યો છે.

❖ **નેશનલ સ્ટેસ્ટિકલ ઓફિસ (NSO)એ નાણાકીય વર્ષ 2021 માટે પ્રથમ સુધારેલા GDP અનુમાનો જાહેર કર્યા છે.**

→ આ અનુમાન અનુસાર, GDPમાં 6.6% નો ઘટાડો થયો છે. આ પહેલાં GDPમાં 7.3% નો ઘટાડો થયો હતો. આ ઘટાડો / સંકોચન મુખ્યત્વે COVID મહામારી અને લગાવવામાં આવેલા લોકડાઉનના કારણે છે. આ અનુમાન અનુસાર, 2020-21માં નોમિનલ GDPમાં 1.4%નો ઘટાડો થયો છે. આ અનુમાનોની 2011-12ની કિંમતોના આધારે ગણતરી કરાઈ હતી. 2022 વિકાસ દર 8.8% જેટલો રહેશે.

→ વર્ષ 2020-21માં વિકાસ દર આ પ્રમાણે છે :

⇒ પ્રાથમિક ક્ષેત્ર : –2.8% (ગયા વર્ષે 1.6% હતો)

⇒ માધ્યમિક ક્ષેત્ર (પાણી પુરવઠો, વિદ્યુત, મેન્યુફેકચરિંગ, ગેસ) : –7.8% (ગયા વર્ષે 1.9% હતો)

⇒ તૃતિયક ક્ષેત્ર (સેવાઓ) : –6.8% (ગયા વર્ષે –8.4% હતો)

→ નાણાકીય વર્ષ 2020-21માં રાષ્ટ્રીય શુદ્ધ આવકમાં 2.9% નો ઘટાડો થયો છે, જેમાં ગયા વર્ષે 2.9% નો વધારો થયેલ હતો. 2020-21માં માથાદિઠ આવક 1,26,855 રૂપિયા હતી, જે ગયા વર્ષે 1,32,115 રૂપિયા હતી.

❖ **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને દેશભરમાં 1000 ઈલેકિટ્રકલ વાહનના ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કર્યા છે.**

→ ઈન્ડિયન ઓઈલ આગામી 3 વર્ષોમાં 10,000 ઈંધણ સ્ટેશનો પર EV ચાર્જિંગ સુવિધાઓ પૂરી પાડશે. ઈન્ડિયન ઓઈલે વર્ષ 2017માં નાગપુરમાં પ્રથમ EV ચાર્જર સ્થાપિત કર્યું હતું. નેશનલ મિશન ફોર ટ્રાન્સફોર્મેટિવ મોબિલિટી એન્ડ બેટરી સ્ટોરેજ અનુસાર ઈન્ડિયન ઓઈલ મુંબઈ, હૈદરાબાદ, દિલ્હી, બેંગલુરુ, ચેન્નાઈ, અમદાવાદ, સુરત, કોલકાતા અને પૂણેમાં EV ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્થાપિત કરી રહ્યું છે. આ મિશનને સ્વચ્છ અને ટકાઉ ગતિશીલતામાં વધારો કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવ્યું હતું. જેને 5 વર્ષ એટલે 2024 સુધી માન્યતા અપાઈ છે. આ મિશનની અધ્યક્ષતા નીતિ આયોગના CEO કરી રહ્યા છે.

❖ **પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના (PM-SYM) હેઠળ શ્રમ અને રોજગાર મંત્રી ભુપેન્દ્ર યાદવે 'ડોનેટ–એ–પેન્શન' પહેલ શરૂ કરી છે.**

→ સહાયક કર્મચારીઓ માટે પેન્શન ફંડમાં યોગદાન આપવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે. આ પેન્શન યોજનાની પહેલ હેઠળ નાગરિકો તેમના સપોર્ટ સ્ટાફ જેવા કે ડ્રાઈવર, ઘરેલું કામદારો, હેલ્પર વગેરેનું પ્રીમિયમ યોગદાન દાન કરી શકે છે.

→ PM-SYM એ યોગદાન આપનાર અને સ્વૈચ્છિક પેન્શન યોજના છે જેમાં લાભાર્થી પૂર્વ–નિર્ધારિત વય–વિશિષ્ટ યોગદાન આપે છે, જે સરકાર દ્વારા 50:50 ના ગુણોત્તરમાં મેળ ખાય છે.

→ PM-SYM ની દેખરેખ શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા કરવામાં આવે છે અને તેનો અમલ ભારતીય જીવન વીમા નિગમ અને CSC ઈ–ગવર્નન્સ સર્વિસિસ ઈન્ડિયા લિમિટેડ દ્વારા કરવામાં આવે છે. LIC તેના પેન્શન ફંડ મેનેજર છે. PM-SYM પેન્શન સિસ્ટમ દ્વારા એકત્ર કરાયેલ ભંડોળ ભારત સરકારની રોકાણ વ્યૂહરચના અનુસાર રોકાણ કરવામાં આવે છે.

→ લાભાર્થીઓ 60 વર્ષની વયે પહોંચે તે પછી તેમને દર મહિને રૂા. 3000 ની બાંયધરીકૃત માસિક પેન્શનની રકમનું વચન આપવામાં આવે છે. પેન્શનની પ્રાપ્તિ દરમિયાન, જો લાભાર્થીનું મૃત્યુ થાય છે, તો લાભાર્થીના પેન્શનના 50 ટકા જીવનસાથીને કુટુંબ પેન્શન તરીકે આપવામાં આવશે.

❖ **માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ ભારતનું ઈક્વિટી માર્કેટ પ્રથમ વખત વિશ્વમાં પાંચમા સ્થાને પહોંચ્યું છે.**

→ હાલમાં ભારત અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ પછી પાંચમા સ્થાને છે. 2022ની શરૂઆતમાં ભારત 7માં ક્રમે હતું. પાછળથી, ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન 7.4% ઘટયું હોવા છતાં બે સ્થાને ચઢયું. હવે, ભારતનું માર્કેટ કેપિટલાઈઝેશન $ 3.21 ટ્રિલિયન છે.

❖ **ફાઈનાન્સિયલ એકશન ટાસ્ક ફોર્સ (FATF) એ તેની ગ્રે લિસ્ટમાં સંયુકત આરબ અમીરાત (UAE) નો સમાવેશ કર્યો છે.**

→ FATF એ 1989 માં G7 દેશો દ્વારા સ્થાપિત આંતર–સરકારી સંસ્થા છે. તે મુખ્યત્વે એક નીતિ–નિર્માણ સંસ્થા છે અને તેનું કાર્ય મની–લોન્ડરિંગ અને આતંકવાદને ધિરાણ આપવાનો સામનો કરવા માટે દેશની નાણાકીય વ્યવસ્થામાં સુધારાને પ્રોત્સાહન આપવાનું છે.

→ FATF ની ગ્રે લિસ્ટ સત્તાવાર રીતે "અન્ય મોનિટર કરેલ અધિકારક્ષેત્રો"ની યાદી તરીકે ઓળખાય છે. જો કોઈ દેશન FATF ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવે છે, તો FATF દ્વારા "મની લોન્ડરિંગ, આંતકવાદી ધિરાણ અને પ્રસાર ધિરાણ" સામે લડવામાં કોઈપણ ખામીઓ અથવા ક્ષતિઓ માટે તેની નજીકથી દેખરેખ અને તપાસ કરવામાં આવશે.

→ આવા દેશો નિર્ધારિત સમયમર્યાદામાં નાણાકીય અનિયમિતતાઓને દૂર કરવા અને નાણાકીય સિસ્ટમની અખંડિતતા જાળવવા માટે FATF સાથે સહયોગ કરવા પણ સંમત થશે. FATF દેશોને નાણાકીય પ્રણાલીમાં સુધારા અને મજબૂતી માટે એક એકશન પ્લાન પણ આપશે.

❖ **ભારતીય રિઝર્વ બેંક (RBI) એ માઈક્રોફાઈનાન્સ ધિરાણકર્તાઓ પરના નિયમનકારી માળખાની જાહેરાત કરી હતી.**

→ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ નોન–બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની–માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટિટયૂશન્સ (NBFC-MFIs) દ્વારા લંબાવવામાં આવેલી નાની લોનની કિંમત પરની માર્જિન કેપ દૂર કરી છે.

→ અગાઉ માઈક્રોફાઈનાન્સ ધિરાણકર્તાઓ દ્વારા વસૂલવામાં આવતા વ્યાજ દર પર મર્યાદા હતી. મહત્તમ વ્યાજ દર સંસ્થા દ્વારા ખર્ચવામાં આવેલા ભંડોળના ખર્ચના 10-12% અથવા પાંચ સૌથી મોટી વાણિજ્યિક બેંકોના સરેરાશ બેઝ રેટના 2.75 ગણા (બેમાંથી જે ઓછું હોય તે) હતું.

→ હવે, માર્જિન કેપ દૂર થવાથી, NBFC-MFIs બેંકો જેવા અન્ય ધિરાણકર્તાઓની જેમ સમાન સ્તરે આવી ગયા છે. લેનારા પર આધાર રાખીને, ધિરાણકર્તાઓ દ્વારા જોખમ પ્રીમિયમ વસૂલવામાં આવી શકે છે.

→ નવા નિર્દેશો મુજબ તમામ માઈક્રોફાઈનાન્સ ધિરાણકર્તાઓએ લોનની કિંમતો અંગે બોર્ડ દ્વારા મંજૂર નીતિ સાથે બહાર આવવું પડશે.

→ પોલિસી દસ્તાવેજમાં વિગતવાર વ્યાજ દરનું મોડેલ નિર્ધારિત કરવું જોઈએ, જેમાં વ્યાજના દરના વિવિધ ઘટકોનો સમાવેશ થાય છે, જેમ કે ભંડોળની કિંમત, જોખમ પ્રીમિયમ, માર્જિન વગેરે. પોલિસી દસ્તાવેજમાં વ્યાજ દર અને અન્ય તમામ શુલ્ક પરની મર્યાદાનો પણ ઉલ્લેખ હોવો જોઈએ.

→ નવા નિર્દેશો ધિરાણકર્તાઓને સુગમતા પ્રદાન કરે છે. ઉદાહરણ તરીકે, જો ધિરાણકર્તાને ઓછી કિંમતનાં ભંડોળની એકસેસ હોય તો તે લોન પર નીચા–વ્યાજ દર વસૂલ કરી શકે છે. બીજી બાજુ, જો ઓછી કિંમતના ભંડોળની એકસેસ ન હોય, તો લોન પર વધુ વ્યાજ દર વસૂલવામાં આવી શકે છે.

→ માઈક્રોફાઈનાન્સ લેવલનો લાભ લેવા માટે લાયક બનવા માટે ઘરની વાર્ષિક આવક વધારીને રૂા. 3 લાખ કરવામાં આવી છે. આમ, માઈક્રોફાઈનાન્સ ધિરાણનું બજાર કદ વધારવામાં આવશે.

❖ **ભારત બ્રોડબેન્ડ નેટવર્ક લિમિટેડ (BBNL) અને ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL)નું મર્જર આ જ મહિનામાં પૂર્ણ થશે.**

→ BBNL અને BSNL ને મર્જ કરવાનો નિર્ણય સરકાર દ્વારા પહેલેથી જ લેવામાં આવ્યો હતો અને આ પ્રક્રિયા 31 માર્ચ પહેલા પૂર્ણ કરવાની હતી. સરકાર આશરે રૂા. 1.6 લાખ કરોડની મૂડી નાખવાની યોજના ધરાવે છે, જેમાંથી રૂા. 36,260 કરોડ આગામી ત્રણ વર્ષમાં BSNL માટે રોકડ સહાય તરીકે હશે. 31 જાન્યુઆરીના રોજ, BSNL/MTNL પર રૂા. 59,588 કરોડનું સંયુકત દેવું હતું.

→ જો BBNL અને BSNL મર્જ થાય, તો BSNL ના 8,60,000 km ઓપ્ટિક ફાઈબરને BBNL ના 5,60,000 કિમી સાથે જોડીને 1.42 મિલિયન કિમીનું એકીકૃત ફાઈબર નેટવર્ક રચી શકાય છે. સમગ્ર દેશમાં BSNL ની વિશાળ બજાર હાજરી સાથે મળીને, તે ગ્રામીણ વિસ્તારોમાં છેલ્લા માઈલની કનેકિટવિટી પૂરી પાડી શકે છે.

❖ **ભારતની સૌથી મોટી આયર્ન ઓર ઉત્પાદક, નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NMDC) લિમિટેડે ડ્રોન આધારિત ખનીજ સંશોધનના હેતુ માટે IIT ખડગપુર સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.**

→ NMDC દ્વારા ભારતમાં પ્રથમ વખત ખનીજ સંશોધન માટે ડ્રોન આધારિત જીઓફિઝિકલ સર્વે અને હાઈપરસ્પેકટ્રલ અભ્યાસ કરવામાં આવશે. NMDC અને IIT ખડગપુર વચ્ચેનો સહયોગ દેશ માટે ખનીજ સંશોધનમાં નવા યુગની શરૂઆત કરશે. IIT ખડગપુર અને NMDC દ્વારા ડ્રોન ફોર માઈનિંગ (UAV)નો ઉપયોગ કરીને સંશોધન માટે સ્પેકટ્રલ ઉત્પાદનો, અલ્ગોરિધમ્સ અને પદ્ધતિઓ વિકસાવવામાં આવશે. સહયોગથી ખાણકામ ટેકનોલોજી અને ખનીજ ઉત્ખન્ન પર ક્ષમતા નિર્માણ કાર્યક્રમોને લક્ષ્યમાં રાખીને સોફટવેર સ્પેકટ્રલ સાધનોના વિકાસ તરફ પણ દોરી જશે.

- **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ડિજિટલ પેમેન્ટ કરવા માટે નોન–ઈન્ટરનેટ વપરાશકર્તાઓના ફોન માટે નવી UPI સેવાઓ UPI123Pay તેમજ 'ડીજીસાથી' નામની ડિજિટલ ચૂકવણીઓ માટે 24 × 7 હેલ્પલાઈન શરૂ કરી છે.**
  - → નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા ડિજિટલ પેમેન્ટ ઉત્પાદનો અને સેવાઓ સંબંધિત માહિતી પર વપરાશકર્તાઓને સ્વચાલિત પ્રતિસાદ આપવા માટે ડીજીસાથીની સ્થાપના કરવામાં આવી છે. હાલમાં તે અંગ્રેજી અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ છે.
  - → UPI123Pay સામાન્ય ફોન પર કામ કરશે જેમાં ઈન્ટરનેટ કનેક્શન નથી. અત્યાર સુધી UPI ફીચર મોટાભાગના સ્માર્ટફોન પર જ ઉપલબ્ધ છે. ફીચર ફોન માટેની UPI સેવા રિટેલ પેમેન્ટ પર RBIના નિયમનકારી સેન્ડબોક્સનો લાભ લેશે. UPI સેવા 'ઓન–ડિવાઈસ' વોલેટ મિકેનિઝમ દ્વારા UPI એપ્લિકેશનમાં ડિજિટલ વ્યવહારોને સક્ષમ કરશે.
- **ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) દ્વારા સ્ટાર્ટ–અપ, ટેકનોલોજી ઈનોવેશન અને બૌદ્ધિક સંપદાને પ્રોત્સાહન આપવા માટે 'MeitY Startup Hub' (MSH) નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.**
  - → 'MeitY Startup Hub' (MSH) એક રાષ્ટ્રીય સંકલન, સુવિધા અને દેખરેખ કેન્દ્ર તરીકે કાર્ય કરશે જે MeitY ની તમામ સ્ટાર્ટ–અપ અને નવીનતા સંબંધિત પ્રવૃત્તિઓને એકીકૃત કરે છે. ભારતમાં લગભગ 8000 ટેક સ્ટાર્ટ–અપ્સ સાથે તે વિશ્વની સૌથી વાઈબ્રન્ટ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમમાંની એક છે, જે તેને વિશ્વની બીજી સૌથી મોટી સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ બનાવે છે.
- **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય નવા GI ટેગ સાથે કૃષિ ઉત્પાદનોની ઓળખ કરી રહ્યું છે જેથી તેને નવા સ્થળોએ નિકાસ કરી શકાય.**
  - → ભૌગોલિક સંકેત (GI) ટેગ એ ઉત્પાદનને આપવામાં આવેલ એક અનન્ય ઓળખકર્તા છે, જે તે ઉત્પાદનના મૂળના ક્ષેત્રને વ્યાખ્યાયિત કરે છે. આ ટેગ તે પ્રદેશની બૌદ્ધિક સંપતિ તરીકે ઉત્પાદનની ઉત્પત્તિ પણ સૂચવે છે. લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ, વારાણસીને નિકાસ હબ બનાવવા માટે સરકાર દ્વારા ખેડૂત ઉત્પાદક કંપનીઓ, ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ અને નિકાસકારોને જોડવા પર પણ ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. દેશના કૃષિ ક્ષેત્રે નિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે, ખાસ કરીને રોગચાળા દરમિયાન, આ રીતે ઉભરતા મુખ્ય વૈશ્વિક ખાદ્ય અને કૃષિ ઉત્પાદનોના સપ્લાયર તરીકે ભારતની સ્થિતિ મજબૂત બની છે.
- **સરકારી પોર્ટલ GeM પરથી માલસામન અને સેવાઓની પ્રાપ્તિ ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. 1 લાખ કરોડના આંકડાને પાર કરી ગઈ.**
  - → આ વિવિધ વિભાગો અને મંત્રાલયો દ્વારા પ્રાપ્તિ પ્રવૃત્તિઓમાં વધારાને કારણે છે. આ આંકડા સાથે, GeM ઈ–પબ્લિક પ્રોક્યોરમેન્ટ માટે વિશ્વની ટોચની પાંચ સિસ્ટમ્સમાં સ્થાન ધરાવે છે. આ પોર્ટલમાં કોઈપણ ચીની પ્રોડક્ટ્સ નથી. આ પોર્ટલ 2016માં તમામ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોને માલસામાન અને સેવાઓની ઓનલાઈન ખરીદી કરવા સક્ષમ બનાવવા માટે શરૂ કરવામાં આવ્યું હતું.
  - → આ પોર્ટલ પર 10,000 થી વધુ સ્ટાર્ટ–અપ્સ પહેલાથી જ નોંધણી કરાવી ચૂકયા છે. આ પોર્ટલ દેશના MSME ને સશક્ત બનાવવાનો પણ પ્રયાસ કરે છે.
  - → GeM પોર્ટલને પંચાયતી રાજ સંસ્થાઓ સાથે પણ જોડવામાં આવી રહ્યું છે જેથી કરીને તેઓ પણ ઓનલાઈન માધ્યમથી ખરીદી અને વેચાણ કરી શકે છે. ઉમેરવામાં આવેલી અન્ય નવી સુવિધાઓમાં બાયબેક માટેની સિસ્ટમનો સમાવેશ થાય છે જે ખરીદદારોને તેમના જૂના ઉત્પાદનોને બદલવા અને વધારાના ડિસ્કાઉન્ટ અથવા બાયબેક મેળવવા માટે સક્ષમ બનાવે છે.
  - → આ પોર્ટલ પરથી ખરીદી કરવા માટે દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને ગુજરાત ટોચના પાંચ રાજ્યોમાં સામેલ છે.
- **તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક (RBI)ના ગવર્નર દ્વારા બેંગલોરમાં રિઝર્વ બેંક ઈનોવેશન હબ (RBIH)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.**
  - → કંપની અધિનિયમ, 2013 ની કલમ 8 હેઠળ રૂા. 100 કરોડના પ્રારંભિક મૂડી યોગદાન સાથે કંપની તરીકે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે RBIની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.
  - → RBIH નો ઉદ્દેશ્ય એવી ઈકોસિસ્ટમ બનાવવાનો છે જે દેશમાં ઓછી આવક ધરાવતી વસ્તી માટે નાણાકીય સેવાઓ અને ઉત્પાદનોની એક્સેસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
  - → આ RBIH ની સ્થાપનાના ઉદ્દેશ્યને અનુરૂપ છે, એટલે કે નાણાકીય સમાવેશની અંતર્ગત થીમ સાથે ભારતમાં નાણાકીય ક્ષેત્રમાં વિશ્વ કક્ષાની નવીનતાઓ લાવવા માટે છે.
- **તાજેતરમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામને 1 માર્ચના રોજ 46મા 'નાગરિક એકાઉન્ટ્સ દિવસ' (અથવા નાગરિક લેખા દિવસ)ના અવસર પર 'ઈ–બિલ સિસ્ટમ' લોન્ચ કરી હતી.**
  - → ભારતમાં નાણાકીય સમાવેશ અભિયાનને સરળ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની જાહેરાત કેન્દ્રીય બજેટ 2022માં કરવામાં આવી હતી. 1 માર્ચ, 1976 ના રોજ ઈન્ડિયન સિવિલ એકાઉન્ટ્સ સર્વિસ (ICAS)ની સ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે દર વર્ષે 'સિવિલ એકાઉન્ટ્સ ડે' અથવા નાગરિક એકાઉન્ટ્સ ડે ઉજવવામાં આવે છે.
- **તાજેતરમાં નીતિ આયોગ દ્વારા 'એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ' (નિકાસ ઈન્ડેક્ષ) 2021 રજૂ કરવામાં આવ્યો જેમાં ગુજરાત સતત બીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યું.**
  - → આ રિપોર્ટમાં બીજા ક્રમે મહારાષ્ટ્ર અને ત્રીજા ક્રમે કર્ણાટક રાજ્ય રહ્યું હતું. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ અથવા નાના રાજ્યોની કેટેગરીમાં દિલ્હી પ્રથમ ક્રમાંકે જ્યારે ગોવા બીજા ક્રમે અને જમ્મુ કાશ્મીર ત્રીજા ક્રમે રહ્યું. ગુજરાત આ યાદીમાં 78.86 પોઈન્ટ્સ સાથે અગ્રેસર રહ્યું હતું. આ ઈન્ડેક્ષ વિવિધ 5 માપદંડો અને 11 પેટા માપદંડોના આધારે તૈયાર થાય છે.
- **તાજેતરમાં કેન્દ્ર સરકારની કંપની 'મહાનદી કોલફિલ્ડસ લિમિટેડ' વર્તમાન નાણાંકીય વર્ષ (2021-22) માં 15.7 કરોડ ટનથી વધુ કોલસાનું ઉત્પાદન કરીને દેશની સૌથી મોટી કોલસા ઉત્પાદન કંપની બની છે.**
  - → મહાનદી કોલફિલ્ડસ એ કોલ ઈન્ડિયા લિમિટેડ (CIL) ની ગૌણ સંસ્થા છે.
- **કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)માં ત્રણ ટકાનો વધારો કરી 34% કરવામાં આવ્યો.**
  - → આ પહેલા મોંઘવારી ભથ્થુ 31% હતું જે હવે 34% રહેશે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **ઈલેક્ટ્રોનિકસ અને IT મંત્રાલય અંતર્ગત કાર્યરત્ કોમન સર્વિસ સેન્ટર (CSC) એ તાજેતરમાં 'યોગ્યતા મોબાઈલ એપ્લિકેશન' લોન્ચ કરી છે.**

→ એપ્લિકેશનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં યુવાનોને કૌશલ્ય વિકાસ અવસરો પૂરો પાડવાનો છે.

→ મોબાઈલ એપ્લિકેશન 3D પ્રિન્ટિંગ, CAD, સાયબર સુરક્ષા અને અનેક અન્ય IT ટૂલ્સમાં અભ્યાસક્રમો ઓફર કરશે. એપ ઉદ્યોગ આધારિત તાલીમ પૂરી પાડીને તાલીમાર્થીઓને નોકરીઓ માટે તૈયાર કરશે. યોગ્યતા મોબાઈલ એપ પર ઓફર કરાઈ રહેલા અભ્યાસક્રમો દેશના વર્તમાન બજારની જરૂરિયાતોને અનુરૂપ હશે.

❖ **ઓસ્ટ્રેલિયાએ તેના સમગ્ર પૂર્વ કાંઠે કોઆલાની વસતીમાં નાટયાત્મક ઘટાડાને પગલે સત્તાવાર રીતે કોઆલાને લુપ્તપ્રાય (Endangered) પ્રજાતિ ઘોષિત કરી છે.**

→ નિવાસના નુકસાન, લાંબા દુષ્કાળના પ્રભાવ, બ્લકે સમર દાવાનળ (જંગલની આગ), શહેરીકરણ તથા રોગની સંચિત અસરોના કારણે સમગ્ર દેશમાં કોઆલાની વસતી નોંધપાત્ર રીતે ઘટી રહી છે. વધુમાં, 2019 અને 2020માં ઓસ્ટ્રેલિયાના પૂર્વીય અને દક્ષિણી રાજ્યોમાં ભડકી ઉઠેલા દાવાનળે હજારો કોઆલાના જીવ લીધા હતા. આથી, હવે તેમને લુપ્તપ્રાય પ્રજાતિના દરજ્જો આપવાથી વધુ રક્ષણ મળશે.

❖ **જૂનાગઢની નરસિંહ મહેતા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સીઝના પ્રાણીશાસ્ત્ર (ઝૂલોજી) વિભાગે ગિરનારના જંગલમાંથી તદ્દન નવા જ પ્રકારના કરોળિયાની શોધ કરી છે.**

→ આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ઝૂલોજી વિભાગના ડો. જતીન રાવલ તથા તેમના Ph.D.ના વિદ્યાર્થીના નમ્રતા હૂણ દ્વારા આ શોધ કરાઈ છે. વિશ્વના કુલ 49,858 જાતિના કરોળિયા કરતા આ કરોળિયો અલગ છે. આ કરોળિયો સામાન્ય રીતે ગિરનારના જંગલમાં, દાતારની ટેકરીમાં જોવા મળતો હોય તેને નરસિંહ મહેતાઈ નામ અપાયું છે.

❖ **તાજેતરમાં ભારતના પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ INS વિક્રાંત પરથી રાફેલ યુદ્ધ વિમાનની સમુદ્રી આવૃત્તિનું સફળતાપૂર્વક પરીક્ષણ કરાયું હતું.**

→ INS વિક્રાંત પરથી રાફેલ જેટના ટેક ઓફની તપાસ માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. INS વિક્રાંત વિમાનવાહક જહાજ કેટાપલ્ટ લોન્ચનો ઉપયોગ કરે છે. કેટાપલ્ટ (ગુલલ) એક ઉપકરણ છે, જે વિમાનને એક નાની જગ્યાથી ઉડાન ભરવામાં સક્ષમ બનાવે છે, તે એક પ્રકારનું આસિસ્ટેડે ટેક ઓફ છે. કેટાપલ્ટ માત્ર 2 થી 3 સેકન્ડમાં વિમાનને 0 થી 165 નોટિકલ માઈલની ઝડપ આપે છે. કેટાપલ્ટ સિવાય STOBAR (Short Take-Off But Arrested Recovery) પ્રસિદ્ધ પ્રક્ષેપણ પ્રણાલી છે. તેનો ઉપયોગ મુખ્યત્વે ચીન અને રશિયા કરે છે.

❖ **ભારતીય નૌકાદળની સ્કોર્પીન શ્રેણીની પાંચમી સબમરીન વાગીરનું પ્રથમ સમુદ્રી પરીક્ષણ શરૂ થયું.**

→ વાગીર પ્રોજેક્ટ 75ના ભાગ તરીકે ફ્રેન્ચ ડિઝાઈનની 6 સ્કોર્પીન શ્રેણીની સબમરીનો (કલવરી શ્રેણી)માં પાંચમી સબમરીન છે. ફ્રાન્સના નૌકાદળ સમૂહના સહયોગથી મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિ. (MDL), મુંબઈ, મહારાષ્ટ્ર દ્વારા તેના નિર્માણ દરમિયાન યાર્ડ 11879 નામની આ સબમરીનને સેવામાં સામેલ થયા બાદ વાગીર નામ અપાશે. સબમરીનનું નામ INS વાગીર એક રશિયન વેલા–શ્રેણીની સબમરીનના નામ પરથી રખાયું છે, જે 1973 થી 2001 સુધી નૌકાદળમાં સેવામાં હતી.

→ સ્કોર્પીન કલાસ (P-75)ની 6 સબમરીનોનું નિર્માણ MDL, મુંબઈમાં કરવામાં આવી રહ્યું છે. INS કલવરી અને INS ખંડેરી નામની બે સબમરીનોને અનુક્રમે ડિસેમ્બર 2017 અને સપ્ટેમ્બરી 2019માં ભારતીય નૌકાદળમાં સામેલ કરાઈ છે. ત્રીજી સબમરીન INS કરંજ સમુદ્રી પરીક્ષણોના આખરી તબક્કામાં છે. ચોથી સ્કોર્પીન શ્રેણીની સબમરીન INS વેલાએ સમુદ્રી પરીક્ષણ શરૂ કરી દીધું છે, જ્યારે છઠ્ઠી સબમરીન વાગશીર, જે નિર્માણાધીન છે તે જૂન 2022માં તૈયાર થઈ જવાની સંભાવના છે.

❖ **28 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 2022 ના અવસર પર, સરકારે આંતરરાષ્ટ્રીય ચોમાસુ પ્રોજેકટ ઓફિસ શરૂ કરી છે.**

→ શરૂઆતમાં પાંચ વર્ષ માટે, ઈન્ટરનેશનલ મોનસૂન પ્રોજેકટ ઓફિસ (IMPO) પૂણેમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રોપિકલ મેટિરોલોજી (IITM) ખાતે આધારિત હશે.

→ ઈન્ટરનેશનલ મોનસૂન પ્રોજેકટ ઓફિસ (IMPO)ની સ્થાપના દેશના અર્થતંત્ર માટે ચોમાસાના મહત્વને ઉજાગર કરવા માટે કરવામાં આવી છે. વર્લ્ડ કલાઈમેટ રિસર્ચ પ્રોગ્રામ અને વર્લ્ડ વેધર રિસર્ચ પ્રોગ્રામની આગેવાની હેઠળ, IMPO આંતરરાષ્ટ્રીય ચોમાસા સંશોધન–સંબંધિત જોડાણો અને પ્રવૃત્તિઓને ઓળખવામાં અને પ્રોત્સાહન આપવા માટે સામેલ થશે.

❖ **પુસા કૃષિ વિજ્ઞાન મેળા 2022નું આયોજન 9 થી 11 માર્ચ 2022 દરમિયાન પુસા સંસ્થાના મેળા ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું.**

→ આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કર્યુ હતું. આ મેળાની મુખ્ય થીમ "ટેકનિકલ જ્ઞાન દ્વારા આત્મનિર્ભર ખેડૂત" છે. આ ત્રણ દિવસીય કૃષિ મેળાનું આયોજન ICAR–ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI) દ્વારા કરવામાં આવ્યું હતું.

❖ **કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટનો સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાયરમેન્ટ રિપોર્ટ, 2022 બહાર પાડયો.**

→ આ અહેવાલ મુજબ, શૂન્ય ભૂખમરો, સારા સ્વાસ્થ્ય અને સુખાકારી, લિંગ સમાનતા અને ટકાઉ શહેરો અને સમુદાયો જેવા પડકારોને કારણે 11 SDGમાં ભારતનું રેન્કિંગ નીચે આવ્યું છે.

→ ભારતે શિક્ષણની ગુણવત્તા અને જમીન પર જીવનની ગુણવત્તાના સંદર્ભમાં પણ ખરાબ પ્રદર્શન કર્યું હતું. ભારતે ગયા વર્ષે ભૂખમરો સમાપ્ત કરવા અને ખાદ્ય સુરક્ષા હાંસલ કરવા, લિંગ સમાનતા હાંસલ કરવા અને સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવા, સમાવેશી અને ટકાઉ ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવા અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સંઘર્ષ કર્યો હતો.

→ 2030 એજન્ડના ભાગ રૂપે 2015 માં 192 UN સભ્ય દેશો દ્વારા અપનાવવામાં આવેલા 17 ટકાઉ વિકાસ લક્ષ્યો પર, ભારત ગયા વર્ષના 117 રેન્કિંગથી ત્રણ સ્થાન નીચે 120 પર આવી ગયું છે.

→ નવીનતમ રેન્કિંગ મુજબ, ભારત પાકિસ્તાન સિવાય અન્ય તમામ દક્ષિણ એશિયાઈ દેશોથી પાછળ છે, જે 129મા ક્રમે છે. દક્ષિણ એશિયાના દેશોમાં ભૂટાન 75મા, શ્રીલંકા 87મા, નેપાળ 96મા અને બાંગ્લાદેશ 109મા ક્રમે છે.

→ ભારતનો એકંદર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) સ્કોર 100 માંથી 66 હતો. આ અહેવાલ મુજબ, 2030 ના લક્ષ્યાંક વર્ષ સુધીમાં SDG ને પહોંચી વળવા માટે સૌથી ઓછા તૈયાર રાજ્યો ઝારખંડ અને બિહાર છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે કેરળ યાદીમાં ટોચ પર છે, જેમાં તમિલનાડુ અને હિમાચલ પ્રદેશ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

→ આ અહેવાલ મુજબ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચંદીગઢ ટોચ પર છે, ત્યારબાદ દિલ્હી, પુડુચેરી અને લક્ષદ્વીપ બીજા સ્થાને અને આંદામાન અને નિકોબાર દ્વીપ ત્રીજા સ્થાને છે.

❖ **સંચાર અને IT મંત્રી અશ્વિની વૈષ્ણવે 3 માર્ચ, 2022ના રોજ નવી દિલ્હીમાં NIC ટેક કોન્કલેવ 2022 ની ત્રીજી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કર્યું.**

→ NIC ટેક કોન્કલેવ એ બે દિવસીય ઈવેન્ટ છે. તેનું આયોજન નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર વિશેષ અતિથિ હતા.

→ આ કાર્યક્રમમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના સચિવો અને કેન્દ્ર અને રાજ્ય સરકારોના અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. NIC ઈ–ગવર્નન્સમાં લાગુ થતી ઉભરતી તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરીને ટેક કોન્કલેવનું આયોજન કરે છે.

→ NIC ટેક કોન્કલેવ 2022 ની થીમ "નેક્સ્ટ–જન ટેકનોલોજી ફોર ડિજિટલ ગવર્નમેન્ટ" છે.

→ આ કોન્કલેવ સરકારી મંત્રાલયો અને વિભાગોના IT મેનેજરોને નવીનતમ ICT તકનીકો અને ઉદ્યોગની નવીનતમ તકનીકો અને શ્રેષ્ઠ પ્રથાઓ પર તેમના ઉપયોગના કિસ્સાઓ વિશે પણ સમૃદ્ધ બનાવશે. તે રાજ્ય સરકારોના IT સચિવો માટે નવી ટેકનોલોજી અને એપ્લિકેશનને વધુ સારી રીતે જાણવા માટે એક મંચ તરીકે કામ કરશે, જેથી રાજ્યોમાં તેનો અમલ કરી શકાય.

❖ **ભારતીય રેલ્વે દ્વારા વિકસિત એક સ્વચાલિત ટ્રેન અથડામણ વિરોધી 'કવચ' સિસ્ટમ વિકસિત કરવામાં આવી છે. જેનું તાજેતરમાં સફળતાપૂર્વક પરીક્ષણ થયું.**

→ કવચ એ સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમ છે જે ટ્રેનો વચ્ચે અથડામણને અટકાવે છે. તેને ટ્રેન અથડામણ ટાળવાની સિસ્ટમ (TCAS) તરીકે પણ ઓળખવામાં આવે છે. તે 2012 થી વિકસાવવામાં આવી રહ્યું છે અને તેનું પ્રથમ ક્ષેત્ર પરીક્ષણ 2016માં હાથ ધરવામાં આવ્યું હતું. હાલમાં, તે દક્ષિણ મધ્ય રેલવે ઝોનના લિંગમપલ્લી અને વિકરાબાદ વિભાગમાં કાર્યરત છે.

→ કવચ પ્રણાલીએ આપમેળે બ્રેક લગાવી અને 380 મીટરના અંતરે ટ્રેનોને રોકી, અકસ્માતને અટકાવ્યો. ટ્રાયલ સફળતાપૂર્વક કવચ સિસ્ટમની સલામતી અને અસરકારકતા દર્શાવે છે.

❖ **HANSA – New Generations (HANSA-NG) એ ભારતનું પ્રથમ સ્વદેશી તાલીમ વિમાન છે. જેને વિકસિત કરવામાં આવ્યું.**

→ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ નેશનલ એરોસ્પેસ લેબોરેટરીઝ (CSIR-NAL) દ્વારા હંસા–એનજી સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે. તે બે સીટર એરક્રાફ્ટ છે અને HANSAનું નવું વર્ઝન છે, જેને 30 વર્ષ પહેલા વિકસાવવામાં આવ્યું હતું.

→ હંસા–એનજી એક અદ્યતન તાલીમ વિમાન છે. તે Rotax ડિજિટલ કંટ્રોલ એન્જિન દ્વારા સંચાલિત છે. તેમાં અન્ય વિશિષ્ટ સુવિધાઓ છે જેમ કે સંયુક્ત લાઈટવેઈટ એરફ્રેમ, ગ્લાસ કોકપિટ, વિશાળ પેનોરેમિક વ્યૂ સાથે બબલ કેનોપી, ઈલેક્ટ્રિકલી ઓપરેટેડ ફ્લેપ્સ વગેરે. તેના ફાયદાઓમાં ઓછી કિંમત અને ઓછા બળતણ વપરાશનો સમાવેશ થાય છે. આમ તે કોમર્શિયલ પાયલટ લાઈસન્સિંગ (CPL) હેતુઓ માટે શ્રેષ્ઠ અનુકૂળ છે અને ભારતીય ફ્લાઈંગ ક્લબની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

❖ **કેન્દ્રીય જલ શકિત મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે 23 માર્ચ 2022ના રોજ સુજલામ 2.0 અભિયાનની શરૂઆત કરી હતી.**

→ આ અભિયાન ગ્રે વોટર મેનેજમેન્ટ માટે શરૂ કરવામાં આવ્યું છે. જલ શકિત મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા આ લોન્ચ ઈવેન્ટનું વર્ચ્યુઅલ રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

→ 9 મંત્રાલયોએ પ્રોગ્રામના અમલીકરણમાં સીધા સામેલ લોકોની સાથે કન્વર્જન્સ મોડલના આધારે ગ્રે વોટર મેનેજમેન્ટનું આયોજન કેવી રીતે કરી શકાય તે જોવા માટે સંયુક્ત પરામર્શ પર હસ્તાક્ષર કર્યા.

→ ગ્રામીણ વિકાસ મંત્રાલય, જલ શકિત મંત્રાલય, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, આદિજાતિ બાબતોનું મંત્રાલય, પર્યાવરણ,વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય એવા નવ મંત્રાલયો છે જેમણે સંયુક્ત પરામર્શ પર હસ્તાક્ષર કર્યા છે.

→ આ અભિયાનની થીમ 'Groundwater: making the invisible visible' છે. સુજલામ 2.0 અભિયાન લોકોની ભાગીદારી દ્વારા ગ્રે વોટરનું સંચાલન કરવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું છે.

❖ **23 માર્ચ, 2022 ના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા સપાટીથી સપાટી પર બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.**

→ આ મિસાઈલનું પરીક્ષણ ભારતના એર ચીફ માર્શલ વી.આર.ચૌધરી અને અન્ય સંરક્ષણ અધિકારીઓએ નિરીક્ષણ કર્યું હતું. જે મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું તેણે સંપૂર્ણ ચોકસાઈ સાથે તેના લક્ષ્ય પર પ્રહાર કર્યો હતો. એર ચીફ માર્શલ વી.આર.ચૌધરી દળોની ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરવા આંદામાન અને નિકોબાર ટાપુઓ પર ગયા હતા.

❖ **14 માર્ચે વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયે દેશની 13 મોટી નદીઓને પુનર્જીવિત કરવા માટે એક પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.**

→ પસંદ કરેલી નદીઓ કાયાકલ્પ પ્રોજેક્ટનો ભાગ છે, જેમાં નીચેની નદીઓનો સમાવેશ થાય છે :

⇒ હિમાલયની નદીઓ : જેલમ, ચિનાબ, રાવી, બિયાસ, સતલજ, યમુના અને બ્રહ્મપુત્રા.

⇒ ડેક્કન અથવા દ્વીપકલ્પીય નદીઓ : નર્મદા, ગોદાવરી, મહાનદી, કૃષ્ણા અને કાવેરી.

⇒ આંતરદેશીય ડ્રેનેજ શ્રેણી નદીઃ લુની.

⇒ આ 13 નદીઓ ભારતના ભૌગોલિક વિસ્તારના લગભગ 57.45% વિસ્તારને આવરી લે છે.

→ નદી કાયાકલ્પ પ્રોજેક્ટ ચાર લક્ષ્યો હાંસલ કરવા માંગે છે :

⇒ નદીઓ અને તેમના લેન્ડસ્કેપનું ટકાઉ સંચાલન.

⇒ જૈવવિવિધતા સંરક્ષણ અને પર્યાવરણીય પુનઃસંગ્રહ.

⇒ ટકાઉ આજીવિકા સુધારણા.

⇒ જ્ઞાન વ્યવસ્થાપન.

→ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન (ICFRE) એ કાયાકલ્પ માટે પસંદ કરેલી 13 નદીઓનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કર્યો છે. આ પ્રોજેક્ટની કિંમત 19,342.62 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે અને તેને અમલમાં આવતા પાંચ વર્ષ લાગશે. નદી કિનારે જંગલો બનાવીને અથવા નદી કિનારે વૃક્ષારોપણ કરીને નદીઓને નવજીવન આપવાની યોજના છે. આ પ્રોજેક્ટ ભારતના જંગલ વિસ્તારને 7,417 ચોરસ કિલોમીટર સુધી વધારી શકે છે. નદી કિનારે જંગલો કુદરતી બરફ અને બફર અને બાયોફિલ્ટર તરીકે કામ કરે છે, જે નદીઓના સ્વ–શુદ્ધિકરણની પ્રક્રિયા હાથ ધરે છે.

→ આ જંગલો કાર્બન સિંક બનાવશે, કારણકે તેઓ વાતાવરણીય કાર્બન ડાયોકસાઈડને શોષી લે છે; ભારતને તેના કાર્બન શોષણના લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરવા.

❖ **કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, નીતિન ગડકરીએ હાઈડ્રોજન આધારિત એડવાન્સ્ડ ફયુઅલ સેલ ઈલેકિટ્રક વ્હીકલ (FCEV) માટે પાઈલટ પ્રોજેકટનું ઉદ્‌ઘાટન કર્યું.**

→ આ પાયલોટ પ્રોજેકટ ટોયોટા કિર્લોસ્કર મોટર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. ટોયોટા આ પ્રોજેકટ માટે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ઓટોમોટિવ ટેકનોલોજી (ICAT) સાથે કામ કરશે.

→ આ પ્રોજેકટમાં ભારતના રસ્તાઓ અને આબોહવાની પરિસ્થિતિઓ પર "ટોયોટા મિરાઈ" નામના વિશ્વના સૌથી અદ્યતન ફયુઅલ સેલ ઈલેકિટ્રક વ્હીલક (FCEV)ના અભ્યાસ અને મૂલ્યાંકનનો સમાવેશ થાય છે.

→ તેનો હેતુ હાઈડ્રોજન, ફયુઅલ સેલ ઈલેકિટ્રક વ્હીકલ (FCEV) ટેકનોલોજી અને હાઈડ્રોજન આધારિત ઈકોસિસ્ટમને ટેકો આપવાના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.

→ Toyota Mirai 2014 માં લોન્ચ કરવામાં આવી હતી અને તે વિશ્વના પ્રથમ હાઈડ્રોજન ઈંધણથી ચાલતા ઈલેકિટ્રક વાહનોમાંનું એક છે.

→ ફયુઅલ સેલ ઈલેકિટ્રક વ્હીકલ (FCEV) હાઈડ્રોજન દ્વારા સંચાલિત છે. FCEV ઈકો–ફ્રેન્ડલી છે, કારણ કે તે શૂન્ય ટેલપાઈપ ઉત્સર્જન ધરાવે છે. આમ, તે શ્રેષ્ઠ શૂન્ય–ઉત્સર્જન ઉકેલોમાંથી એક છે.

❖ **સંયુકત રાષ્ટ્ર દ્વારા આગામી પાંચ વર્ષમાં દરેકને પ્રારંભિક હવામાન – ચેતવણી પ્રણાલીની શ્રેણીમાં મૂકવા માટે એક પ્રોજેકટની જાહેરાત કરવામાં આવી છે.**

→ આબોહવા પરિવર્તનની અસરોને કારણે કુદરતી આફતો વધુ વારંવાર અને વધુ શકિતશાળી બની છે. સંયુકત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે જીનીવા સ્થિત વિશ્વ હવામાન સંસ્થાના સહયોગથી આ પ્રોજેકટની જાહેરાત કરી હતી.

→ આ પ્રોજેકટનો ઉદ્દેશ્ય એવી ચેતવણી પ્રણાલીઓ બનાવવાનો છે જે ઘણા સમૃદ્ધ દેશોમાં પહેલેથી ઉપયોગમાં છે અને પૃથ્વીના વિકાસશીલ દેશો માટે ઉપલબ્ધ છે. પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ વાસ્તવિક સમયના ધોરણે જમીન અને સમુદ્ર પર વાતાવરણની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં મદદ કરે છે.

❖ **વિશ્વ જળ દિવસ (22 માર્ચ)ના અવસરે, સ્વચ્છ ગંગા માટે રાષ્ટ્રીય મિશન, યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) અને અન્ય ભાગીદારોએ તેમની પહેલ "H2Ooooh! - "વોટર વાઈઝ પ્રોગ્રામ" હેઠળ ભારતના બાળકો માટે ત્રણ એનિમેશન ફિલ્મો રજૂ કરી છે.**

→ આ ફિલ્મો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય નદીઓના બચાવ અને સંરક્ષણ પર કેન્દ્રિત વાર્તાઓ પર આધારિત છે.

❖ **ભારતમાં પ્લાસ્ટિક કચરાનો સામનો કરવા માટે 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલ શરૂ કરવામાં આવી છે.**

→ પ્લાસ્ટિક રિસાયકલિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ પર ઈન્ટરનેશનલ સમિટમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગના રાજયમંત્રી શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્મા દ્વારા 'સંભવ' અને 'સ્વાવલંબન' પહેલ શરૂ કરવામાં આવી હતી. આ પહેલનો હેતુ ખાસ કરીને ભારતના મહત્વાકાંક્ષી જિલ્લાઓમાંથી યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવાનો છે.

→ પ્લાસ્ટિક રિસાયકલિંગ અને વેસ્ટ મેનેજમેન્ટ પર આંતરરાષ્ટ્રીય સમિટ બે દિવસીય સમિટ છે, જેનું ઉદ્‌ઘાટન MSME રાજયમંત્રી શ્રી ભાનુપ્રતાપ સિંહ વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેકચરર્સ એસોસિએશન (AIDMA) ના સહયોગથી MSME મંત્રાલય દ્વારા સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટનું સૂત્ર 'Know your wast and how Recycling is the right thing to do, Which is to be done in a right way' છે.

❖ **'પરમ ગંગા' એ મેડ ઈન ઈન્ડિયા પેટાસ્કેલ સુપર કમ્પ્યૂટર છે. જે નેશનલ સુપર કોમ્પ્યુટીંગ મિશન (NSM) હેઠળ IIT રૂરકી ખાતે સ્થાપિત થયું છે.**

→ NSM હેઠળ 'સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટીંગ' (C-DAC) દ્વારા તેની સ્થાપના કરવામાં આવી છે. પરમ ગંગાની સુપર કમ્પ્યુટીંગ ક્ષમતા 1.66 પેટાફલોપ્સ છે.

❖ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જળ શકિત અભિયાન "કેચ ધ રૈન 2022" નો આરંભ કરાવ્યો.**

→ આ અભિયાનની શરૂઆત 29 માર્ચના રોજ શરૂ કરવામાં આવ્યું. જે 30 નવેમ્બર, 2022 સુધી ચાલુ રહેશે.

❖ **ભારતીય નૌકાદળે ચાર P8I વિમાનોની બીજી સ્કવોડ્રનને INS 316 ના નામે ડાબોલિયમ પાસેના હવાઈ સ્ટેશન INS હંસામાં કમિશન્ડ કરવામાં આવી.**

→ આ વિમાનોને ધી કોન્ડોર (ગીધ) નામ આપવામાં આવ્યું છે. જે લાંબા અંતરના જાસૂસી વિમાનો છે. આ બે એન્જિનવાળું વિમાન હવામાંથી યુદ્ધ જહાજ પર મિસાઈલ વડે અને ટોરપીડો વડે સબમરીન પર હુમલો કરી શકે છે.

❖ **DRDO દ્વારા 23 માર્ચ, 2022 ના રોજ આંદમાન અને નિકોબારમાં બ્રહ્મોસ સુપર સોનિક ક્રૂઝ મિસાઈલનું સફળતા પૂર્વક પરીક્ષણ કર્યું.**

→ બ્રહ્મોસ મિસાઈલનું સપાટીથી સપાટી પર પ્રહાર કરી શકે તે માટેનું સફળતા પૂર્વક પરીક્ષણ કર્યું હતું. બ્રહ્મોસ મિસાઈલ એ સુપર સોનિક ક્રૂઝ મિસાઈલ છે. જે પાણી, જમીન અને હવામાંથી પ્રક્ષેપણ કરી શકે છે. તાજેતરમાં ભારત સરકારે બ્રહ્મોસ મિસાઈલની નિકાસ કરવા ફિલિપાઈન્સ સરકાર સાથે કરાર કર્યા હતા.

❖ **કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે 5 ઓકટોબરને "રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ" ના રૂપમાં મનાવવાની જાહેરાત કરી.**

→ આ દિવસ ડોલ્ફિનના સંરક્ષણ માટે જાગરૂકતા લાવવા માટેનો એક ઐતિહાસિક પગલું છે.

❖ **DRDO દ્વારા 27 માર્ચ, 2022ના રોજ ઓડિશાના બાલાસોર ખાતે સપાટી પરથી હવામાં પ્રહાર કરી શકે તેવી મધ્યમ રેન્જની મિસાઈલ (MRSAM) સીસ્ટમનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.**

→ DRDO એ આ મિસાઈલ ઈઝરાયેલની એક કંપની સાથે મળીને વિકસિત કરી હતી. MRSAM મિસાઈલ સિસ્ટમ ખરાબ હવામાનમાં પણ 70 કિલોમીટરની રેન્જમાં અનેક લક્ષ્યોને નિશાન બનાવી શકે છે. આ સિસ્ટમ શત્રુઓના ફાઈટર જેટ, હેલિકોપ્ટર UAV અને આ પ્રકારની અન્ય સિસ્ટમને ધ્વસ્ત કરી શકે છે.

❖ **IQ Air's 2021 વર્લ્ડ એર કવોલિટી રિપોર્ટ મુજબ ભારતની રાજધાની નવી દિલ્હી સતત બીજા વર્ષે વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની શહેર જાહેર કરવામાં આવ્યું.**

→ જ્યારે બીજા ક્રમે બાંગ્લાદેશની રાજધાની ઢાકા, ત્રીજા ક્રમે ચાડની રાજધાની જામેના અને ત્રીજા ક્રમે તઝાકિસ્તાનની રાજધાની દુશાંબેનો ક્રમ આવે છે. વર્ષ 2021માં વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોમાં ટોચના 100 શહેરોમાં ભારતના 63 શહેર શામેલ છે.

→ ભારતના ટોચના દસ પ્રદૂષિત શહેરો : (1) ભિવંડી, (2) ગાઝિયાબાદ, (3) દિલ્હી, (4) જૌનપુર, (5) ફૈસલાબાદ, (6) નોઈડા, (7) બાગયત, (8) હિસાર, (9) ફરીદાબાદ અને (10) રોહતક.

❖ **DRDO દ્વારા ઘરેલુ નિર્મિત પાંચમી પેઢીના યુદ્ધ વિમાનના કાર્યક્રમ માટે 45 દિવસમાં તૈયાર કરાયેલી સાત માળની ઈમારતનું કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ DRDO ના બેંગ્લુરુ પરિસરમાં એડવાન્સ મીડિયમ કૌમ્બેટ એરક્રાફ્ટ (AMCA) પરિયોજનાના આધારે લડાકુ વિમાન અને ફ્લાઈટ કંટ્રોલ સીસ્ટમ (FCS)ના માટે વિમાન વિકસિત કરવાની સુવિધા હશે. આ ઈમારતમાં ઈન–હાઉસ ડેવલપેડ હાઈબ્રીડ ટેકનોલોજીનો ઉપયોગ કરાયો હતો. આ ઈમારતમાં ભારતીય વાયુસેનાના પાંચમી પેઢીના મધ્યમ વજનવાળા અને ઉંડાઈ સુધી માર કરવા વાળા લડાકુ વિમાનનોને વિકસિત કરવામાં શોધ અને વિકાસની સુવિધા હશે.

❖ **વર્ષ 2022નું પ્રથમ વાવાઝોડું 'અસાની' દક્ષિણ પૂર્વ બંગાળના અખાતમાં રચાયું હતું.**

→ આ ચક્રવાતનું નામ શ્રીલંકા દ્વારા આપવામાં આવ્યું છે.

❖ **ISRO દ્વારા સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ (SSLV)ના સોલિડ ફયુઅલ બુસ્ટર સ્ટેજનો ગ્રાઉન્ડ ટેસ્ટ સફળતા પૂર્વક કરવામાં આવ્યો.**

→ આ સાથે SSLV ના ત્રણેય સ્ટેજનું ગ્રાઉ ટેસ્ટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ SSLV નું પરીક્ષણ શ્રી હરિકોટા, સતીષ ધવન સ્પેસ સેન્ટર પરથી કરવામાં આવ્યું. ISRO દ્વારા નાના ઉપગ્રહો કે 500 કિ.ગ્રા. વજન સુધીના ઉપગ્રહોને પૃથ્વીની નીચલી કક્ષામાં લઈ જવા માટે આ પ્રક્ષેપણ યાનનો વિકાસ કરી શકે

❖ **ભારતીય સંશોધકો દ્વારા સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસનું નવું એર વર્ઝન વિકસિત કરવામાં આવ્યું છે.**

→ આ મિસાઈલ 800 કિમી સુધીની મારક ક્ષમતા ધરાવે છે. નોંધનીય છે કે આ પહેલા જે વર્ઝન વિકસાવ્યું હતું તે સુખોઈ ફાઈટર પ્લેન દ્વારા 300 કિમી દૂર સુધીની જ મારક ક્ષમતા ધરાવતું હતું.

❖ **ભારત અને ફ્રાન્સ નૌસેના વચ્ચે દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસનું 20મું સંસ્કરણ 'વરુણ યુદ્ધાભ્યાસ' 30 માર્ચ થી 3 એપ્રિલ, 2022 ના રોજ અરબ સાગરમાં આયોજિત થશે.**

→ બન્ને દેશો વચ્ચે દ્વિપક્ષીય નૌસેના અભ્યાસની શરૂઆત વર્ષ 1993 માં થઈ હતી. આ અભ્યાસને વર્ષ 2001માં વરૂણ નામ આપવામાં આવ્યું.

❖ **DRDO દ્વારા ઓડિશાના ચાંદીપુર સ્થિત ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતેથી બે મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM) સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.**

→ આ મિસાઈલ જમીન પરથી હવામાં ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. બંને મિસાઈલોએ હવામાં નક્કી કરાયેલ નિશાનને સફળતા પૂર્વક સાધ્યું હતું. આ પ્રકારની મિસાઈલનો ઉપયોગ ભારતીય સેના દ્વારા કરવામાં આવે છે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **મુંબઈ વર્ષ 2023માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)ના સત્રની મેજબાની કરશે.**

→ સત્રનું આયોજન અત્યાધુનિક જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં કરાશે. આ બેઠકમાં વર્ષ 2030ના શિયાળુ ઓલિમ્પિકના મેજબાન દેશની વરણી માટેની ચૂંટણી યોજાશે તથા વર્ષ 2028માં લોસ એન્જલસમાં નિર્ધારિત ઓલિમ્પિક ગેમ્સ માટેનો કાર્યક્રમ નક્કી કરાશે. ભારત વર્ષ 1983 પછી પહેલીવાર આ પ્રતિષ્ઠિત IOC બેઠકની મેજબાની કરશે.

❖ **ભારત સરકારે 28 ફેબ્રુઆરી, 2022ના રોજ દેશમાં શેરબજાર અને વાયદા બજારોનું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના પ્રથમ મહિલા અધ્યક્ષપદે માધવી પુરી બુચની નિમણૂક કરી છે.**

→ માધવી પુરી બુચ ICICI સિકયોરિટીઝના પૂર્વ વડા છે અને સેબીના તેઓ પ્રથમ મહિલા ચેરપર્સન બન્યા છે. તેમણે આ મહત્વના પદે હિમાચલ પ્રદેશ કેડરના 1984ની બેચના IAS અધિકારી અજય ત્યાગીનું સ્થાન લીધું છે. માધવી પુરી બુચ સેબીના 10મા ચેરપર્સન છે. આ પદે તેમનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે.

❖ **ગુજરાતી ભાષાના સુવિખ્યાત હાસ્યસર્જક નિરંજન ત્રિવેદીનું અમદાવાદમાં 23 ફેબ્રુઆરી, 2022ની રાત્રે ટૂંકી માંદગી બાદ 84 વર્ષની વયે અવસાન થયું.**

→ 'વ્યંગાવલોકન યાને પહેલું સુખ તે જાતે હસ્યા', 'નિરખ નિરંજન', 'સરવાળે ભાગાકાર', 'કોના બાપની હોળી', 'માર ખાયે સૈયાં હમારો' સહિત તેમના 12 પુસ્તકો અત્યાર સુધીમાં પ્રગટ થયા છે. હાસ્ય પુસ્તકો બદલ સાહિત્ય અકાદમીના ચાર પારિતોષિકો તથા સાહિત્ય પરિષદ દ્વારા જ્યોતિન્દ્ર દવે પારિતોષિકથી તેમને અલંકૃત કરાયા છે. તેમનું જાણીતું પુસ્તક 'સરવાળે ભાગાકાર' દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં B.A.માં પાઠયપુસ્તક તરીકે સ્વીકૃતિ પામ્યું હતું.

❖ **ન્યૂઝીલેન્ડના ખેલાડી ડેરિલ મિશેલને તાજેતરમાં ICC સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડ, 2021નો વિજેતા જાહેર કરાયો હતો.**

→ UAEના અબુ ધાબીમાં ICC મેન્સ T20 વર્લ્ડ કપની સેમીફાઈનલમાં ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ ઈંગ્લેન્ડના મુકાબલામાં ડેરિલ મિશેલે વ્યકત કરેલી 'ખેલની ભાવના' એ તેને આ પ્રતિષ્ઠિત એવોર્ડનો વિજેતા બનાવ્યો છે. આ સાથે મિશેલ ICC સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડ પ્રાપ્ત કરનારો ન્યૂઝીલેન્ડનો ચોથો ક્રિકેટર છે.

❖ **પબ્લિક વર્કર્સ ડિપાર્ટમેન્ટ (PWD)એ ઓલિમ્પિક ચેમ્પિયનોને સન્માનિત કરવા માટે ઉત્તર દિલ્હીમાં લગભગ એક કિલોમીટર લાંબો ખંડ સમર્પિત કરવાનો નિર્ણય કર્યો છે.**

→ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક 2021માં ભારતની સફળતાની ઉજવણી કરવા માટે PWD નીરજ ચોપડા, રવિ દાહિયા, પી.વી.સિંધુ અને અન્ય ઓલિમ્પિક ચેમ્પિયનોને આ ખંડ સમર્પિત કરશે. એક કિલોમીટર લાંબા આ ભાગનું નામ ઓલિમ્પિક વિથી અથવા ઓલિમ્પિક બુલવર્ડ રાખવામાં આવશે. સ્પોર્ટસ થીમ વાળો આ ખંડ તેના પ્રકારનો પ્રથમ છે. આ ખંડની અનુમાનિત લંબાઈ 900 મીટર છે. તેને મુકુંદપુર ચોકથી મોડલ ટાઉન પાસે MCD કોલોની સુધી ફેલાયેલા રોડ નંબર 51 પર વિકસિત કરવામાં આવશે. ઓલિમ્પિક બુલવર્ડમાં એક સ્પોટર્સ લુક હશે, જેમાં નીચે મુજબના ખેલાડીઓની મૂર્તિઓ સામેલ હશે. નીરજ ચોપડા, પી.વી.સિંધુ, લવલીના બોર્ગાહીન, રવિ દાહિયા, મીરાબાઈ ચાનુ, બજરંગ પુનીયા. આ મૂર્તિની ઊંચાઈ 15 થી 20 ફૂટ હશે, જેમાં શીટ મેટલની જાડાઈ 2-3 કિ.મી. હશે.

❖ **ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)એ 2028ના લોસ એન્જેલસ ઓલિમ્પિકમાં 28 ઓલિમ્પિક ગેમ્સ અને 24 પેરાઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.**

→ અત્રે ઉલ્લેખનીય છે કે, 2028નો ઓલિમ્પિક અમેરિકાના લોસ એન્જેલસમાં અને 2024નો ઓલિમ્પિક ફ્રાન્સના પેરિસમાં યોજાશે તાજેતરમાં જ ચીનના બીજિંગમાં વિન્ટર ઓલિમ્પિકનું આયોજન કરાયું હતું. 2028ના ઓલિમ્પિકમાં સર્ફિંગ, કલાઈમ્બિંગ અને સ્કેટબોર્ડિંગને સામેલ કરાયા છે. આ રમતો ટોકયો ઓલિમ્પિકમાં રજૂ કરાઈ હતી. 2028ના ઓલિમ્પિકમાં વેઈટ લિફ્ટિંગ, બોકિસંગ અને આધુનિક પેન્ટાથલોનનો સમાવેશ કરાયો નથી.

❖ **ચીનના ઝેજિયાંગના હાંગ્જોમાં આયોજિત થનારી એશિયન ગેમ્સ 2022 (19મી આવૃત્તિ)માં કુલ 61 વિષયો સાથે 40 રમતો રમવામાં આવશે, જેમાં 11 વર્ષ બાદ ફરીથી ક્રિકેટ (T20 ફોર્મેટમાં) ને સામેલ કરાઈ છે.**

→ એશિયન ઓલિમ્પિક પરિષદ (OCA)ની મંજૂરી બાદ 2022ની એશિયન ગેમ્સમાં ઈ–સ્પોર્ટ્સ અને બ્રેકડાન્સિંગની શરૂઆત થશે. ભારત OCAના દક્ષિણ એશિયા ક્ષેત્રનું સભ્ય છે. ભારત એવા 7 દેશો પૈકીનું એક છે, જેણે એશિયન ગેમ્સની તમામ આવૃત્તિમાં ભાગ લીધો છે.

❖ **શિયાળુ ઓલિમ્પિકની 24મી આવૃત્તિ અર્થાત 2022 શીતકાલીન ઓલિમ્પિક / બીજિંગ 2022, જેને સત્તાવાર રીતે XXIV ઓલિમ્પિક શીતકાલીન ખેલ કહેવાય છે તે 4 થી 20 ફેબ્રુઆરી, 2022 સુધી ચીનના બીજિંગ નેશનલ સ્ટેડિયમમાં આયોજિત એક આંતરરાષ્ટ્રીય શિયાળુ બહુરમત આયોજન હતું.**

→ આ સાથે બીજિંગ ઉનાળુ અને શિયાળુ એમ બન્ને ઓલિમ્પિકની મેજબાની કરનારું વિશ્વનું પ્રથમ શહેર બની ગયું છે.

→ 2022 શિયાળુ બીજિંગ ઓલિમ્પિકનો સત્તાવાર મેસ્કોટ બિંગ ડ્વેન ડ્વેન છે. તે એક પાંડા છે.

→ સાત રમતોમાં 15 પ્રકારની 109 ઈવેન્ટ શિયાળુ ઓલિમ્પિકમાં યોજાઈ હતી, જેમાં 91 ટીમોનું પ્રતિનિધિત્વ કરનારા 2,871 રમતવીરોએ ભાગ લીધો હતો પુરુષો અને મહિલાઓની બિગ એર ફ્રીસ્ટાઈલ, મહિલાઓની મોનોબોબ, ફ્રીસ્ટાઈલ સ્કીઈંગ એરિયલમાં મિશ્રિત ટીમ પ્રતિયોગીતાઓ, સ્કી જમ્પિંગ અને સ્નોબોર્ડ ક્રોસ તથા શોર્ટ ટ્રેક સ્પીડ સ્કેટિંગમાં મિશ્રિત રિલે સહિત સાત નવી મેડલ ઈવેન્ટનો સમાવેશ કરાયો હતો.

→ નોંધનીય છે કે વર્ષ 2026ની વિન્ટર ઓલિમ્પિકની મેજબાની ઈટાલીના 'મિલાન' અને 'કોર્ટિનાના' શહેરોમાં યોજાશે.

→ ભારત તરફથી બીજિંગ 2022 શિયાળુ ઓલિમ્પિકમાં માત્ર એક એથ્લીટ અલ્પાઈન સ્કીયર મોહમ્મદ આરિફખાને ભાગ લીધો હતો. મોહમ્મદ આરિફ ખાન સ્લેલમ અને જોઈન્ટ સ્લેલમ બન્ને ઓલિમ્પિક માટે કવોલિફાઈ કરનારો પ્રથમ ભારતીય સ્કીયર છે. 31 વર્ષીય મોહમ્મદ આરિફખાન જમ્મુ–કાશ્મીરના બારામુલ્લા જિલ્લાનો રહેવાસી છે. તેણે 1:24:89 ના સમય સાથે વિશાળ સ્લેલમ ઈવેન્ટમાં 45મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે શીતકાલીન ઓલિમ્પિકના ઈતિહાસમાં કોઈપણ ભારતીય દ્વારા અત્યારસુધીનું સૌથી સારું પ્રદર્શન છે.

→ બીજિંગના બર્ડ્સ નેસ્ટ સ્ટેડિયમમાં બીજિંગ શિયાળુ ઓલિમ્પિક 2022ના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન રાષ્ટ્રની પરેડમાં મોહમ્મદ આરિફખાને ભારતીય ધ્વજનું વહન કર્યું હતું, જ્યારે સમાપન સમારોહમાં એક સ્વયંસેવક ધ્વજવાહક હતો, જેની સાથે ત્રણ સદ્સ્યીય ભારતીય સપોર્ટ સ્ટાફ પણ હતો.

❖ **ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF) વર્લ્ડ કપ 2022 26 ફેબ્રુઆરીથી 8 માર્ચ, 2022 દરમિયાન કૈરો, ઈજિપ્તમાં યોજાયો.**

→ કુલ સાત મેડલ સાથે, ભારતીય ટીમ ચાર ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ સાથે મેડલ ટેલીમાં ટોચ પર છે. નોર્વેએ ત્રણ ગોલ્ડ, એક સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત છ મેડલ જીત્યા અને મેડલ ટેલીમાં બીજા સ્થાને રહી. ફ્રાન્સ ત્રણ ગોલ્ડ સાથે ત્રીજા સ્થાને છે. કૈરો વર્લ્ડ કપમાં 60 દેશોના 500 થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

❖ **દેવાશિષ પાંડાની ત્રણ વર્ષની મુદત માટે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI)ના નવા ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે.**

→ ભૂતપૂર્વ સચિવ, નાણાકીય સેવાઓ વિભાગ (DFS), નિવૃત્ત IAS અધિકારી દેબાશિષ પાંડાને કેબિનેટ નિમણૂક સમિતિ દ્વારા IRDAI ના અધ્યક્ષ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

→ IRDAI એક નિયમનકારી સંસ્થા છે જે નાણા મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. આ સંસ્થા ભારતમાં વીમા અને પુનઃવીમા ક્ષેત્રોને લાઈસન્સ અને નિયમન માટે જવાબદાર છે. તેની રચના 1999 ના વીમા નિયમનકારી અને વિકાસ સત્તા અધિનિયમ હેઠળ કરવામાં આવી હતી.

❖ **ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર શેન વોર્નનું 52 વર્ષની વયે નિધન થયું છે.**

→ અહેવાલો અનુસાર, શેન વોર્નનું હાર્ટ એટેકના કારણે નિધન થયું છે. શેન વોર્ન એક ઓસ્ટ્રેલિયન ક્રિકેટર હતા, જેને ક્રિકેટ ઈતિહાસના મહાન બોલરોમાંના એક ગણવામાં આવે છે. શેન વોર્નનો જન્મ 13 સપ્ટેમ્બર, 1969ના રોજ વિક્ટોરિયામાં થયો હતો. તેણે 24 માર્ચ1993ના રોજ ન્યૂઝીલેન્ડ સામે તેની ODI ડેબ્યૂ કરી હતી. ODI ક્રિકેટમાં તેણે 194 મેચમાં 293 વિકેટ લીધી હતી. તેણે 2 જાન્યુઆરી, 1992 ના રોજ ભારત સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ટેસ્ટ ક્રિકેટમાં તેણે 145 મેચમાં રેકોર્ડ 708 વિકેટ લીધી હતી.

❖ **તાજેતરમાં ભારતીય મહિલા ક્રિકેટર ઝુલન ગોસ્વામી આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં 250 વિકેટ લેનારી વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી બની છે, જે એક વિશ્વ રેકોર્ડ છે.**

→ ICC મહિલા વિશ્વ કપ 2022 ની ઈંગ્લેન્ડ સામેની મેચમાં ઝુલન ગોસ્વામીએ તેની ODI કારકિર્દીની 250મી વિકેટ લીધી, તેણે ઈંગ્લેન્ડની ટેમી બ્યુમોન્ટને એલબીડબ્લ્યુ આઉટ કરીને આ સિદ્ધિ હાંસલ કરી.

→ ઝુલન ગોસ્વામીનો જન્મ 25 નવેમ્બર, 1983ના રોજ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં થયો હતો.

❖ **તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ખેલાડી સ્ટીવ સ્મિથ પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટમાં સૌથી ઝડપી 8000 રન પૂરા કરનાર ખેલાડી બની ગયો છે. તેને પોતાની 151મી ઈનિંગમાં આ સિદ્ધિ મેળવી હતી.**

→ 32 વર્ષીય જમણા હાથના બેટ્સમેને 152 ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવનાર કુમાર સંગાકારાને પાછળ છોડીને આ સિદ્ધિ મેળવી હતી. આ યાદીમાં ત્રીજા નંબર પર ભૂતપૂર્વ ભારતીય ખેલાડી સચિન તેંડુલકર છે.

❖ **તાજેતરમાં સરકારે માધબી પુરી બુચ (Madhabi Puri Buch) ને SEBIના નવા અધ્યક્ષ તરીકે નિયુકત કર્યા છે.**

→ માધબી પુરી બુચ SEBI ના પ્રથમ મહિલા અધ્યક્ષ છે. તેઓ SEBIના પૂર્વ અધ્યક્ષ શ્રી અજય ત્યાગીનું સ્થાન લેશે. સુશ્રી માધબી પુરી બુચ ICICI સિકયોરિટીઝના ભૂતપૂર્વ વડા હતા. તથા વર્ષ 2017 થી 2021 ની વચ્ચે તેમણે SEBIમાં પૂર્ણ સમયના સભ્ય તરીકે કામ કર્યુ છે.

→ SEBI નું પૂરું નામ 'Securities and Exchange Board of India' છે. SEBI એ 12 એપ્રિલ, 1992 ના રોજ 'સિકયોરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એકટ, 1992'ની જોગવાઈઓ અનુસાર સ્થપાયેલી વૈધાનિક સંસ્થા છે. SEBIનું મુખ્ય મથક મુંબઈમાં આવેલું છે.

❖ **મિતાલી રાજ છ વખત ICC મહિલા વર્લ્ડ કપ રમનાર પ્રથમ ખેલાડી બન્યા છે.**

→ મિતાલી રાજે સુશ્રી ડેબી હાકલે અને સુશ્રી કારલોટ અડવર્ડ્ઝનો રેકોર્ડ તોડયો છે. આ બંને ખેલાડીઓએ પાંચ વર્લ્ડ કપ રમ્યા છે. તાજેતરમાં રમાય રહેલો આ વર્લ્ડ કપ સુશ્રી ઝુલન ગૌસ્વામી અને સુશ્રી કેથરિન બ્રન્ટ માટે આ પાંચમો વર્લ્ડ કપ છે. મિતાલી રાજ 2022ના આ વર્લ્ડ કપ અગાઉ 2000, 2005, 2009, 2013 અને 2017ના મહિલા વર્લ્ડ કપમાં ભાગ લઈ ચૂકયા છે.

→ આ સાથે મિતાલી રાજે સચિન તેંડુલકર અને જાવેદ મિયાંદાદની બરાબરી કરી છે. આ બંને ખેલાડીઓ પણ છ વર્લ્ડ કપ રમી ચૂકયા છે.

❖ **ગુજરાત રાજયના પોલીસ વડા–DGP તરીકે આશિષ ભાટિયા 2 મહિનાની મુદત વધારવામાં આવી.**

→ વર્ષ 1985ની બેચના IPS અધિકારી આશિષ ભાટિયાની મુદત 31 મે, 2022 સુધી હતી. જે લંબાવી 31 જુલાઈ, 2022 કરવામાં આવી.

❖ **ઓસ્ટ્રેલિયન ઓપન સહિત ત્રણ ગ્રાન્ડ સ્લેમ જીતી ચૂકેલી ઓસ્ટ્રેલિયાની એશ્લે બાર્ટી ટેનિસ સ્ટારે નિવૃત્તિની જાહેરાત કરી.**

→ તેઓ વિમેન્સ સિંગલ્સમાં નંબર–1 નો તાજ મેળવનાર ઓસ્ટ્રેલિયાની પ્રથમ મહિલા ખેલાડી બન્યા છે. તેઓ અનેક રમતોમાં ભાગ લીધો છે. ગોલ્ફમાં પણ ટાઈટલ જીતી ચૂકયા છે.

❖ **ઝારખંડ હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ હરીશ ચંદ્ર મિશ્રાએ દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશના લોકાયુકતના રૂપમાં શપથ લીધા.**

→ દિલ્હીના ઉપરાજયપાલ અનિલ બૈજલ દ્વારા તેમને શપથ આપવામાં આવ્યા.

❖ **હરિયાણાના નવા 'મુખ્ય માહિતી કમિશનર' તરીકે વિજય વર્ધનની નિમણૂંક કરવામાં આવી.**

→ હરિયાણાના રાજયપાલ બંદારુ દત્તાત્રેય દ્વારા તેમની નિમણૂંક કરવામાં આવી.

❖ **ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુએ 'સ્વિસ ઓપન'નો ખિતાબ જીત્યો.**

→ સ્વિસ ઓપનની ફાઈનલ મુકાબલામાં પી.વી.સિંધુએ થાઈલેન્ડની બુસાનન ઓંગબામરુંગફાનને હરાવી આ ખિતાબ જીત્યો. તેઓએ પ્રથમવાર સ્વિસ ઓપન સુપર 300 નો ખિતાબ જીત્યો છે.

❖ **સંયુકત રાષ્ટ્ર (UN)ના સેક્રેટરી જનરલ એન્તાનિયો ગુટરેસે, ભારતીય અર્થશાસ્ત્રી જયતી ઘોષની સંયુકત રાષ્ટ્રના ઉચ્ચ સ્તરીય સલાહકાર બોર્ડમાં નિમણૂંક કરી છે.**

→ આ જયતી ઘોષ યુનિવર્સિટી ઓફ મેસ્સેશ્યુસેટ્સ એમહર્સ્ટમાં પ્રોફેસર તરીકે પોતાની ફરજ બજાવે છે.

❖ **અમેરિકાની ગ્લોબલ લીડર અમુવલ ટ્રેકર મોર્નિંગ કન્સલ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલ વિશ્વના લોકપ્રિય નેતાઓમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 77% રેટીંગ સાથે પ્રથમ ક્રમાંકે રહ્યા.**

→ 13 દેશના નેતાઓના જાહેર કરવામાં આવેલા રેટિંગ્સમાં નરેન્દ્ર મોદી સૌથી ટોચ પર છે. મેકિસકોના લોપેઝ ઓબ્રેડોર 63% રેટિંગ્સ સાથે બીજા સ્થાને જ્યારે ઈટાલીના મારિયા દ્રાઘી 54% રેટિંગ્સ સાથે ત્રીજા સ્થાને છે. જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન 41% રેટિંગ્સ સાથે સાતમા ક્રમે રહ્યા.

❖ **BCCIના સેક્રેટરી જય શાહનો એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ તરીકેનો કાર્યકાળ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે.**

→ તેઓ વર્ષ 2024 સુધી ACCના પ્રમુખ પદે રહેશે.

❖ **આંધ્રપ્રદેશ રાજ્યના પૂર્વ રાજ્યપાલ તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી કુમુદબેન જોષીનું 14 માર્ચ, 2022 ના રોજ લાંબી માંદગી બાદ નિધન થયું.**

→ તેમનો જન્મ 31 જાન્યુઆરી, 1934 ના રોજ અમદાવાદના કછવાડા ગામમાં થયો હતો. જ્યારે મૂળ વતન સુરત હતું. તેમની રાજકીય કારકિર્દીમાં રાજ્યસભાના સભ્ય, માહિતી પ્રસારણ મંત્રી તેમજ રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી પણ બન્યા હતા.

→ રાજીવ ગાંધી સરકારે તેમને વર્ષ 1985 થી 1990માં આંધ્રપ્રદેશ રાજ્યના રાજ્યપાલ બનાવ્યા હતા. નોંધનીય છે કે તેઓ ગુજરાતમાંથી પ્રથમ મહિલા રાજ્યપાલ બન્યા હતા.

❖ **ICC દ્વારા ફેબ્રુઆરી મહિનાના 'ICC પ્લેયર ઓફ ધ મન્થ' જાહેર કર્યા.**

→ ભારતીય ક્રિકેટર શ્રેયસ ઐયર અને ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટર અમેલિયા કર્રને ફેબ્રુઆરી મહિનાના ICC પ્લેયર ઓફ ધ મન્થ જાહેર કરવામાં આવ્યા.

❖ **એર ઈન્ડિયાના ચેરમેન તરીકે એન. ચંદ્રશેખરનની નિમણૂંક કરવામાં આવી.**

→ નોંધનીય છે કે તેઓ હાલમાં તાતા સન્સના ચેરમેન પણ છે.

❖ **આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) ના 11માં ડાયરેકટર જનરલ તરીકે 'ગિલ્બર્ટ એફ. હોંગબો' ચૂંટાયા છે.**

→ તેઓ આફ્રિકાના ટોંગો દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન છે. તેઓ ઓકટોબર, 2022 માં આ પદ સંભાળશે. આ પદ પર ચૂંટાયેલ તેઓ પ્રથમ આફ્રિકન છે.

## એવોર્ડ, પુરસ્કાર

❖ **ડો. યજ્ઞેશ દવેના કાવ્યસંગ્રહ 'ગંધમંજૂષા' ને વર્ષ 2021નો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો.**

→ સાહિત્ય અકાદમી દ્વારા 30 ડિસેમ્બર, 2021 ના રોજ 20 ભાષાઓમાં તેના વાર્ષિક સાહિત્ય અકાદમી પુરસ્કારોની ઘોષણા કરાઈ હતી અને ચાર ભાષાઓ–ગુજરાતી, મૈથિલી, મણિપુરી અને ઉર્દૂના પુરસ્કારોની જાહેરાત બાદમાં કરાશે તેવું જણાવાયું હતું. આથી તેણે 22 ફેબ્રુઆરી, 2022 ના રોજ શેષ ચાર પુરસ્કારોની ઘોષણા કરી દીધી હતી. જે નીચે મુજબ છે.

| ભાષા | શીર્ષક અને સાહિત્ય પ્રકાર | સાહિત્યકાર / રચનાકાર |
|---|---|---|
| ગુજરાતી | ગંધમંજૂષા (કાવ્યસંગ્રહ) | યજ્ઞેશ દવે |
| મૈથિલી | પંગુ (નવલકથા) | જગદીશપ્રસાદ મંડલ |
| મણિપુરી | મણિપુરિદા પુંશી વારિગી સાહિત્ય (વિવેચન) | થોકચોમ ઈબોહાન્બીસિંહ |
| ઉર્દૂ | તાઝા હવાકી તાબિશેં (કાવ્યસંગ્રહ) | ચંદ્રભાણ ખયાલ |

→ ડો. યજ્ઞેશ દવે રાજકોટના કવિ–સાહિત્યકાર છે. 27 વર્ષના સુદીર્ઘ અંતરાલ બાદ રાજકોટના કોઈ સાહિત્યકારે પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કાર જીત્યો છે. 68 વર્ષીય યજ્ઞેશ દવે ઓલ ઈન્ડિયા રેડિયો (AIR)ના નિવૃત્ત સ્ટેશન ડાયરેકટર છે. તેમને તેમના કાવ્યસંગ્રહ 'ગંધમંજૂષા' બદલ સન્માનિત કરાયા છે. તેમણે પ્રાયોગિક જીવવિજ્ઞાન (પારિસ્થિતિકી)માં Ph.D. કરેલું છે.

❖ **8 માર્ચ, 2022 ના રોજ ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે એક વિશેષ કાર્યક્રમમાં નારી શકિત પુરસ્કાર એનાયત કર્યા.**

→ આ પુરસ્કાર એનાયત કાર્યક્રમમાં કુલ 29 મહિલાઓને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

→ નારી શકિત પુરસ્કાર એ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મહિલા સશકિતકરણ માટે કામ કરતી વ્યકિતગત મહિલાઓ અથવા સંસ્થાઓને આપવામાં આવતો વાર્ષિક પુરસ્કાર છે. 1999 માં, આ પુરસ્કારો સ્ત્રી શકિત પુરસ્કારના શીર્ષક હેઠળ સ્થાપિત કરવામાં આવ્યા હતા. 2015 માં, પુરસ્કારોનું પુનર્ગઠન કરવામાં આવ્યું અને નારી શકિત પુરસ્કાર તરીકે નામ આપવામાં આવ્યું. દર વર્ષે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (8 માર્ચ) ના અવસરે, ભારતના રાષ્ટ્રપતિ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં પ્રાપ્તકર્તાઓને પુરસ્કારો આપે છે.

❖ **મિસ પોલેન્ડ કેરોલિના બિલાવસ્કાએ તાજેતરમાં પ્રખ્યાત મિસ વર્લ્ડ 2021નો ખિતાબ જીત્યો હતો.**

→ નોંધનીય છે કે આ વર્ષે મિસ વર્લ્ડ 2021 નું આયોજન પ્યુઅર્ટો રિકોમાં થયું હતું. 'મિસ વર્લ્ડ' સ્પર્ધા વિશ્વની સૌથી જૂની આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધા તરીકે જાણીતી છે.

❖ **કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી અન્નપૂર્ણા દેવીએ દેશભરના 49 શિક્ષકોને રાષ્ટ્રીય માહિતી અને સંચાર ટેકનોલોજી (ICT) પુરસ્કારો અર્પણ કર્યા.**

→ નોંધનીય છે કે નેશનલ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT) એવોર્ડ શિક્ષણ મંત્રાલય (અગાઉ માનવ સંસાધન વિકાસ મંત્રાલય) દ્વારા શાળાના શિક્ષકોને આપવામાં આવે છે.

→ આ પુરસ્કારનો હેતુ શાળાના શિક્ષકોનું સન્માન કરવાનો છે જેમણે શાળા શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો છે અને માહિતી અને સંચાર ટેકનોલોજી દ્વારા તેમના વિદ્યાર્થીઓના જીવનને સમૃદ્ધ બનાવ્યું છે.

❖ **'નોર્વેજીયન એકેડમી ઓફ સાયન્સ એન્ડ લેટર્સ' એ તાજેતરમાં વર્ષ 2022 માટે 'એબેલ પ્રાઈઝ'ની જાહેરાત કરી છે.**
→ આ વર્ષે આ એવોર્ડ અમેરિકન ગણિતશાસ્ત્રી 'ડેનિસ પાર્નેલ સુલિવાન'ને આપવામાં આવશે. આ પુરસ્કાર ડેનિસ સુલિવાનને 'ટોપોલોજી'ના બીજગણિત, ભૌમિતિક અને ગતિશીલ પાસાઓમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે આપવામાં આવી રહ્યો છે.

❖ **તાજેતરમાં નીતિ આયોગના વુમન આંત્રપ્રિન્યોરશિપ ફોરમ (WEP) દ્વારા વુમન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા એવોર્ડ્સ (WTI) ની પાંચમી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.**
→ WTI એવોર્ડ્સ 2021 દ્વારા 'સશકત ઔર સમર્થ ભારત'માં મહિલાઓના યોગદાનની ઉજવણી કરવા ખાતે 75 મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.
→ WTI એવોર્ડ્સ, નીતિ આયોગની એક વાર્ષિક પહેલ, ભારતના મહિલા નેતાઓને આપવામાં આવે છે જેઓ તેમના પ્રશંસનીય પ્રયાસો દ્વારા નોંધપાત્ર પરિવર્તન લાવે છે. આ પુરસ્કારો વર્ષ 2018 થી નીતિ આયોગના મહિલા સાહસિકતા પ્લેટફોર્મ (WEP) ના નેજા હેઠળ ઉદ્યોગસાહસિકતા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને હોસ્ટ કરવામાં આવ્યા છે.

❖ **ઓસ્કાર એવોર્ડ–2022**
→ અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત લોસ એન્જલસના ડોલ્બી થિયેટરમાં વર્ષ 2022 માટે ઓસ્કાર એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન થયું હતું. વિલ સ્મિથને 'કિંગ રિચાર્ડ' ફિલ્મ માટે અને જેસિક ચેસ્ટનને 'The Eyes of Tammy Faye' ફિલ્મ માટે બેસ્ટ એકટર્સના પુરસ્કાર મળ્યા હતા. જ્યારે સ્ટેન્ડિંગ ઓવેશન વચ્ચે 'કોડા' ફિલ્મને બેસ્ટ ફિલ્મ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. બેસ્ટ ડોકયુમેન્ટરી ફિચરની કેટેગરીમાં 'ધ સમર ઓફ સોલ'ને ઓસ્કાર એવોર્ડ મળ્યો. હુમા કુરેશીની આર્મી ઓફ ધ ડેડને 'ફેન્સ ચોઈસ એવોર્ડ' મળ્યો હતો. આ વર્ષે જેમ કેમ્પિયનની ફિલ્મ પાવર ઓફ ધ ડોગ ફિલ્મને સૌથી વધારે નોમિનેશન મળ્યા હતા. જો કે ડયૂક ફિલ્મને સૌથી વધારે છ ઓસ્કાર એવોર્ડ મળ્યા હતા.
→ ભારતીય ફિલ્મ 'રાઈટિંગ વિથ ધ ફાયર'ને પણ આ શ્રેણીમાં નોમિનેશન મળ્યું હતું. પરંતુ તે ફિલ્મ એવોર્ડ જીતવામાં નિષ્ફળ રહી હતી.
→ ઓસ્કાર એવોર્ડ–2022 સમારોહમાં 'ટાઈમ 100 ઈમ્પેકટ એવોર્ડ' થી દિપીકા પાદુકોણને સન્માનિત કરવામાં આવી.

❖ **ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુએ BBC ઈન્ડિયન સ્પોર્ટસ વુમન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો છે.**
→ જ્યારે વેઈલિફ્ટર કર્ણામ મલ્લેશ્વરીને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા છે. ભારતીય વીમેન્સ ક્રિકેટ ટીમની શેફાલી વર્માને ઈમર્જિંગ પ્લેયરના એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે.

❖ **ભારતીય નૌકાદળની તાલીમી સંસ્થા INS વાલસુરાને પ્રેસિડેન્ટ્સ કલર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.**
→ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જામનગરના વાલસુરા સ્થિત તાલીમી સંસ્થા INS વાલસુરાને રાષ્ટ્રપતિના હસ્તે પ્રેસિડેન્ટ કલર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. ભારતીય નેવીની 24 ટુકડીઓ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું.
→ પ્રેસિડેન્ટ કલર એવોર્ડ એ શાંતિ અને યુદ્ધ બંનેમાં રાષ્ટ્રને આપેલી અસાધારણ સેવાની માન્યતામાં લશ્કરી એકમને રાષ્ટ્રપતિનું નિશાન આપવામાં આવે છે.
→ ભારતીય નૌકાદળ એ પ્રથમ ભારતીય સશસ્ત્ર દળ હતું જેને 27 મે 1951 ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા 'પ્રેસિડેન્ટસ કલર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

❖ **ચેસ રમતના પ્રતિષ્ઠિત 44 માં વર્લ્ડ ઓલિમ્પિયાડની યજમાની ભારતના ચેન્નઈ શહેરને આપવામાં આવી.**
→ નોંધનીય છે કે આ યજમાની રશિયા પાસે હતી પરંતુ યુક્રેન પરના હુમલા બાદ આ યજમાની ભારતને સોંપી છે. આ ચેસ ટુર્નામેન્ટનું આયોજન દર બે ર્ષે થાય છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય જળશકિત મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે વિવિધ કેટેગરીમાં 'ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા.**
→ આ પુરસ્કારને અલગ અલગ શ્રેણીમાં વહેંચવામાં આવે છે. શ્રેષ્ઠ રાજયની શ્રેણીમાં ઉત્તર પ્રદેશ પ્રથમ સ્થાને, જ્યારે બીજા ક્રમે રાજસ્થાન અને ત્રીજા ક્રમે તમિલનાડુ રાજય રહ્યું હતું.
→ જિલ્લા પુરસ્કારની શ્રેણીમાં ઉત્તર પ્રદેશના મુજફફરનગર જિલ્લાને સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મળ્યો છે. ઉત્તર ક્ષેત્રમાં પંજાબના શહિદ ભગત સિંહ નગરને સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મળ્યો છે. દક્ષિણ ક્ષેત્રમાં તિરુવનંતપુરમને સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મળ્યો. પશ્ચિમ ક્ષેત્રમાં ઈન્દોરને સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મળ્યો. ઉત્તર પૂર્વ ક્ષેત્રમાં ગોલપારા અને સિયાંગને સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મળ્યો. વેસ્ટ ઝોનમાં વડોદરાએ સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પુરસ્કાર મેળવ્યો.

❖ **સ્ટોક હોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટયૂટ (SIWI) દ્વારા 'સ્ટોક હોમ વોટર પ્રાઈઝ–2022' થી પ્રોફેસર વિલ્ફ્રેડ બુટસેર્ટને સન્માનિત કરવામાં આવ્યા.**
→ આ પુરસ્કાર તેમને પર્યાવરણીય બાષ્પીભવનના મૂલ્યાંકનના કાર્ય માટે એનાયત કરવામાં આવ્યું છે.

## મહત્વના દિવસો

- **1 માર્ચ, 2022 : વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ**
- **1 માર્ચ, 2022 : શૂન્ય ભેદભાવ દિવસ**
- **3 માર્ચ, 2022 : વિશ્વ વન્યજીવ દિવસ**
  – થીમ : Recovering Key Species for Ecosystem Restoration
- **3 માર્ચ, 2022 : વિશ્વ શ્રવણ દિવસ**
- **4 માર્ચ, 2022 : રાષ્ટ્રીય સુરક્ષા દિવસ**
- **7 માર્ચ, 2022 : જન ઔષધિ દિવસ**

- **8 માર્ચ, 2022 : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**
  – થીમ : Breaking the Bias
  – ભારતમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની થીમ "Gender Equality Today for a Sustainable Tomorrow" રાખવામાં આવી છે.
- **9 માર્ચ, 2022 : No Smoking Day**
  – માર્ચ મહિનાના બીજા બુધવારે નેશનલ નો સ્મોકિંગ દિવસ મનાવવામાં આવે છે.
- **10 માર્ચ, 2022 : આંતરરાષ્ટ્રીય મહિલા ન્યાયાધીશ દિવસ**
- **10 માર્ચ, 2022 : વિશ્વ કિડની દિવસ**
  – થીમ : 'કિડની હેલ્થ ફોર ઓલ' (દરેક માટે કિડનીનું સ્વાસ્થ્ય મહત્વ)
  – નોંધનીય છે કે દર વર્ષે માર્ચના બીજા ગુરુવારે આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- **12 માર્ચ, 2022 : World Day Against Cyber Censorship**
- **14 માર્ચ, 2022 : આંતરરાષ્ટ્રીય પાઈ દિવસ**
  – થીમ : 'Mathematics Unites'
- **15 માર્ચ, 2022 : આંતરરાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ (World Consumer Rights Day)**
  – થીમ : 'Fair Digital Finance'
- **16 માર્ચ, 2022 : રાષ્ટ્રીય રસીકરણ દિવસ**
  – થીમ : 'વેકસીન વર્ક ફોર ઓલ'
- **20 માર્ચ, 2022 : ઈન્ટરનેશનલ ડે ઓફ હેપીનેસ**
  – થીમ : "Keep Calm, Stay Wise and Be Kind."
- **20 માર્ચ, 2022 : વિશ્વ ચકલી દિવસ**
  – થીમ : 'I Love Sparrows'
- **21 માર્ચ, 2022 : વિશ્વ કવિતા દિવસ (World Poetry Day)**
- **21 માર્ચ, 2022 : આંતરરાષ્ટ્રીય વન દિવસ (World Forestry Day)**
  – થીમ : Forests and Sustainable Production and Consumption
- **21 માર્ચ, 2022 : વંશીય ભેદભાવ નાબૂદી માટેનો આતંરરાષ્ટ્રીય દિવસ**
  – થીમ : "વોઈસ ફોર એકશન અગેઈન્સ્ટ રેસીઝમ" (VOICE FOR ACTION AGAINST RACISM)
- **21 માર્ચ, 2022 : વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ**
- **22 માર્ચ, 2022 : વિશ્વ જળ દિવસ**
  – થીમ : Ground water, Making the Invisible Visible (ભૂગર્ભજળ : અદ્રશ્યને દ્રશ્યમાન બનાવવું)
- **23 માર્ચ, 2022 : વિશ્વ મેથ્સ દિવસ**
- **23 માર્ચ, 2022 : શહીદ દિવસ**
- **23 માર્ચ, 2022 : વિશ્વ હવામાન દિવસ**
- **24 માર્ચ, 2022 : વિશ્વ ટીબી દિવસ (વિશ્વ ક્ષય રોગ દિવસ)**
  – થીમ : "Invest to end TB. Save Lives"
- **26 માર્ચ, 2022 : 'અર્થ અવર ડે'**
  – માર્ચ મહિનાના છેલ્લા શનિવારે 'અર્થ અવર દિવસ' મનાવવામાં આવે છે. આ વર્ષે માર્ચ મહિનાનો છેલ્લો શનિવાર 26 માર્ચના રોજ હતો.
  – થીમ : "Shape our Future"
  – આ દિવસે વિવિધ દેશોના શહેરોમાં રાત્રે 8:30 થી 9:30 વાગ્યા સુધી લાઈટ બંધ રાખે છે. જે એકજૂથતાનો સંદેશ આપે છે. વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર (WWF) દ્વારા આ દિવસ મનાવવામાં આવે છે.
- **27 માર્ચ, 2022 : વર્લ્ડ થિયેટર ડે (વિશ્વ રંગભૂમિ દિવસ)**
  – આ દિવસની શરૂઆત 1961માં ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટિટયૂટ (ITI), જે પર્ફોર્મિંગ આર્ટસ માટેની વૈશ્વિક સંસ્થા છે, દ્વારા કરવામાં આવી હતી.

Banking Academy